'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

# ગ્રીક ભારત -ચિંતનાત્મક ઐક્ય

સસ્તું સાહીત્ય

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય**

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

# ગ્રીક-ભારત ચિંતનાત્મક ઐક્ય

[સોક્રેટીસ પૂર્વેનું ગ્રીક તત્ત્વચિંતન અને ભારતીયતા]


લેખક :

ત્ર્યંબકલાલ ઉમેદચંદ મહેતા (ટી. યુ. મહેતા)



ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨


કિંમત : રૂ. ૧૫


Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત ૨૦૬૩ આવૃત્તિ ૧ ઈ.સ. ૨૦૦૬

© સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

૧૫૦૦ - ૩ - '૦૬

**પ્રકાશક :** આનંદ અમીન, સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ, ભદ્ર, અમદાવાદ

**મુદ્રક :** ભાર્ગવી પ્રિન્ટર્સ, અમદાવાદ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# અર્પણ

*ઈ. પૂર્વેની ચોથી થી છઠ્ઠી શતાબ્દીના*
*ભારતીય તથા*
*ગ્રીક તત્ત્વ ચિંતકોને.*

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## લેખક પરિચય...

આ પુસ્તિકાના વિવેચક શ્રી ત્ર્યંબકલાલ ઉ. મહેતા (ઉ.વ.૮૮ વર્ષ) હિમાચલ હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ છે અને પોતાની નિવૃત્તિ બાદ ગુજરાતના જાહેર પ્રશ્નોમાં સક્રિય રસ લે છે. નિવૃત્તિ બાદ તેમની મુખ્ય પ્રવૃત્તિ વાચન-લેખનની રહેલ છે. હાલ તેઓ મુનિશ્રી સંતબાલજીએ પંચાવન વરસ પહેલાં સ્થાપેલ ભા. ન. પ્રા. સંઘના પ્રમુખ છે. તેઓ મુનિશ્રી સંતબાલજીએ શરૂ કરેલ "વિશ્વવાત્સલ્ય" માસિકના સંપાદક મંડળના સભ્ય છે અને વિશ્વમાં પ્રચલિત ધર્મોના તેમજ ખાસ કરીને જૈનદર્શનના અભ્યાસી છે. આ પુસ્તિકા ઉપરાંત તેમની રચનાઓ નીચે મુજબ છે :

૧. પાથ ઓફ અર્હત્ (અંગ્રેજીમાં)
જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાંતોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજૂતી.

૨. સંતબાલ - એ સેઈન્ટ વીથ આ ડિફરન્સ (અંગ્રેજી)
મુનિશ્રી સંતબાલજીનું જીવન તથા પ્રેરક પ્રસંગો.

૩. સંતબાલ, એક અનોખી માટીના સંત -
ઉપરના પુસ્તકનો ગુજરાતી અનુવાદ - અનુવાદક શ્રી મગનભાઈ પટેલ.

૪. આનંદઘન સ્તવનો (ગુજરાતી) -
અવધૂત શ્રી આનંદઘનજીએ બાવીસ તીર્થંકર ઉપર રચેલ સ્તવનોનું વિવેચન.

૫. ઉત્તરાધ્યયન - સાર -
ભગવાન મહાવીરે આપેલ અંતિમ ઉપદેશની ગાથાઓ અંગેનું વિવેચન.

૬. જૈનદર્શનની રૂપરેખા -
જૈનદર્શનના દરેક પાયાના સિદ્ધાંતોની સાદી સમજ.

૭. વોટ ઈઝ જૈનીઝમ(અંગ્રેજી) -
પ્રશ્નોત્તરી રૂપે જૈન સિદ્ધાંતોની અંગ્રેજી ભાષામાં સમજ.

૮. બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ (અંગ્રેજી)
આ કાનૂનની અંગ્રેજીમાં કાનૂની દૃષ્ટિએ વકીલો તથા કોર્ટોને ઉપયોગી ટીકા.

૯. ઈસ્લામનું રહસ્ય સૂફીઝમ (ગુજરાતી)

૧૦. વંદિતુ પ્રતિક્રમણ-સૂત્ર - મુનિશ્રી સંતબાલજીનું પદ્યાંતર - તેની સમજૂતી.

૧૧. સામાયિક સૂત્ર.

૧૨. ગુજરાતની અસ્મિતા
(આદિકાળથી શરૂ કરી મરાઠાકાળ સુધીનો ગુજરાતનો ઈતિહાસ)

૧૩. જીવન વ્યવહારની સાહજિકતા અનેકાન્ત દૃષ્ટિ.

૧૪. મોક્ષ માર્ગના પગથિયા
શ્રીમદ્ રાજચંદ્રજીના કાવ્ય "અપૂર્વ અવસર"નું વિવેચન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# નિવેદન

સામાન્યપણે આપણા ધર્મવારસાનો પરિચય કરાવતી સામગ્રી સર્વસુલભ રહે એ જોવાની સસ્તું સાહિત્યની પ્રણાલિકા રહી છે. તદુપરાંત, વખતોવખત પૂરું પાડવાની સંસ્થાની કોશિશ રહી છે. આ સંદર્ભમાં સોક્રેટીસ પૂર્વેના ગ્રીક તત્ત્વચિંતન અને ભારતીય તત્ત્વચિંતનને અનુલક્ષીને હિમાચલ હાઈકોર્ટના નિવૃત્ત વડા ન્યાયમૂર્તિ મુ. ત્ર્યંબકલાલ ઉમેદચંદ મહેતા (ટી. યુ. મહેતા)ની કલમે થયેલું નિરૂપણ રજૂ કરતાં આનંદ થાય છે. સોક્રેટીસ, પ્લેટો અને એરિસ્ટોટલના ભારતીય ચિંતન પરિચયનો અને તેની અસરોનો એમણે આપેલો ખ્યાલ બે જુદી જણાતી ધારાઓ વચ્ચેનું સામ્ય ચીંધવા સાથે આપણા સમયમાં એમની સવિશેષ નિકટતાની સંભાવના દર્શાવનારો પણ છે. આશા છે કે લોકસંગ્રહી વલણો ધરાવતા વિદ્વાન લેખકની આ માંડણી જિજ્ઞાસુ વાચકોને સારુ ઉપયોગી થઈ પડશે.

૧-૩-૨૦૦૬

આનંદ ન. અમીન
પ્રમુખ, સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રસ્તાવના...

જીવનની સમસ્યાઓ અને તેનો ઉકેલ

જીવન સૃષ્ટિનું સર્વોત્કૃષ્ટ સર્જન મનુષ્યનું જીવન છે પરંતુ આ જીવન સમસ્યાઓથી ભરપૂર છે. માણસ જ્યારથી વિચારતો થયો ત્યારથી જ જીવન સંઘર્ષને પરિણામે તે ચિંતનની દિશામાં આગળ વધતો જ ગયો.

આપણી આસપાસ સંસારની જે અનેકવિધ ઘટમાળ વર્તાય છે તે તમામ અહેતુક કે આકસ્મિક છે કે તેની પાછળ કોઈ એક વ્યવસ્થિત તંત્ર કામ કરી રહેલ છે ? તેવું કોઈ તંત્ર કામ કરી રહેલ હોય તો તેનું સંચાલન કયા ધોરણે અને કોણ કરી રહેલ છે ? આ પ્રશ્નોનો ઉકેલ શોધવાના પ્રયત્નો દરેક કાળમાં અને દરેક સ્થળે ચિંતનશીલ મનુષ્યોએ કર્યા અને ચિંતનની આ પ્રક્રિયામાં વિવિધ પ્રકારના ખુલાસાઓ મેળવ્યા, તેનો ઈતિહાસ ઘણો જ રસપ્રદ તેમજ બોધદાયક છે. આ પુસ્તકમાં તે ઈતિહાસનું ફક્ત એક પૃષ્ઠ જ છે. પરંતુ તે પૃષ્ઠ આદી માનવ સમાજનું નથી. આ એવા માનવસમાજનું ચિત્ર છે કે જેણે ચિંતનના ક્ષેત્રે સારી પ્રગતિ કરેલ. ઈ. પૂર્વેની છઠ્ઠી સદી માનવ જીવનના ઈતિહાસમાં અતિ અગત્યની છે કારણ કે ત્યારે વિશ્વનાં વિવિધ સ્થળોએ બુદ્ધિ પ્રતિભા અને સદ્ વિચારોનો આવિર્ભાવ થવા લાગ્યો હતો.

આદિ વિચારક થેલ્સ (ઈ. પૂ. ૬૨૪થી ઈ. પૂ. ૫૪૦) થી શરૂ કરી પરમાણુવાદના પુરસકર્તા લ્યુસીપસ તથા ડેમોક્રીટસ (ઈ.પૂ. ૪૬૦ થી ઈ. પૂ. ૩૭૦) સુધીના લગભગ ૨૫૦ વર્ષના ગાળામાં ભૂમધ્ય સમુદ્રના પૂર્વ તરફના સમુદ્રકાંઠે જે વિચારકો થયા તેમના વિચારોની ચર્ચા અતિ સંક્ષિપ્તમાં અહીં કરવામાં આવી છે. આ વિચારો અંગેનું સાહિત્ય મને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતમાં ઉપલબ્ધ થયું નહીં પરંતુ અમેરિકા ખાતે મારા થતા અવાર નવારના પ્રવાસો દરમ્યાન ત્યાંના પુસ્તકાલયોમાંથી જે સાહિત્ય મેળવી શક્યો તે ઉપરથી આ ચિંતકોની ચિંતન પ્રવૃત્તિનો લાભ મેળવી શક્યો તે જે ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઈ. પૂર્વેની છઠ્ઠી અને સાતમી શતાબ્દી દરમ્યાન ભારત સહિત વિશ્વના તમામ ચિંતકોનાં તારણો મહદ્અંશે સમાન જ હોવા છતાં એક અતિ અગત્યની બાબતમાં ભિન્નતા હતી તે એ મુજબ હતી કે જ્યારે આ પાશ્ચાત્ય ચિંતકો વિશ્વ રચનાના અન્વેષણમાં તેના ભૌતિક પદાર્થો તથા આવિર્ભાવો સુધી જ નજર દોડાવી શક્યા, ત્યારે ભારતના ચિંતકો તેના આધિભૌતિક કારણોની શોધમાં પડ્યા. આ પરિસ્થિતિનો એકજ અપવાદ નજરે ચડે છે જે પાયથાગોરસનો છે. તેણે આપણા ભૌતિક અસ્તિત્વ પરથી ઉપર ઊઠીને જીવનના આધિભૌતિક તત્ત્વોનો સ્વીકાર કર્યો તેટલું જ નહીં પરંતુ તે તત્ત્વોને ચાલુ વ્યવસાયમાં મૂકવાનો પ્રયત્ન પણ કર્યો.

"યુસેબીઅસ" (Eusebius) નામના લેખક એક એવા પ્રસંગનો ઉલ્લેખ કરે છે કે સોક્રેટીસ સાથે ચર્ચા કરવા અમુક ભારતીય વિદ્વાનો એથેન્સ ગએલા ત્યારે તેઓએ સોક્રેટીસને તેમની ફીલસુફીનો હેતુ શું છે તે સમજાવવા કહેલ. જવાબમાં સોક્રેટીસે જ્યારે એમ કહ્યું કે તેમનો હેતુ "માનવ વ્યવહારના સંશોધનનો" હતો, ત્યારે એક ભારતીય વિદ્વાન હસી પડ્યા અને પૂછ્યું કે "આધિભૌતિક શક્તિ"ને જાણ્યા સિવાય મનુષ્યના વ્યવહારને કેવી રીતે જાણી શકાય ? વૈશ્વિક તંત્રને સમજવા માટે પૂર્વ અને પશ્ચિમના વિદ્વાનો વચ્ચે જે વિચાર-ભિન્નતા હતી તે આ સંવાદમાં સ્પષ્ટરીતે ઊડી આવે છે.

ઉપરોક્ત ભિન્નતા બાદ કરતાં આ ગ્રીક ચિંતકોમાં ભારતીય ચિંતન સાથે જે સામ્યતા હતી તેનું મુખ્ય કારણ તો એ હતું કે તેઓ તત્કાલિન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભારતીયોના સંપર્કમાં વ્યાપારી તેમજ સાંસ્કૃતિક વ્યવહારો દ્વારા રહેતા હતા. ગ્રીક ઈતિહાસ લેખક હીરોડોટસ (Herodotus) (ઈ. પૂ. ૪૮૪) પોતાની વિસ્તૃત યાત્રાની નોંધમાં લખે છે કે "ભારતીયોની એક ધાર્મિક શાખા જીવંત વસ્તુઓના ખોરાકનો ત્યાગ કરતી હતી અને ફક્ત અનાજનો જ ઉપયોગ કરતી હતી" સ્પષ્ટ છે કે આ ઉલ્લેખ જૈનો અને તે સમયના બૌદ્ધોને અનુલક્ષીને છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર ચિંતન સાહિત્યના લેખક "વિલડ્યુરો" (Will Durant) તેમના પુસ્તક "Our Oriental Heritage" (આપણે પૌર્ચાત્ય વારસો)માં જણાવે છે કે "(ભારતના) અમુક ઉપનિષદો ગ્રીક તત્ત્વજ્ઞાનના કોઈપણ ક્ષેત્ર કરતાં જૂના સમયના છે અને પાયથાગોરસ, પરમેનિડીસ તેમજ પ્લેટો ભારતીય તત્વજ્ઞાનથી પ્રભાવિત થયા હતા."

(સંદર્ભઃ- વોલ્યુમ ૧૧ પા. ૫૩૩)

પાયથાગોરસ બાદના તત્ત્વજ્ઞો પાર્મેનિડીસ તથા એમ્પીડોકલીસ ઉપર પાયથાગોરસના વિચારોની અસર સારી રીતે હતી, પરંતુ જીવનના આધિભૌતિક લક્ષણો તેઓ સ્પષ્ટ રીતે જોઈ શક્યા નહીં. એમ્પીડોક્લીસ તો લગભગ તમામ વિષયોમાં જૈન સિદ્ધાંતોનીજ ચર્ચા કરતા હોય તેવું જણાય છે.

આ પરિસ્થિતિનું પરિણામ એ આવ્યું કે ભારતીય ચિંતકો રહસ્યવાદ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે જે પ્રગતિ કરી શકયા તે પ્રગતિનો મોટા ભાગે અભાવ પશ્ચિમની સંસ્કૃતિમાં રહ્યો, જયારે પદાર્થ વિજ્ઞાનના ભૌતિક ક્ષેત્રે પશ્ચિમે જે પ્રગતિ કરી તે પ્રગતિ ભારતની સંસ્કૃતિમાં તદ્દન સીમિત રહી.

આ પરિસ્થિતિનો બીજો અતિ અગત્યનો તફાવત એ થયો કે આ વિશ્વના કર્તા અને વિધાતા તરીકે ઈશ્વર નામની કોઈ બાહ્ય સત્તાના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અસ્તિત્વ અંગે પશ્ચિમની સંસ્કૃતિએ કોઈ અસરકારક સવાલો ઉઠાવ્યા નહીં અને વિશ્વની તથા તેમાંના જીવન વ્યવહારની વિવિધતા બાબતના ખુલાસાઓ મેળવવા આવી બાહ્ય સત્તાના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં તેમને ઘણી સરળતા રહી. જ્યારે ભારતીય ક્ષેત્રે એક એવા વર્ગની પ્રધાનતા રહી કે જેણે વૈશ્વિક વૈવિધ્યના ખુલાસાઓ તર્કની મદદથી તથા આત્મિક પ્રેરણાની મદદથી મેળવ્યા.

આત્માનું અસ્તિત્વ અને તેનું સામર્થ્ય, કર્મ તથા કર્મફળ, પુર્નજન્મ, પાપ, પુણ્ય, હિંસા, અહિંસા વગેરેના ખ્યાલો ઝીણવટ ભરેલ રીતે ભારતમાં વિકાસ પામ્યા. પરંતુ પશ્ચિમનું ચિંતન મુખ્યત્વે જુદી દિશાએ જ ભૌતિકક્ષેત્રે વિકાસ પામ્યું.

સરવાળે હવે પશ્ચિમના આઈન્સ્ટાઈન અને તેમની પછીના હાઈઝેનબર્ગ વગેરે વિજ્ઞાનીઓ જે નિષ્કર્ષ ઉપર આવ્યા છે તે ભારતીય તર્કશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાનની ઘણી જ નજીક છે અને ભવિષ્યના ટૂંક સમયમાં જ વિશ્વ રચનાના રહસ્ય બાબત બંને ક્ષેત્રો સમાન નિષ્કર્ષ ઉપર આવશે તેવી આશા નિરાધાર નથી.

અમદાવાદ તા. ૧૫-૧-૨૦૦૬ ત્ર્યંબકલાલ ઉ. મહેતા
"સિદ્ધાર્થ", ૩, દાદા રોકડનાથ સો.
નારાયણનગર - પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૬૦૮૮૧૬

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


- **સોક્રેટીસ પૂર્વેનું ગ્રીક તત્ત્વચિંતન અને ભારતીયતા** ૧૩
  - ઈ. પૂ. છઠ્ઠી સદીનો ગ્રીક - ભારતીય સંબંધ ૧૩
  - "ઑર્ફીઝમ અને ભારતીય વિચારસરણીનું સામ્ય ૧૫
  - પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનની વિકાસ-ભિન્નતા ૧૭
  - માયલેશીઅન વિચારધારા ૧૯
  - ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીની ભારતીય વિચારક્રાન્તિ ૨૦
  - માયલેશીઅન ચિંતકોનું પ્રેરકબળ ૨૨
- **થેલીસ** ૨૪
- **એનેકઝીમેન્ડર : ગ્રીક તત્ત્વજ્ઞાનના પ્રથમ પ્રણેતા** ૨૮
  - સૃષ્ટિનું "અસીમ" તત્ત્વ ૨૮
  - અસીમ તત્ત્વ ભૌતિક હોઈ શકે ? ૩૦
  - અસીમ તત્ત્વની ગતિશીલતાનું પ્રેરકબળ શું ? ૩૨
  - ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત તથા બીજી લબ્ધિઓ ૩૩
- **એનેક્સી મીનીસ** ૩૫
- **પાયથાગોરસ** ૩૮
  - સામોસથી ક્રોપ્સ ૩૮
  - ભારતીય અસર ૩૮
  - દાર્શનિક જીવન ૪૧
  - આશ્રમનું ધર્મદષ્ટિએ સહજીવન ૪૩
  - કર્માનુસાર પુનર્જન્મ ૪૫


Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

— આત્મ વિકાસનું લક્ષ્ય ૪૬
— વિશ્વની સાંખ્યમય રચના ૪૮
● **હેરક્લિટસ** **૫૧**
— એક રાજવંશી તત્ત્વજ્ઞ ૫૧
— બ્રહ્માંડની પરિવર્તનશીલતા ૫૩
— સૃષ્ટિનું મૂળતત્ત્વ અગ્નિ ૫૬
— ઘર્ષણની અનિવાર્યતા ૫૭
● **ઝેનોફેનીસ** **૫૯**
● **પાર્મેનિડીસ** **૬૧**
— ગ્રીક તત્ત્વજ્ઞોની શોધભૂમિકા ૬૧
— પાર્મેનિડીસનો અદ્વૈતવાદ ૬૩
— તેમના અદ્વૈતની અસ્પષ્ટતા ૬૬
— પાર્મેનિડીસના બે માર્ગોનો વિચાર અને જૈન તત્ત્વજ્ઞાન ૬૭
● **એમ્પીડોક્લીસ** **૬૯**
— તેમનું વ્યક્તિત્વ ૬૯
— તેમનું દ્વૈત અને જૈન સિદ્ધાંત ૭૦
— તેમનો પુનર્જન્મનો સિદ્ધાંત ૭૨
— વિશ્વના કાલપ્રવાહો અને લેશ્યાના સિદ્ધાંતો ૭૫
— તેમનું વૈજ્ઞાનિકક્ષેત્રે પ્રદાન ૭૫
● **એનેક્ઝેગોરસ** **૭૭**
— તેમનું વ્યક્તિત્વ ૭૭
— તેમનો બહુતત્ત્વવાદ ૭૮
● **લ્યુસીપસ અને ડીમોક્રીટસ** **૮૨**
— પરમાણુબાદ ૮૨
● **ઉપસંહાર** **૮૭**


Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સોક્રેટીસ પૂર્વેનું ગ્રીક તત્ત્વચિંતન અને ભારતીયતા

## ઈ. પૂ. છઠ્ઠી સદીનો ગ્રીક ભારતીય સંબંધ :

માનવ સંસ્કૃતિના ઈતિહાસમાં ઈ. પૂ.ની છઠ્ઠી શતાબ્દીમાં વિવિધ ક્ષેત્રોમાં વૈચારિક અને સામાજિક ક્રાંતિ થઈ. ચીનમાં લાઓત્સે અને કન્ફ્યુસીઅસ થયા. ભારતમાં મહાવીર અને બુદ્ધ થયા. મધ્ય-પૂર્વમાં જરથ્રોસ્ટ્ર થયા અને ભૂ-મધ્ય સમુદ્ર (મેડીટરેનીઅન સમુદ્ર)ના પૂર્વ કિનારાના પ્રદેશો - ક્રીટ, ગ્રીસ અને એશીઆ-માઈનોર, સાઈપ્રસ અને દક્ષિણ ઈટાલીના પ્રદેશોમાં ઓર્ફિક તત્ત્વજ્ઞો થયા જે તમામ એકબીજાની વિચારસરણીથી પ્રભાવિત થયા.

પશ્ચિમના પ્રદેશોમાં તત્ત્વજ્ઞાનનો જે વિકાસ થયો તેનો પ્રારંભકાળ સોક્રેટીસના સમયથી (ઈ. પૂ. ૪૬૯ - ૩૯૯) ગણાય છે પરંતુ સોક્રેટીસ પૂર્વે છઠ્ઠી શતાબ્દીમાં થયેલ ચિંતકોએ પ્રાકૃતિક પ્રક્રિયાઓની સાથે સંકળાયેલી માનવી સમસ્યાઓનો ઉકેલ શોધવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. ભારતમાં તો આ પ્રયાસો આ પહેલાં સેંકડો વરસોથી શરૂઆતના વેદ-કાળથી અને ત્યારબાદના ઉપનિષદ્ કાળથી શરૂ થઈ ગયા હતા.

જર્મન પ્રૉ. ઝીમર તેમના પુસ્તક "Philosophies of India"માં જણાવે છે તે મુજબ :

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

"Twenty-fourth Tirthankar Mahavir was roughly a Contemporary of Thales and Anaxagoras, the earliest of standard line of greek philosophers; and yet the subtle, complex thorough - going analysis and the classification of the features of nature which Mahavir's thinking took for granted, and upon which it played, was already centuries old. xxxx The world was already old, very wise and very learned, when the speculations of the Greeks produced the texts that are studied in our universities as the first chapter of philosophy. (P. 278)

"ચોવીસમા તીર્થંકર મહાવીર થેલીસ અને અનેક્સાગોરસ જે ગ્રીક ફિલસૂફોના (સોક્રેટીસ પહેલાંના) અગ્રણીઓ ગણાય છે, તેમના સમયમાં જ લગભગ થયા. પરંતુ મહાવીરે કુદરતના પરિબળોનું અન્વેષણ તેમજ વર્ગીકરણ જે સુક્ષ્મતાથી કરેલ અને જેની નિષ્પત્તિનું અમલીકરણ કરેલ તે સૈકાઓ જૂની વાત હતી.x x x x x x x x x

x x આ રીતે ગ્રીકોની તાર્કિક પ્રવૃત્તિઓનું સાહિત્ય જે આપણી યુનિવર્સિટીઓમાં તર્કશાસ્ત્રના પ્રથમ પગથિયા તરીકે ગણાય છે તે સાહિત્ય ઉપલબ્ધ થયું તે પહેલાં દુનિયા તેના ડહાપણમાં અને વિદ્વત્તામાં ઘણી આગળ વધી ગયેલી હતી."

ઈતિહાસકારોનો મોટો વર્ગ એવી માન્યતા ધરાવે છે કે જે આર્યો ભારતમાં આવ્યા, તથા જે આર્યો પશ્ચિમમાં યુરોપ તરફ ગયા અને ગ્રીક તેમજ રોમન સંસ્કૃતિનો વિકાસ કર્યો, તેઓ એક જ નૃવંશીય જાતીના હોવાથી તેમની વચ્ચે ભાષા તથા સંસ્કૃતિનું ઘણું સામ્ય હતું અને તેથીજ ગ્રીક સંસ્કૃતિ તથા વૈદિક સંસ્કૃતિના દ્યોતક હોમેરીક અને મહાભારતના મહાકાવ્યો વચ્ચે વિવિધ પ્રકારનાં ઘણાં સામ્યો છે. ગ્રીકોની હેલેનીક સંસ્કૃતિની પેદાશ હોમરથી થઈ. "હોમર" કોઈ એક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિનું નામ નથી પરંતુ ગ્રીક કવિઓની પરંપરાનું નામ છે તેમ અમુક વિદ્વાનોની માન્યતા છે. એક માન્યતા મુજબ "હોમર" "ઈલીઆડ" અને "ઓડીસી"નાં મહાકાવ્યોની સંપૂર્ણ રચનાને બસો વરસો લાગેલ. આથી એમ જરૂર કહી શકાય કે ભારતીય અને ગ્રીક સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ ઈ. પૂ. સાતમીથી છઠ્ઠી સદી સુધીનો તો હશે જ.

આમ છતાં ઈતિહાસને પાને તો ઈ. પૂ. ૫૧૦માં ભારત અને ગ્રીસ વચ્ચેનો સંબંધ નોંધાએલ જ છે. તે સમયે ઈરાનના શહેનશાહ ડારીઅસે સાયલેક્સ નામના ગ્રીક સૂબાને સિંધુ નદીના મુખ પાસે મોકલ્યાની નોંધ મળે છે. ભારતમાં સાંખ્યો, જૈનો અને બૌદ્ધોની વિચારસરણીનો વિસ્તાર થયા પહેલાં શ્રમણ સંસ્કૃતિની વિચારધારા ચાલતી તેની સાથે ગ્રીકોની આદ્યવિચારસરણી જે "ઑર્ફિઝમ" તરીકે ઓળખાય છે તેનો લગભગ સંપૂર્ણ સુમેળ દર્શાવે છે કે આ બંને સંસ્કૃતિ એકબીજાથી પ્રભાવિત થઈને વિકાસ પામી રહેલ હતી.

**ઑર્ફિઝમ અને ભારતીય વિચારસરણીનું સામ્ય :**

ગ્રીસનો એક ભાગ "થ્રેસ" કરીને હતો. ત્યાંના લોકોનો દેવ ડાયોનીસસ જે બાચુસ (Bacchus) તરીકે પણ ઓળખાતો હતો. તેની પૂજા ઘણે અંશે જંગલી અને અણઘણ પદ્ધતિથી થતી તેને થ્રેસના લોક-કવિ ઓર્ફિસે સંસ્કારી સ્વરૂપ આપ્યું અને તેણે પોતાનાં કાવ્યો મારફત જે વિચારસરણી વહેતી કરી તે "ઑર્ફિઝમ" તરીકે ઓળખાય છે, અને તેના અનુયાયીઓ "ઑર્ફિક્સ" તરીકે ઓળખાય છે. "ઑર્ફિક્સ" એમ માનતા કે શરીર તો આત્માની કેદ સ્વરૂપ છે "ઑર્ફિઝમ" આત્માના પુનર્જન્મમાં માન્યતા ધરાવતો અને એમ પણ માનતો કે આત્મા શાશ્વત આનંદને અગર તો દુઃખને કર્માનુસાર પ્રાપ્ત કરે છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેની શુદ્ધિની પ્રાપ્તિ માટે અમુક વિધિ વિધાનોની અને અમુક પ્રકારના દોષિત કર્મોથી દૂર રહેવાની જરૂર છે તેમ તેઓ માનતા. "ઑર્ફિઝમ"ના ચુસ્ત અનુયાયીઓ તો માંસાહારનો નિષેધ કરતા અને પવિત્ર જીવન ગાળવાથી માણસ સર્વોચ્ચ દેવ "બાચુસ"ની સાથે એકાત્મતા મેળવી શકે છે તેમ પણ માનતા. ઑર્ફિક લોકો સન્યસ્થ જીવન ગાળતા, મદ્યને તો ફક્ત દેવોના અર્ઘ્યરૂપી પ્રતીકથી વિશેષ માન્યતા આપતા નહિ અને ખરો નશો તો દૈવી સાંનિધ્યની તાલાવેલીમાં જ છે તેમ માનતા. (જુઓ History of Western Philosophy - Bertrand Russell - Introduction) તત્ત્વ વિશારદ્ બર્ટ્રાન્ડ રસેલના મંતવ્ય મુજબ ઑર્ફિક્સના આ રહસ્યવાદે ત્યારબાદના ગ્રીક ફિલસૂફ પાયથાગોરસ ઉપર અસર કરી અને જે રીતે "બાચુસ"ની ધાર્મિક માન્યતાઓને સંસ્કારી સ્વરૂપ આપ્યું અને તે જ રીતે "ઑર્ફિક્સ"ના તત્ત્વજ્ઞાનને પાયથાગોરસે વિશેષ સંસ્કારી સ્વરૂપ આપ્યું. અને આ રીતે નવોદિત સ્વરૂપે ઓર્ફિક સંસ્કૃતિ છેવટે પ્લેટો અને એરીસટોટલ જેવા તત્ત્વજ્ઞો મારફત પાશ્ચિમાત્ય સમાજમાં પ્રવેશ પામી.

ઉપરની હકીકત ઉપરથી સ્પષ્ટ છે કે ઑર્ફિક લોકો તે સમયના ભારતીય તત્ત્વજ્ઞાન સાથે સંપૂર્ણ રીતે સહમત હતા. હકીકતે પુનર્જન્મ, કર્મ, આત્મા, આત્માની કર્મ–વિમુક્ત સ્થિતિ વગેરે તાત્ત્વિક વિચારો છઠ્ઠી સદી પહેલાં જ સેંકડો વરસોથી ભારતમાં આકાર લઈ રહેલ હતા. ઈતિહાસના કોઈ પણ સમય–વિભાગમાં પૃથ્વી ઉપરનો તત્કાલીન વિકસિત સમાજ એકબીજાથી તદ્દન અલિપ્ત રહેલ નથી. અને સમુદ્રતટના પ્રદેશોના લોકો તો સમુદ્ર મારફત આજુબાજુના પ્રદેશો સાથે વ્યાપારી તથા સાંસ્કૃતિક સંબંધો ઘણી સહેલાઈથી રાખી શકતા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આથી ઑર્ફિક ગ્રીકો ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થયા હશે તેવું અનુમાન જરાપણ અસ્થાને નથી. જહોન બર્નેટ કરીને એક અમેરિકન વિદ્વાને પ્રાચીન ગ્રીક તત્ત્વજ્ઞાન (Early Greek Philosophy) ઉપર એક અભ્યાસપૂર્ણ પુસ્તક લખ્યું છે તેમાં તેમણે કબૂલ કર્યું છે કે તત્કાલીન ભારતીય સમાજમાં જે તત્ત્વજ્ઞાન વિકાસ પામેલ હતું તેની સાથે આ ઑર્ફિક વિચારધારા આશ્ચર્યજનક રીતે મળતી આવતી હતી. પરંતુ તેઓ વિશેષમાં એવું પણ જણાવે છે કે એ શક્ય નથી કે ઑર્ફિકો ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થયા હોય. આવું શા માટે શક્ય નથી તેના કોઈ કારણો શ્રી બર્નેટ જણાવતા નથી. પશ્ચિમના વિદ્વાનોનો એક વર્ગ એવો છે કે જેને ભારત અને ચીનના પ્રદેશોમાં સૈકાઓ પહેલાં સંસ્કૃતિનો જે વિકાસ થયેલ તેનો અભ્યાસ નથી અને તેઓ એમ જ માન્યતા ધરાવે છે કે આ પૃથ્વી ઉપર સંસ્કૃતિનો વિકાસ ગ્રીક અને રોમન સંસ્કૃતિથી જ થયેલ છે. શ્રી બર્નેટ આવા વિદ્વાનો માંહેના હોવા સંભવ છે.

**પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનની વિકાસભિન્નતા :**

પરંતુ, ગ્રીસમાં અને ત્યારબાદ પશ્ચિમના દેશોમાં તત્ત્વજ્ઞાનનો વિકાસ જે રીતે થયો તેમાં, અને ભારતીય તત્ત્વજ્ઞાનના વિકાસમાં, એક અતિ મહત્ત્વનો ફરક છે અને તે એ છે કે ગ્રીક તત્ત્વજ્ઞાનીઓનું લક્ષ્ય વિશેષ પ્રમાણમાં ભૌતિક રહ્યું જ્યારે ભારતીય તત્ત્વજ્ઞાનીઓનું લક્ષ્ય આધિભૌતિક રહ્યું અને પશ્ચિમના દેશોમાં જેમ જેમ વૈજ્ઞાનિક પ્રગતિ થઈ ગઈ તેમ તેમ તેની અસર તત્ત્વજ્ઞાનીઓની વિચારધારા ઉપર પણ થતી ગઈ અને પરિણામે ઑર્ફિઝમના રહસ્યવાદનો પણ અંત આવ્યો. શ્રી જહોન બર્નેટ આ અંગે બરાબર જણાવે છે કે "It looked as if Greek religion were about to enter on the same stage as that already reached by religions of the East and but

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

for the rise of Science, it is hard to see what could have - checked this tendency" (Chept II Early Greek Philo") અર્થાત્ : "એવું જણાય છે કે પૂર્વના દેશોના ધર્મો જે કક્ષાએ પહોંચેલા તે કક્ષાએ ગ્રીસની ધાર્મિક માન્યતાઓ પણ પહોંચવાની તૈયારીમાં હતી. ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે (પશ્ચિમમાં)જે પ્રગતિ થઈ તે થવા ન પામી હોત તો પૂર્વના દેશોની ધાર્મિક કક્ષાએ પહોંચવાના આ વલણનું શું પરિણામ આવત તે કહી શકાય તેમ નથી."

તત્ત્વજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન બંનેનું લક્ષ્ય સત્ય શોધનનું અને વાસ્તવ - દર્શનનું જ રહેલ છે, પરંતુ બંનેની કાર્યપદ્ધતિમાં જે ફરક છે તે અતિ મહત્ત્વનો છે. ભૌતિક-વિજ્ઞાની પદાર્થનું વિશ્લેષણ કરી પ્રયોગલક્ષી બુદ્ધિગમ્ય અનુમાનો ઉપર આધાર રાખી નિર્ણય ઉપર આવે છે જ્યારે તત્ત્વજ્ઞાની વસ્તુ દર્શનની વિવિધતાનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરી સ્વાનુભૂતિ ઉપર આધાર રાખી નિર્ણય કરે છે પરિણામે ભૌતિક વિજ્ઞાનીનો અભિપ્રાય પદાર્થલક્ષી હોય છે જ્યારે તત્ત્વજ્ઞાનીનો અભિપ્રાય સ્વાનુભવલક્ષી હોય છે, અને તે સ્વાનુભવલક્ષી હોવાને કારણે તત્ત્વજ્ઞાનની ઓળખ "દર્શન" તરીકે થાય છે. આ રીતે સત્યને પામવાના બંનેના રસ્તા જુદા હોય છે પરંતુ વસ્તુનો બાહ્ય દેખાવ અને તેની વાસ્તવિક્તા તે બંને ભિન્ન છે, તેવી માન્યતા ઉપર જ બંનેની કાર્યપદ્ધતિ રંચાયેલ છે. સૃષ્ટિની ઉત્પત્તિ, વિશ્વમાં ચાલી રહેલ અનેક પ્રકારના વૈવિધ્યવાળો વ્યવહાર, જીવનના સુખ દુઃખ તથા વિષમતાઓ, કુદરત સાથેનો માનવી સંબંધ તથા સંઘર્ષ — આ તમામની પાછળ કોઈ એક વ્યવસ્થામૂલક બળ હોવું જોઈએ જે સૃષ્ટિના બાહ્ય સ્વરૂપમાં દૃષ્ટિગોચર નથી. તે બળ શું છે અને તેની કાર્યપદ્ધતિ કેવી છે વગેરે પ્રશ્નોનો ઉકેલ શોધવાનું લક્ષ તત્ત્વજ્ઞાનીઓનું તથા ભૌતિક વિજ્ઞાનીઓનું

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એકસરખુ રહેલ છે. અને આ બંને વર્ગની ભિન્ન પ્રકારની કાર્યપદ્ધતિ હોવા છતાં બંને એકબીજાના પૂરક બની શકે છે. બુદ્ધિની જ્યાં મર્યાદા આવે છે ત્યાં સ્વાનુભૂતિયુક્ત દર્શન-કામ આવે છે અને તેથી જ આઈન્સ્ટાઈન જેવા વિજ્ઞાનીઓ રહસ્યવાદના તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરે છે.

વસ્તુના બાહ્ય સ્વરૂપ અને તેના વાસ્તવિક સ્વરૂપની ભિન્નતા જાણ્યા બાદ માણસ જ્યારે દરેક વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન મેળવે છે ત્યારે એક ક્ષણે તેને ભાન થાય છે કે વિશ્વની સારીએ રચનામાં કોઈ એક સર્વસામાન્ય અને સળંગ રીતે કામ કરતો સિદ્ધાંત હોવો જોઈએ કે જેના પ્રભાવથી આ વિશ્વના વિવિધ લક્ષણોનું આયોજન થતું હોય. આવા સિદ્ધાંતની શોધમાં યુગે યુગે અને સ્થળે સ્થળે મનીષીઓએ જુદા જુદા ખુલાસાઓ કર્યા. કોઈએ આ વિશ્વરચનાના આયોજનમાં ઈશ્વરના અસ્તિત્વને માન્યું તો કોઈએ અનાદિ અને શાશ્વતં આત્મતત્ત્વના અસ્તિત્ત્વને માન્યું, અમુક ચિંતકોએ એવી માન્યતા ધરાવી કે સંસારના તમામ પ્રસંગો એક નિશ્ચિત થયેલ કાર્ય-પ્રણાલિકા મુજબ જ ચાલે છે અને તેની નિયતિમાં મનુષ્ય પ્રયત્ન કાંઈ ફેરફાર કરી શકતો નથી. કોઈ બીજાઓએ વળી પદાર્થના સ્થાયી સ્વરૂપને મહત્ત્વ આપી તે પદાર્થને જ વિશ્વ-આયોજનના કર્તા તરીકે સ્વીકાર્યો.

**માયલેસીઅન વિચારધારા :**

ભૂમધ્ય-સમુદ્રના પૂર્વ ભાગમાં આવેલ એશીઆ માઈનોરના પશ્ચિમના સમુદ્ર-કિનારા ઉપર "આયોનિયા"નો પ્રદેશ આવેલ છે જે ગ્રીસના દક્ષિણ પ્રદેશની નજીક છે. આ પ્રદેશ અત્યંત રળિયામણો અને નૈસર્ગિક સૌન્દર્યથી ભરેલ છે. ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં તેની પૂર્વે પર્શીઆ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(ઈરાન) તથા ઈજીપ્ત (મીસર)નાં સામ્રાજ્યો હતાં જેની સાથે ત્યાંના વતનીઓને વ્યાપારી તેમજ સાંસ્કૃતિક સંબંધો હતા. તેની પશ્ચિમે કાર્થેજનું રાજ્ય હતું. તત્ત્વચિંતન માટે આ પ્રદેશ તદ્દન યોગ્ય હતો અને તેથી ત્યાં આગળ ઈ. પૂ. સાતમી તથા છઠ્ઠી સદીમાં ત્રણ ચિંતકો થયા. તેઓ હતા ૧. થેલીસ (ઈ. પૂ. ૬૨૪ - ૫૪૦) ૨. એનેક્ઝીમેન્ડર (ઈ. પૂ. ૬૧૧ - ૫૪૭) અને ૩. એનેક્ઝીમીનીઝ (ઈ. પૂ. ૫૮૮ - ૫૨૪) આ ત્રણે આ પ્રદેશના મિલિપ્સ નામના એક શ્રીમંત શહેરના વતની હતા. એટલે તેમની વિચારસરણી "માયલીશિયન" વિચારધારા તરીકે ઓળખાય છે. આ તત્ત્વચિંતકોના સમયમાં મીલીપ્સ શહેર આશરે ૫૦૦ વર્ષ જૂનુ હતું અને છેલ્લાં સંશોધનો મુજબ આ શહેરમાં કુલ જુદી જુદી ૪૫ વસાહતો હતી. આ શહેર "આયોનિયા" પ્રદેશનું મોટામાં મોટું વ્યાપારી કેન્દ્ર હતું અને, તેના બંદરેથી વ્યાપક પ્રમાણમાં આયાત નિકાસનો વ્યાપાર થતો હતો "આયોનિયા" પ્રદેશને તે સમયે પણ ભારત સાથે સારો સંપર્ક હોવાથી ત્યાંના લોકોને ભારતીઓ "યવન" તરીકે ઓળખવા લાગ્યા હશે તેવી માન્યતા છે.

માયલેશીઅન ચિંતકોની એક વિશિષ્ટતા એ રહી કે વિશ્વના મૂળભૂત તત્ત્વની શોધમાં તેઓએ તે સમયની સ્થાપિત વિચાર-પ્રણાલી મુજબ દેવ દેવીઓના કોઈ ઈશ્વરી તત્ત્વ ઉપર આધાર નહિ રાખતાં પદાર્થ વિજ્ઞાન ઉપર જ આધાર રાખ્યો. આનું એક કારણ એવું હતું કે આ ચિંતકો ફક્ત તત્ત્વજ્ઞાનના વિષયમાં જ રસ ધરાવતા હતા તેવું નહોતું. ભૌતિક શાસ્ત્રના વિવિધ વિષયો જેવા કે ગણિત, ખગોળ-વિદ્યા અને પદાર્થ - વિજ્ઞાનમાં પણ તેઓ સારો રસ ધરાવતા હતા.

### ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીની ભારતીય વિચાર-ક્રાંતિ :

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઈ. પૂ. ની સાતમી તથા છઠ્ઠી શતાબ્દીમાં ભારતમાં જે વૈચારિક ક્રાંતિ શરૂ થઈ ચૂકી હતી તેનો અહીં ઉલ્લેખ ઉચિત રહેશે. આર્યો ભારતમાં આવવા લાગ્યા તે વાતને આજથી ચારથી પાંચ હજાર વર્ષો પહેલાંની મૂકી શકાય. વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ ગણાય છે તે તો ભારતમાં આર્યોના આવવાનું શરૂ થયું તે પહેલાંનો છે. આર્યો ભારતમાં સ્થાયી થયા તે બાદ સેંકડો વર્ષો સુધી જે સમય ગયો તે વૈદિક કાળ ગણી શકાય. ત્યારબાદ વેદોના પ્રભાવથી યજ્ઞયાગ અને તેને લગતા વિધિ-વિધાનો, અને આ વિધિ-વિધાનો કરાવનાર બ્રાહ્મણોનું વર્ચસ્વ ભારતીય સમાજ ઉપર રહ્યું અને તે અંગેનું જે સાહિત્ય હતું તેના પ્રભુત્વને “બ્રાહ્મણ-યુગ” કહેવાય છે. સમય જતાં યજ્ઞ-યાગ અને વિધિ-વિધાનોથી, તેમજ તેમાં થતી હિંસા અને બીજા અનાચારોથી વ્યાકુળ થએલ ચિંતકોનો વર્ગ ઉત્પન્ન થયો અને માનવ જીવનના સુખ-દુઃખ તેમજ વિષમતાની ગહનતાના ચિંતકો આત્માભિમુખ થતા ગયા અને સુખી જીવનના રહસ્યની શોધ ભૌતિક ક્ષેત્રોમાંથી અને દૈવિ બળોની મદદમાંથી મેળવવાને બદલે આધિભૌતિક ક્ષેત્રમાંથી સ્વાનુભવથી મેળવવાની જિજ્ઞાસા વધતી ચાલી, જેને પરિણામે યજ્ઞ-યાગ અને વિધિ-વિધાનોની નિષ્ફળતા અને આત્મ-ચિંતનની સફળતા દર્શાવતા ઉપનિષદોના આ પ્રકારના ચિંતનનો પ્રભાવ ભારતીય સમાજ ઉપર ઘણી ઊંડી અસર જમાવી રહેલ હતો તેમ જણાય છે. આ સમયમાં ભારતમાં અનેક દિશાએ તત્ત્વચિંતન ચાલી રહેલ હતું. જીવનની સમસ્યાઓના ઉકેલ માટે અમુક ચિંતકો “કાળ”ને મહત્ત્વ આપતા, જ્યારે અમુક ચિંતકો “નિયતિ”ને મહત્ત્વ આપતા, ચિંતકોનો બીજો વર્ગ “આત્મા”ને મહત્ત્વ આપતો તો એક વર્ગ ઈશ્વર, આત્મા કે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પુનર્જન્મ — તે તમામનો ઈન્કાર કરી જીવનની ભૌતિક ઉપલબ્ધિઓનો સુખપૂર્વક ઉપયોગ કરી આનંદ મેળવવાનો પ્રયત્ન કરવાનો ઉપદેશ આપતો હતો.

ચોવીસમા તીર્થંકર મહાવીર અને તેમના સમકાલીન ભગવાન બુદ્ધ આ સમયમાં ભારતમાં જન્મ્યા. તે ઈ. પૂ.ની છઠ્ઠી શતાબ્દી હતી. આ શતાબ્દીના ભારતીય ચિંતકોનો મોટો વર્ગ કોઈ ત્રીજી ઈશ્વરી શક્તિ કે દૈવી ભલામણોના ઈન્કારમાં જ માનતો હતો અને વિશ્વની સમસ્યાઓના ઉકેલ માટે રહસ્યમય આત્મ સંશોધનના માર્ગે સ્વાનુભવ મેળવવાની ભલામણ કરતો.

**માયલેશીઅન ચિંતકોનું પ્રેરકબળ :**

બરાબર આજ સમયે માલેશીઅન ચિંતકો આયોનિયાના પ્રદેશમાં સૃષ્ટિ-રચના અંગે ચિંતન કરતા હતા. તેઓ પણ સૃષ્ટિ-રચનાના સંદર્ભમાં કે મનુષ્ય જીવનના સંદર્ભમાં દૈવી કે ઈશ્વરી તત્ત્વની હસ્તીમાં માનવાને બદલે તેથી સ્વતંત્ર રીતે ખુલાસો મેળવવાની તજવીજ કરવા લાગ્યા, ત્યાં સુધી તો તેઓ ભારતીય ચિંતકોની સાથે રહ્યા. પરંતુ તેઓ ભારતીયોથી ત્યારે જુદા પડ્યા કે જ્યારે તેઓની શોધની ભૂમિકા ભારતીઓની માફક આધિભૌતિક નહિ પરંતુ ભૌતિક લક્ષ્યની જ રહી. આથી સૃષ્ટિના મૂળભૂત તત્ત્વની શોધ માયલેશીઅન ચિંતકોએ પાણી અને અગ્નિ જેવા ભૌતિક પદાર્થોમાં કરી. અને વસ્તુ અંદર રહેલ ચૈતન્ય તત્ત્વ જીવનની ઘટમાળોમાં શું ભાગ ભજવે છે તે અંગેના વિચારોથી ઘણે અંશે તેઓ વંચિત રહ્યા. સૃષ્ટિના કારોબાર અંગેના ચિંતનમાં ઊંડા ઊતરવા માટે આ ચિંતકોમાં કયું પ્રેરક બળ કામ કરી રહેલ હતું તેના જવાબમાં અમેરિકન પ્રો. ગુથ્રે (William Keith Guthrie) તેમના પુસ્તક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

History of Greek Philosophy માં જણાવે છે કે : "It was curiosity and no thought of mastering the forces of nature in the interest of human welfare or destrection, which led them to those first attempt at a grand simplification of natural phenomena which constitute their chief title to fame." (P.30) અર્થાત્

"આ ચિંતકોએ સૃષ્ટિ રચનાના જે સાદા અને સરળ ખુલાસાઓ આપવાનો પ્રથમ પ્રયાસ કર્યો અને જે પ્રયાસ કરવા માટે તેઓને ખ્યાતિ મળી તે પ્રયાસોનું પ્રેરકબળ ફક્ત તેઓની જિજ્ઞાસા વૃત્તિ જ હતી, નહિ કે માનવ-જીવનના સુખ-દુઃખના ઉપચાર તરીકે કુદરતના પરિબળોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની શોધ." (પા. ૩૦)

ઉપરની પશ્ચાત ભૂમિકામાં હવે આપણે ઉપર જણાવેલ ત્રણ ચિંતકોના વિચારપ્રવાહોને તપાસીએ.

●

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧. થેલીસ (Thalis - ઈ. પૂ. ૬૨૪ - ૫૪૦) :

ગ્રીક તત્ત્વજ્ઞાનના પિતામહ તરીકે ઓળખાતા આ ચિંતક એક નિષ્ણાત એન્જિનિયર હતા અને ગણિતશાસ્ત્ર તેમજ ખગોળશાસ્ત્રનું પણ સારું જ્ઞાન ધરાવતા હતા. આ સૃષ્ટિની રચનાનું હાર્દ હોય તેવું તત્ત્વ શું ? તેના જવાબમાં તેઓની માન્યતા હતી કે આ વિશ્વમાં જે કાંઈ વસ્તુ દષ્ટિગોચર થાય છે તેની હસ્તીના મૂળમાં પાણી છે. આમ શા માટે તેઓ માનતા હતા તેનો ખુલાસો મળતો નથી કારણ કે તેમની આ જાતની માન્યતા હતી તેમ ત્યારબાદના ગ્રીક ફિલસૂફ એરીસટોટલે લખેલ છે. તેઓ જણાવે છે કે થેલીસ એમ માનતા હતા કે આ પૃથ્વી પાણી ઉપર જ રહેલ છે. જોકે થેલીસે પાણીને આ પ્રકારનું મહત્ત્વ કેમ આપ્યું તેનો ખુલાસો કોઈ આધારવાળી હકીકત ઉપરથી નથી નીકળતો, પણ આધુનિક વિદ્વાનો કે જેઓ ગ્રીક ફિલસૂફો વિશે લખે છે તેઓનો ખુલાસો એવો છે કે આ પૃથ્વી ઉપર મોટા ભાગમાં પાણી છે એટલું જ નહિ પરંતુ પૃથ્વી ઉપરનું સમસ્ત જીવન પાણી ઉપર જ આધારિત છે. જ્યાં પાણી નથી ત્યાં જીવન નથી અને જ્યાં જીવન નથી ત્યાં પૃથ્વી ઉપરના અસ્તિત્વની કોઈ કિંમત નથી. આથી કોઈ એમ કહે કે આ સૃષ્ટિનો આધારિત સિદ્ધાંત પાણી છે, તો તે વિધાન વૈજ્ઞાનિક દષ્ટિએ આધારરહીત નથી.

થેલીસનો પાણીનો સિદ્ધાંત આધુનિક વૈજ્ઞાનિક દષ્ટિએ બરાબર નથી પરંતુ તાત્ત્વિક દષ્ટિએ તેનું મહત્ત્વ એ છે કે આ સૃષ્ટિ કોઈ "ઈશ્વરે" બનાવી છે અને તેના ઉપરના વિવિધ પ્રકારના બનાવો તથા મનુષ્ય તેમજ બીજાં પ્રાણીઓનાં સુખ-દુ:ખને માટે સૃષ્ટિનો કોઈ સર્જનહાર જવાબદાર છે તેવી માન્યતા ઉપર પશ્ચિમના પ્રદેશોમાં આ પ્રથમ પ્રહાર

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હતો, અને તત્ત્વજ્ઞોનું ધ્યાન પશ્ચિમના પ્રદેશોમાં પ્રથમ વખત એ રીતે દોરાયું કે સૃષ્ટિ ઉપરના બનાવોનો ખુલાસો સૃષ્ટિના ખુદના પ્રવાહોમાંથી મેળવવો જોઈએ. પશ્ચિમના દેશો માટે આ સૃષ્ટિનો કર્તા "ઈશ્વર" નામનું કોઈ બાહ્ય તત્ત્વ નથી તે જાતનો આ વિચાર નવો હતો, જોકે પૂર્વના દેશોમાં અને ખાસ કરીને ભારતમાં આ પ્રકારના વિચારની શરૂઆત સૈકાઓ થયા ચાલુ થઈ ગઈ હતી અને ઈ. પૂ.ના છઠ્ઠા સૈકામાં તો આવી વિચારસરણી ધરાવતા ઘણા ચિંતકો થયા જેમાંના મહાવીર તથા બુદ્ધ મુખ્ય હતા.

થેલીસ એમ પણ માનતા હતા કે All things are full of Gods" (તમામ વસ્તુઓમાં ઈશ્વરી નિવાસ છે). તેમની આ માન્યતાને અનુરૂપ તેમના બીજા સમકાલીન અનેકઝીમેન્ડરનો સિદ્ધાંત "Primary Substance" (મૂળભૂત પ્રાથમિક તત્ત્વ)નો હતો.

આ બીજા ચિંતક અનેક્ઝીમેન્ડર વિષે વિચાર કરીએ તે પહેલાં થેલીસના ભૌતિક શાસ્ત્રમાં થયેલ પ્રદાન વિષે ટૂંકો પરિચય કરવાનું ઉચિત ગણાશે.

હેરોડોટસ (Herodotus) નામના એક ગ્રીક ઈતિહાસકાર થેલીસ બાદ લગભગ ૧૫૦ વર્ષો પછી થયેલ. તેઓએ થેલીસે આપેલ સૂર્યગ્રહણના અમુક મુકરર દિવસ અંગે આગાહી કરેલ તેવું જણાવ્યું તે ઉપરથી થેલીસના જીવનના અમુક અભ્યાસીઓએ એવું અનુમાન કર્યું કે થેલીસને ખગોળશાસ્ત્રનું સારું જ્ઞાન હતું. પરંતુ પ્રૉ. ગ્રુથેની માન્યતા એવી છે કે થેલીસને ખગોળશાસ્ત્રનું જ્ઞાન નહોતું પરંતુ અમુક દિવસે સૂર્યગ્રહણ થશે તેવું તેમનું અનુમાન સૂર્ય અને ચંદ્રના ગ્રહણો અમુક સમયે નિયમિત રીતે થયા કરે છે તે ઉપરથી કરવામાં આવ્યું હોય તેવો

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સંભવ વિશેષ છે. (જુઓ. પા. ૪૭ "Hist. of Greek Philo." Part - I W.K.C Guthrie)

ગણિતશાસ્ત્રમાં પણ થેલીસનું પ્રદાન મહત્ત્વનું ગણાય છે. માન્યતા એવી છે કે તેઓ ઈજિપ્તમાં ગયેલ અને તે સમયે ઈજિપ્તમાં ગણિતનું જ્ઞાન સારી રીતે વિકાસ પામેલ હતું. ઈતિહાસકારો એમ પણ માને છે કે ઈજિપ્તમાં મેળવેલ ગણિતનું જ્ઞાન થેલીસે પોતે વિક્સાવ્યું અને ખાસ કરીને જ્યોમેટ્રીના નીચેના સિદ્ધાંતો તેમણે સ્થાપિત કર્યા.

(૧) એક વર્તુલના બે સરખા ભાગ તેના ડાયામીટરથી થાય.

(૨) એક આઈસોસીલીસ ત્રિકોણ (જેની બે બાજુઓ સરખા માપની હોય)ની નીચેની લીટી (બેઈઝ લાઈન) ઉપર જે ખૂણાઓ પડે તે સરખા માપના હોય.

(૩) જ્યારે બે લીટીઓ એકબીજાને કાપે ત્યારે જે સામસામા ખૂણા પડે તે સરખા માપના હોય.

(૪) એક વર્તુળના અર્ધા વર્તુળમાં જે ખૂણો બને તે ૯૦ ડિગ્રીનો જ હોય.

(૫) કોઈપણ એક લીટીના બે છેડા ઉપર કાટ-ખૂણાથી નાના માપના ખૂણા દોરવામાં આવે તો છેડે એક ત્રિકોણ બને.

ગણિતશાસ્ત્ર ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દી પહેલાં પણ ભારત, અરબસ્તાન ઈજિપ્ત વગેરે સ્થળોએ વિકાસ જરૂર પામેલ પરંતુ પશ્ચિમના પ્રદેશો માટે તેને આધુનિક સ્વરૂપ આપવામાં થેલીસનો ફાળો મહત્ત્વનો હતો.

થેલીસે ગણિતશાસ્ત્રના આ જ્ઞાનનો ઉપયોગ સમુદ્ર ઉપર તરતા વહાણો કેટલે દૂર છે તેનું માપ કાઢવામાં તથા પીરામીડોના પડછાયા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરથી તેની ઊંચાઈનું માપ જાણવામાં કર્યો.

એક માન્યતા એવી છે કે થેલીસ એક સારા ઈજનેર હતા અને તેથી તેણે હેલીસ નદીના પ્રવાહની દિશા ફેરવી આપેલ. જે. બર્નેટ તેમના પુસ્તક "Greek Philosophy"માં જણાવે છે કે થેલીસ તેમના જમાનાના એવા પ્રભાવશાળી અને સન્માનીય વ્યક્તિ હતા કે ગ્રીસના સાત ઋષિઓ ગણાતા તેમાં તેમનું અગ્ર સ્થાન હતું.

એરીસ્ટોટલના ગ્રંથ "પોલિટિક્સ"માં થેલીસ અંગેનો એક પ્રસંગ ઈતિહાસકારો ટાંકે છે તે એ છે કે આકાશી ગ્રહોના પરિભ્રમણ ઉપરથી તેઓ જાણી શક્યા કે અમુક સમયે ઓલિવનો પાક સારો ઊતરશે. આથી તેમણે આગોતરા ઓલિવ પીસવાના બધા કારખાનાઓ ભાડે રાખ્યા અને જ્યારે મોસમનો પાક આવ્યો ત્યારે તે પીસવાના ભાવ પોતાને યોગ્ય લાગે તેવા લીધા અને સારી કમાણી કરી. (જુઓ. બર્ટ્રેંડ રસેલ "History of Western Philosophy પા. નં. ૨૬)

આ પ્રકારે પશ્ચિમ - સંસ્કૃતિના બહુમુખી પ્રતિભાસંપન્ન પિતામહ થેલીસનું જીવન હતું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨. એનેક્ઝીમેન્ડર Anaximander ઈ. પૂ. ૬૧૧-૫૪૭

### ગ્રીક તત્ત્વજ્ઞાનના પ્રથમ પ્રણેતા :

ગ્રીક તત્ત્વજ્ઞાનના ખરા પ્રણેતા અને જાણ્યે કે અજાણ્યે તત્ સમયના ભારતીય તત્ત્વજ્ઞાનના સમ-વિચારક એનેક્ઝીમેન્ડર તેમના પુરોગામી થેલીસથી તત્ત્વ વિચારણામાં ઘણા આગળ વધ્યા, અને સૃષ્ટિના સર્જન તથા તેના અસ્તિત્વમાં દેખાતા વિવિધ આવિર્ભાવો ઊંડાણથી સમજવાનો પ્રયત્ન પશ્ચિમના તત્ત્વજ્ઞાનીઓમાંથી પ્રથમ તેમણે જ કર્યો.

### સૃષ્ટિનું અસીમ તત્ત્વ :

આ સૃષ્ટિની રચના કોઈ ઈશ્વરી બાહ્ય તત્ત્વથી નથી થઈ તેવા થેલીસના મત સાથે તેઓ સહમત થયા અને એમ પણ સહમત થયા કે સંસારનાં આ જે અનેકવિધ પાસાંઓ દૃશ્યમાન થાય છે તે તમામનું કોઈ એક સર્વ સામાન્ય સ્રોત હોવું જોઈએ કે જ્યાંથી તે ઉત્પન્ન થાય છે અને તેમાંજ વિલય પામે છે, પરંતુ તે સ્રોત પાણી, અગ્નિ, હવા કે પૃથ્વી જેવું કોઈ પરિવર્તનશીલ તત્ત્વ નથી કેમકે આ તમામ પરિવર્તનશીલ તત્ત્વો મહદ્અંશે એકબીજાના સંઘર્ષમાં આવનારાં હોઈ નાશને પાત્ર છે. આથી સૃષ્ટિની રચના તેમજ તેના સંચાલનમાં વ્યવસ્થા તેમજ સમતુલા જાળવવા એક એવું તત્ત્વ કામ કરતું હોવું જોઈએ કે જે "અસીમ" (Boundless) અજન્મા અને અવિનાશી હોય, જે ભૌતિક હોવા છતાં સ્થૂળ સ્વરૂપે ન હોય. (All things are made of some common stuff. But this could be "boundless something.") આવું તત્ત્વ શું છે, તેના ગુણધર્મો કેવી રીતે કામ કરતા હશે, તેનું સ્વરૂપ કહેવું હશે તે બાબતની તેમણે કોઈ સ્પષ્ટતા કરી નથી અને તે કોઈ "અસીમ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ચીજ" (Boundless Something) છે તેટલું જ કહ્યું. તેના ગુણધર્મો વિશે એમ કહ્યું કે આ મૂળભૂત તત્ત્વ એવો હોવો જોઈએ કે તેમાંથી જ જુદા જુદા પ્રકારના વિરોધાભાસી ગુણધર્મોવાળા પદાર્થો જેવા કે ઠંડી-ગરમી ઉત્પન્ન થાય અને અમુક સંઘર્ષને પરિણામે પાછા તેમાં જ તેમનો વિલય થાય. દૃષ્ટાંતરૂપે પાણી અને તાપના સંઘર્ષના પરિણામે બાષ્પીભવન થાય, જેના પરિણામે વાદળાં થાય અને તેમાંથી વળી પાછું પાણી ઉત્પન્ન થાય. તેમણે પોતાના સિદ્ધાંતને નીચેના શબ્દોમાં આ અસીમ તત્ત્વનું વર્ણન કર્યું :

"It is a substance from which things take their rise, they pass away once more, as is ordained, for they make reparation and satisfaction to one another for their justice according to the ordering of time." અર્થાત્ "આ અસીમ ચીજ એ છે કે જેમાંથી તમામ વસ્તુઓ ઉત્પન્ન થાય છે અને નિયતિ મુજબ તેમાં જ પાછી વિલય થાય છે અને આ રીતે નિયતિના સિદ્ધાંત મુજબ જ એકબીજા વિરોધી તત્ત્વોના સંઘર્ષને પરિણામે જે તત્ત્વને નુકસાન થયું હોય છે તેનો "ન્યાયી (Just) બદલો" પણ મળે છે."

આ વિધાનોની સમજણ આપતાં શ્રી બર્ટ્રેન્ડ રસેલ જણાવે છે કે : "આ જગતમાં પાણી, અગ્નિ અને પૃથ્વીના જુદા જુદા ભૌતિક પદાર્થો અસ્તિત્વ ધરાવે છે પરંતુ તે તમામ એકબીજાના સંઘર્ષમાં પોતપોતાનું સામ્રાજ્ય વિસ્તારવાના પ્રયત્નમાં છે. પરંતુ એક કુદરતી કાનૂન આ સંઘર્ષનું નિયંત્રણ કરે છે અને સમતુલા જાળવી રાખે છે. દા.ત., જ્યારે અગ્નિ કોઈ વસ્તુને બાળે છે ત્યારે રાખ ઉત્પન્ન થાય છે એટલે કે બળેલ વસ્તુની જગ્યા પૃથ્વી લે છે. પરિણામે અગ્નિનું સાર્વભૌમત્વ સ્થપાઈ શકતું નથી અને કુદરતી સમતુલતા જળવાઈ રહે છે. આ પરિસ્થિતિને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ "ન્યાયી બદલો" કહે છે (History of Western Philo. P. 27)

આ પ્રકારના ગુણધર્મોવાળા તત્ત્વને તેમણે અજર-અમર અને રૂપ-રંગ રહિતનું કલ્પ્યું છતાં એમ કહ્યું કે તે "ભૌતિક" છે. તેમની આ માન્યતા સ્પષ્ટ રીતે વિરોધાભાસી છે કેમકે જે વસ્તુ અરૂપી છે અને જે અજર-અમર છે તે "ભૌતિક" કેમ હોઈ શકે? દરેક "ભૌતિક" વસ્તુનો અંતર્ગત ગુણધર્મ રૂપાંતરતા અને અસ્થિરતાનો છે, તે ઈન્દ્રિયગમ્ય હોવાથી અરૂપી હોઈ શકે નહિ આથી અનેક્ઝીમેન્ડર જેને "Boundless Something" કહે છે તે "ભૌતિક" હોઈ શકે જ નહિ. તે વસ્તુ "આધિભૌતિક" છે જેને ભારતીય દર્શન શાસ્ત્રો "આત્મા", "પરમાત્મા", "જીવ" અગર "બ્રહ્મ" કહે છે.

**અસીમ તત્ત્વ ભૌતિક હોઈ શકે ? :**

પશ્ચિમના અમુક ફિલસૂફોની એક ધૂન એવી રહી છે કે આ સૃષ્ટિની રચના અને તેના વૈવિધ્યનો ખુલાસો સૃષ્ટિના જ ભૌતિક તત્ત્વોથી થવો જોઈએ કેમકે તે તત્ત્વો જ બુદ્ધિગમ્ય છે અને જે કાંઈ બુદ્ધિગમ્ય નથી તે બહુધા તરંગી અને અવિશ્વસનીય છે. આ પ્રકારની ધૂન વૈજ્ઞાનિક કે તાર્કિક નથી કારણ કે મનુષ્યની બુદ્ધિ "અસીમ", એટલે કે અનેક્ઝીમેન્ડરના શબ્દોમાં કહીએ તો "Boundless" નથી. અને જે અસીમ છે, જે શાશ્વત છે તેનું માપ સીમિત વસ્તુ, જેનું સ્વરૂપ ક્ષણિક છે તેનાથી થઈ શકે તેમ માનવું તે જ મોટી બુદ્ધિહીનતા છે.

આવી એક "અસીમ" વસ્તુનો જગતના નિયંતા તરીકે ઉલ્લેખ કર્યા બાદ પ્રશ્ન એ ઊઠે છે કે જો તેમ હોય તો જગતમાં પરસ્પર વિરોધી તત્ત્વોનો જે સંઘર્ષ માલૂમ પડે છે અને જેને કારણે અનેક વિષમતાઓ ઉત્પન્ન થાય છે તે વિરોધી તત્ત્વો કેવી રીતે અને ક્યાંથી આવે છે? આ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્નના જવાબમાં એનેક્સીમેન્ડર જણાવે છે કે વિશ્વની તમામ વસ્તુઓ ગતિશીલ છે અને તેથી આ "અસીમ" તત્ત્વ પણ ગતિશીલ હોઈને તેની ગતિ જ બે પરસ્પર વિરોધી તત્ત્વોને જે તેનામાં નિહિત જ રહેલ છે, તેને બહાર લાવે છે. તે બંને વિરોધી તત્ત્વો વચ્ચે ઘર્ષણ થયા બાદ જે પરિણામ નિષ્પન્ન થાય છે તે વિશ્વમાં સમતુલા ઉત્પન્ન કરે છે અને આ રીતે સંસાર પ્રગતિ કરે છે.

અમેરિકન વિદ્વાન એફ. એમ. કોર્નફોર્ડ (F. M. Cornford) આ બાબત એનેક્ઝીમેન્ડરનું મંતવ્ય સમજાવતાં નીચે મુજબ કહે છે : "We see, then that the general secheme of the growth of the world is this :

The one primary stuff, called "Nature", is sagregeted into provinces, each the domain of one element. And this is a "moral" order, in the sense that transgression of its boundaries, the plundering of one element by another to make an individual thing is injustice, unrighteousness. The penalty is death and dissolution. No snigle thing can begin to exist without an infraction of this destined order. Birth is a crime and growth an aggravated robbery."

અર્થાત્ આ વિશ્વની પ્રગતિની રચના નીચે મુજબ (એનેક્ઝીમેન્ડરના મત મુજબ) છે.

"કુદરત" નામનું એક મૂળભૂત તત્ત્વ છે તે જુદા જુદા તાત્ત્વિક વિભાગોમાં વહેંચાયેલ છે, જેના કોઈપણ એક વિભાગનું બીજા વિભાગ ઉપરનું આક્રમણ અન્યાય અને અનૈનિક્તામાં પરિણમે છે અને તેથી તે અનૈતિક ઠરે છે. આવી અનૈતિક્તાનું આખરી પરિણામ મૃત્યુ કે વિનાશમાં આવે છે. આ એક એવી નિશ્ચિત વ્યવસ્થા છે કે જેનો ભંગ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને કોઈપણ વસ્તુ ટકી શકતી નથી. આથી વ્યક્તિગત અસ્તિત્વ એ જો ગુનો છે, તો વ્યક્તિગત વિકાસ એ વિકસિત લૂંટ છે.''

એનેક્ઝીમેન્ડર બાદની અઢાર-ઓગણીસમી સદીના જર્મન તત્ત્વચિંતક હેગલ (ઈ. સ. ૧૭૭૦ - ૧૮૩૧)ના Thesis, Anti-thesis અને Synthesis (સ્થિતિ, વિપરિત સ્થિતિનો સંઘર્ષ અને તેમાંથી ઉત્પન્ન થતી સંવાદીય પરિસ્થિતિ)ના સિદ્ધાંતનું અહીં બીજ રહેલ જણાય છે.

**''અસીમ'' તત્ત્વની ગતિશીલતાનું પ્રેરકબળ શું ? :**

પરંતુ આ ''અસીમ'' તત્ત્વની ગતિશીલતા પાછળ કયું પ્રેરકબળ છે તેનો ખુલાસો ન તો એનેક્ઝીમેન્ડરે કર્યો કે ન કર્યો તેની બાદના પુરાણા કે આધુનિક તત્ત્વચિંતકોએ. એનેક્ઝીમેન્ડરે તો આ ગતિશીલતાને "as is ordained for" (નિયતિ મુજબ) છે તેમ કહીને છોડી દીધી. આવી નિયતિ શા માટે છે ? તેનો જવાબ આજસુધી પાશ્ચિમાત્ય ચિંતકો આપી શક્યા નથી.

હકીકતે તો એનેક્ઝીમેન્ડર ''અસીમતા''ની અને "Primary Substance'' (મૂળભૂત અને પ્રાથમિક તત્ત્વ)ની વાત કરીને ભારતીય તત્ત્વચિંતકોની ઘણી નજીક આવ્યા હતા, પરંતુ આ મૂળભૂત તત્ત્વની શોધ ભૌતિક વસ્તુઓમાં કરવાની ધૂનમાં વિશ્વરચનામાં જે આધિભૌતિક તત્ત્વ – જીવ, આત્મા અગર બ્રહ્મ છે અને જેનો ગુણધર્મ ગતિશીલતા અર્પવાનો છે તેના તરફ તેનું ધ્યાન ગયું જ નહિ. પરિણામે તત્ત્વજ્ઞાનની રહસ્યની વાતોથી પશ્ચિમની વિચારસરણી અલિપ્ત રહી. જ્યારે ભારતીય તત્ત્વચિંતકો વિષયના ઊંડાણમાં ઊતરી બતાવી શક્યા કે જગતની દરેક વસ્તુને ગતિશીલતા આપનાર ચૈતન્ય તત્ત્વ છે અને તે ચૈતન્ય તત્ત્વની ગતિથી જ દરેક જીવ કાર્યશીલ બને છે. આ કાર્યશીલતા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિવિધ પ્રકારના કર્મનું ઉપાર્જન કરે છે. મહાન વૈજ્ઞાનિક ન્યુટનના મત મુજબ દરેક કાર્ય (કર્મ) (Action) નો પ્રત્યાઘાત (Reaction) થાય છે જેને પરિણામે જગતમાં વિવિધ પ્રકારના સંજોગો - સારા તેમજ નઠારા ઉત્પન્ન થાય છે.

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનીઓએ એનેક્ઝીમેન્ડરમાં "as it is ordained" શબ્દોને ફક્ત mysticism (રહસ્યમયતા)નું નામ આપી તે Scientific (વૈજ્ઞાનિક) નથી તેમ કહ્યું, "વિજ્ઞાન" નો અર્થ તર્ક અને દલીલોથી જે વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય તેવો થતો હોય તો ભારતીય તત્ત્વજ્ઞોનો કર્મનો સિદ્ધાંત સંપૂર્ણ વૈજ્ઞાનિક છે, અને તત્ત્વજ્ઞાન (Philosophy) નું ખરું સ્વરૂપ રજુ કરે છે અમેરિકન વિદ્વાન જહોન બર્નેટ કહે છે તેમ "ગ્રીક લોકો સિવાય વિશ્વમાં ફક્ત ભારતીયો જ એવી પ્રજા હતી કે જેણે ખરું તત્ત્વજ્ઞાન શું છે તે બતાવ્યું." (જુઓ : Early Greek Philosophy 414 Ed. P. 18)

**ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત તથા બીજી લબ્ધિઓ :**

એનેક્ઝીમેન્ડરે આગળ વધીને તેમના સમાજને જીવોની ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત પણ સમજાવ્યો અને નાના જીવમાંથી વિકાસ પામેલ મોટા જીવો કેવી રીતે અસ્તિત્વમાં આવે છે તે બતાવ્યું અને આ રીતે ડાર્વિનના પુરોગામી વિચારકનું સ્થાન મેળવ્યું.

થેલીસની માન્યતા હતી કે પૃથ્વી પાણીમાં તરી રહી છે. એનેક્ઝીમેન્ડરે કહ્યું કે આ વિધાન બરાબર નથી પરંતુ પૃથ્વી જે નાળાકાર રૂપે છે તે બે ગ્રહોની વચ્ચે સરખા અંતરે રહી ટકી શકી છે. ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનું અહીં બીજારોપણ છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રીકોને પ્રથમ વખત ભૌગોલિક નકશો એક્સીમેન્ડરે આપ્યો.

એને ક્ઝીમેન્ડરના મત મુજબ આ સૃષ્ટિની રચના કોઈ બાહ્ય સત્તાએ કરી નથી પરંતુ સમસ્ત સૃષ્ટિ આપમેળે વિકસિત થયેલ છે.

ઋતુઓને માપવાનું સૂર્યદર્શક યંત્ર (Sun Dial) પ્રથમ એનેક્ઝીમેન્ડરે શોધ્યું.

આ રીતે આ ચિંતકે માનવ જીવનના ઘણા અગત્યના ક્ષેત્રોમાં અગ્રતા ભરી પહેલ કરી.

એફ. એમ. કોર્નફોર્ડના કહેવા મુજબ :

"Anaximander's great achievement which stamps him as man of genius, is the partially successful effort of thought by which he attempted to distinguish the primary physis from visible elements.

(જુઓ : "From Religion of philosophy" P. 144)

અર્થાત્ : "એનેક્ઝીમેન્ડરને એક પ્રતિભાશાળી વ્યક્તિત્વ અર્પતી કોઈ એક સિદ્ધિ હોય તો તે એ છે કે સૃષ્ટિના મૂળભૂત તત્ત્વને દશ્યમાન વસ્તુઓથી ભિન્ન રીતે દર્શાવવાનો તેણે પ્રયત્ન કર્યો."

•

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## એનેક્ઝીમીનીસ (Anaximenes) ઈ. પૂ. ૫૮૮ થી ૫૨૪ :

માઈલેસીઅન ત્રિપુટીના આ છેલ્લા ચિંતક. મિલિપ્સ શહેરનો નાશ આયોનિયન બળવાને કારણે ઈ. પૂ. ૪૯૪માં થયો તે પહેલાં આ ચિંતક થયા. તેમના કહેવા મુજબ સૃષ્ટિનું મૂળભૂત તત્ત્વ હવા (Air) છે. હવા અગર વાયુને તે આત્મા સાથે સરખાવતાં કહે છે : "Just as our soul, being air, holds our bodies together, breath-air eneompasses the wide world" અર્થાત્ "જે રીતે આપણો આત્મા જે વાયુ સ્વરૂપે છે તે, આપણા શરીરને ટકાવી રાખે છે તેજ રીતે વાયુ સમસ્ત જગતને ટકાવે છે."

આ રીતે એનેક્ઝીમેન્ડરે જે વાતનો ઈન્કાર કરેલ તે વાતને પુનર્જીવિત કરી પાણીને બદલે વાયુને સૃષ્ટિના આધારરૂપ આ ચિંતકે ગણ્યું.

પરંતુ પ્રશ્ન એ ઊભો થયો કે જો વાયુ સૃષ્ટિના આધારરૂપ હોય અને તમામ વસ્તુઓ વાયુમાંથી જ બની હોય તો સૃષ્ટિમાં જે પદાર્થો ઘનરૂપ છે અને પ્રવાહીરૂપ છે તે કેવી રીતે થયા ? તેના જવાબમાં એનેક્ઝીમીનીસ કહે છે કે તે તમામ પદાર્થો વાયુના સંકોચન અને વિસ્તારનું પરિણામ છે. વાયુના સંકોચનથી તે ઘન સ્વરૂપ પકડે છે જ્યારે વિસ્તારથી પ્રવાહી સ્વરૂપ પકડે છે અને છેવટે તમામ ઘન તથા પ્રવાહી વસ્તુઓ વાયુમાં જ વિલીન થશે. આ રીતે કુદરતમાં થતા તમામ ફેરફારો એક યાંત્રિક પદ્ધતિથી આપોઆપ થયા કરે છે. વાયુના દબાણને પરિણામે જુદા જુદા પ્રકારની ઘનતા જુદી જુદી પરિસ્થિતિને જન્માવે છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના કહેવા પ્રમાણે અવકાશમાં પૃથ્વી પણ વાયુ ઉપર જ ઊભી છે. પૃથ્વીનો આકાર તેમના મતે થાળી જેવો ગોળ છે.

એનેક્ઝીમીનીસે આ સૃષ્ટિના મૂળભૂત તત્ત્વ તરીકે વાયુની પસંદગી કેમ કરી તે બાબત વિદ્વાનોનો મત એવો છે કે જ્યારે તેમણે જોયું કે વાયુની ગેરહાજરીમાં જીવ-સૃષ્ટિ અસંભવિત છે ત્યારે તેમને ખાત્રી થઈ કે વાયુથી જ આ સૃષ્ટિ ટકી રહેલ છે. પરંતુ ઘન તેમજ પ્રવાહી પદાર્થોની હસ્તી પણ જ્યારે વાયુના સંકોચન તથા પ્રસારણ સાથે તેમણે જોડી ત્યારે તેમનો વિચાર અભિગમ કેટલો વૈજ્ઞાનિક હતો તેની શંકા છે.

પાશ્ચાત્ય વિદ્વાનોમાંના અમુક તો તેમને એનેક્ઝીમેન્ડર કરતાં પણ વધુ અગત્યનું સ્થાન આપી તેમના "વૈજ્ઞાનિક" અભિગમના વખાણ કરે છે અને સૃષ્ટિના મૂળભૂત તત્ત્વની ભૌતિક ઓળખ આપવા બિરદાવે છે તે જરૂર આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. કોઈપણ હિસાબે સૃષ્ટિના મૂળભૂત તત્ત્વને ભૌતિક સ્વરૂપ આપવામાં જ "વિજ્ઞાન"ની પરિપૂર્તિ થાય છે તેવી માન્યતા કોઈ સાચા વૈજ્ઞાનિકની તો ન જ હોઈ શકે. કોઈપણ અતાર્કિક અને અસંગત વાતોને "વિજ્ઞાન"માં ખપાવી શકાય તો તે વિજ્ઞાનનું જ અપમાન છે. એનેક્ઝીમેન્ડરનો અભિગમ એકદમ તાર્કિક હતો અને તેમાં કોઈપણ કહેવાપણું રહેતું હોય તો તે એટલું જ કે તેણે પણ અસીમિત તેમજ અમૂર્ત તત્ત્વને ભૌતિક્તા આપવા પ્રયત્ન કર્યો જે તદ્દન વ્યર્થ હતો.

એનેક્ઝીમીનીસે વાયુને આત્મા સાથે સરખાવ્યો તેનું કારણ શું ? ભારતમાં પ્રચલિત પ્રાણાયામની પદ્ધતિના મૂળમાં શ્વાસને આત્મ-જાગૃતિના પ્રયાસમાં અતિ અગત્ય આપવામાં આવે છે, પરંતુ શ્વાસ અને આત્માને એક ગણવામાં આવતા નથી. આ પ્રાણાયામની પદ્ધતિથી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એનેક્ઝીમીનીસ કેટલા વાકેફ હશે તે પ્રશ્ન છે અને તે વાકેફ હોય તો પણ કેટલે અંશે તેઓ તે પદ્ધતિને સમજ્યા હશે તે પણ પ્રશ્ન છે.

મિલિપ્સ શહેરનો નાશ થયા બાદ માયલેશીઅન વિચારધારાનો અંત આવ્યો. પરંતુ સૃષ્ટિના સર્જન તથા સંચાલન બાબતની સ્વતંત્ર વિચારધારાની જે શરૂઆત માયલેશીઅન ત્રિપુટીએ કરી તે જરૂર ચાલુ રહી.

•

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## પાયથાગોરસ - (Pythagoras) ઈ. પૂ. ૫૮૨ - ૪૭૫

**સામોસથી ક્રોટસ :**

તેમના જન્મની કોઈ ચોક્કસ તારીખ કે વર્ષ ઉપલબ્ધ નથી પરંતુ તેમનો જન્મ ગ્રીક ટાપુ સામોસમાં થયેલ. તે સમયે સામોસ તેની સમૃદ્ધિમાં મિલિપ્સ શહેરનું હરીફ ગણાતું. ત્યાંનો રાજા પોલીક્રેટસ પ્રજાદ્રોહી અને ક્રૂર રાજકર્તા તરીકે જાણીતો હતો. તેની પાસે સારું એવું મોટું નૌકાદળ હતું જેનો ઉપયોગ તે સમુદ્ર ઉપરની લૂંટફાટ અર્થે કરતો. તેના અત્યાચારોથી નારાજ થઈને પાયથાગોરસે સામોસ ટાપુનું રહેઠાણ છોડ્યું અને દક્ષિણ ઈટાલીમાં આવેલ શહેર ક્રોટસમાં વસવાટ કર્યો. ક્રોટસમાં તે વખતે એક જાણીતા ડૉક્ટર ડેમોસીડીસ કરીને હતા જે સામોસના રાજા પોલીક્રેટસના તથા ઈરાનના ડારીઅસના રાજવૈદ્ય હતા અને પાયથાગોરસના મિત્ર હતા. તેમના કહેવાથી પાયથાગોરસે ક્રોટસમાં નિવાસ કર્યો હશે તેમ મનાય છે. પાયથાગોરસે ક્રોટસ શહેરને નવું બંધારણ આપ્યું અને તેમના ત્યાંના નિવાસ બાદ ક્રોટસની સમૃદ્ધિ પણ વધી. તેઓ ત્યાં પ્રજાપ્રિય થઈ પડ્યા અને પોતાના અનુયાયીઓનો એક આશ્રમ પણ ત્યાં બાંધ્યો.

**ભારતીય અસર :**

માનવ ઈતિહાસમાં જે બહુવિધ પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓ થએલ છે અને જે વ્યક્તિઓએ પોતે સ્વીકારેલા તત્ત્વજ્ઞાનને જીવનમાં આચરી બતાવીને તેને "દર્શન"નું સ્વરૂપ આપેલું છે તેવી વ્યક્તિઓ માંહેની એક વ્યક્તિની ઓળખ હવે આપણે કરીએ છીએ. સોક્રેટીસ પહેલાંના ગ્રીક મહાનુભાવોમાં શ્રેષ્ઠ એવા પાયથાગોરસને ભારતનો

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય માણસ જો જાણતો હશે તો તે ભૂમિતિના તેમના નામ ઉપર ચડેલ એક સિદ્ધાંત (Theorem) મારફત જ. પરંતુ તેના જીવનની જે લાક્ષણિક્તાઓ પશ્ચિમના વિદ્વાનોએ નોંધી છે અને જે તેઓ મહદ્અંશે સમજી શક્યા નથી, તે લાક્ષણિક્તાઓ પાયથાગોરસને પ્રાચીન ભારતના ઋષિની તુલનામાં મૂકે છે. આપણને અજાયબ કરે તેટલી હદે તેઓના વિચારો તથા જીવનપદ્ધતિ સંપૂર્ણ રીતે ભારતીય હતી અને તેઓએ પૂર્વના દેશોનો વિસ્તૃત પ્રવાસ કર્યો હતો તેટલું સ્વીકારવા છતાં તેઓ ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થયા હતા તેવી ભરપૂર શક્યતાવાળી વાત સ્વીકારવા મોટાભાગના પશ્ચિમના વિદ્વાનો તૈયાર નથી. અગાઉ જણાવ્યું તેમ દુનિયાના ઈતિહાસમાં કોઈ પણ સમયે મધ્ય એશીઆની અને આફ્રિકા, ભૂમધ્ય સમુદ્ર તથા એશીઆના પશ્ચિમ સમુદ્ર તટની પ્રજા એકબીજાના વ્યાપારી તથા સાંસ્કૃતિક સંસર્ગથી અલિપ્ત રહી શકી નથી અને તેથી જ નદી તટની જે સંસ્કૃતિ નાઈલના તટ ઉપર ઈજિપ્તમાં, યુફ્રેટીસ-ટીગ્રીસ નદીઓના તટ ઉપર સુમેર (હાલના ઈરાક)માં, ઈન્ડોગેજેન્ટીક તટ ઉપર ભારતમાં અને ચીનમાં ઉત્પન્ન થઈ તેમ જ વિકાસ પામી તેમાં અત્યંત સામ્ય હતું. આથી સોક્રેટીસ પૂર્વેની ગ્રીક સંસ્કૃતિમાં ઑર્ફિઝમ, એનેક્ઝીમેન્ડર, પાયથાગોરસ હેરકલયટસ, ઝેનોફેનીસ, પાર્મિનિડીસ, એમ્પોડોક્લીસ, એનેક્ઝેગોરસ, ડેમોક્રિટસ અને બીજાઓ થયા તેઓ ભારતીય અને ચીની સંસ્કૃતિ, જે તેમના પહેલાં સૌકાઓથી વિકાસ પામેલ હતી તેનાથી, તદ્દન અલિપ્ત રહ્યા હશે તેમ માનવું તે અતાર્કિક અને અવૈજ્ઞાનિક છે.

"હિસ્ટરી ઑફ ગ્રીક ફિલોસફી"ના લેખક પ્રો. ગુથ્રે પાયથાગોરસના પ્રશંસક છે અને તેમના પુસ્તકના ભાગ-૧માં તેમણે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પાયથાગોરસના જીવન સિદ્ધાંતોની સમીક્ષા અત્યંત ઝીણવટથી કરી છે. તેઓ જણાવે છે કે "પાયથાગોરસના વિચારોમાં પૌર્વાત્ય વિચારોની છાપ બાબત વિદ્વાનોમાં સારો રસ પેદા થયો છે અને તેમના સંબંધો ફક્ત ઈરાન (પર્શીઆ) સાથેના જ નહિ પરંતુ ભારત અને ચીન સાથેના પણ હતા તેવું સાબિત કરવાના પ્રયત્નો થયા છે પરંતુ "ઝેલર" કહે છે તેમ ભારત અને ચીન સાથેના તેમના સંબંધોનો પુરાવો ઘણો "નબળો" છે. તેઓ વિશેષમાં જણાવે છે કે "પાયથાગોરસના પુનર્જન્મ વિશેના વિચારો તથા માંસાહારનો નિષેધ અને સંખ્યામય સૃષ્ટિ રચના બાબતની તથા બીજી રહસ્યની વાતો ઉપરથી તેઓની "ભારતીયતા" બાબત તથા બે વિરોધાભાસી તત્ત્વોની ચાઈનીઝ "ચીન-યાંગ" સિદ્ધાંત સાથેની સરખામણીથી તેઓના ચીન સાથેના સંપર્ક બાબત આવી અસર ઉત્પન્ન થાય, પરંતુ તે પૂરતું નથી." (જુઓ. પા. ૨૫૧-૨૫૨)

બીજા એક લેખક પ્રો. જે. બી. લ્યુસ પણ તેમના પુસ્તક "ઈન્ટ્રોડક્શન ટુ ગ્રીક ફિલોસોફી"માં જણાવે છે કે "જે કોઈ વ્યક્તિ "ભારતીય વિચારસરણીથી વાકેફ છે તેને પાયથાગોરસના વિચારો અને ભારતીય વિચારોમાં નોંધપાત્ર સામ્ય જણાયા વિના રહેશે નહિ અને વધારે અગત્યની હકીકત તો એ છે કે ભારતના સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ પાયથાગોરસના સકાલીન હતા. આમ છતાં બંને વિચારસરણીઓએ એકબીજા ઉપર અસર કરી હોય તેવી શક્યતા ઘણી દૂરની (Remote) છે." (જુઓ પા. ૩૫)

આનો અર્થ એમ થયો કે આ વિદ્વાનના મત મુજબ ગૌતમ બુદ્ધની વિચારસરણી ભારતમાંજ સીમિત પડી રહી અને પાયથાગોરસની ભૂમધ્ય સમુદ્રના તટવર્તી પ્રદેશોમાં જ અટવાઈ રહી અને તેમ છતાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બંને સ્વતંત્ર રીતે એક જ વિચારના બની ગયા !!

પ્રો. બર્નેટ પણ આજ પ્રકારનો વિચાર ધરાવે છે. આ ઉપરથી એવી છાપ જરૂર ઊભી થાય છે કે પશ્ચિમના અમુક વિદ્વાનોને એ વાત પસંદ નથી કે પૂર્વના ચિંતકો પાસેથી પણ કાંઈક શીખી શકાય છે.

ખેર ! તે જે હોય તે; પાયથાગોરસે તદ્દન સ્વતંત્ર રીતે ભારતીય વિચારસરણીને અપનાવી તેમ માનીને આપણે આગળ ચાલીએ તો પણ તે વિચારસરણી શું હતી તે જોવાનું અગત્યનું છે.

**દાર્શનિક જીવન :**

પશ્ચિમમાં ગ્રીક સમયથી આજ સુધીમાં તત્ત્વચિંતનની દિશામાં ઘણા વિદ્વાનો થયા જેણે ભૌતિક વિજ્ઞાનની સાથે જ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે અતિ અમૂલ્ય ફાળો આપેલ છે. પરંતુ સામાન્યતઃ તેઓએ તત્ત્વજ્ઞાન (Philosophy) અને ધર્મ (Religion)ને જુદા જુદા વિષયો ગણ્યા છે. એટલે એક ફિલોસોફર ધાર્મિક પુરુષ પણ હોય તેવું તેમણે જરૂરી નથી ગણ્યું. ભારતીય સંસ્કૃતિનો અભિગમ આ બાબતમાં સારે અંશે ભિન્ન છે કારણ કે જે ફિલસૂફી જીવનમાં ઊતરી ન હોય તેની કિંમત એક બૌદ્ધિક વિલાસથી વિશેષ ભારતમાં અંકાઈ નથી. બુદ્ધિની તીવ્રતા કે વિશાળતા ગમે તેટલી હોય પરંતુ તેની અમુક સીમા તો છે જ કે જેથી વિશેષ આગળ તે જઈ શકતી નથી. આથી ઊલટું અનુભવની કોઈ સીમા નથી. સામાન્ય બુદ્ધિનો માણસ પણ મહાવીર કે બુદ્ધની કક્ષાએ પહોંચી શકે છે. જીસસ ક્રાઈસ્ટ, મહંમદ પયગંબર, રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, ગુરુદેવ નાનક, મહાત્મા કબીર, નરસિંહ મહેતા, સંત તુકારામ – તેમાંના કોઈ અતિ શિક્ષિત કે બુદ્ધિપ્રધાન નહોતા પરંતુ તેમના સ્વાનુભવને બળે તેઓ આજ સુધી જગતને દોરવણી આપી રહ્યા છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આથી જ તત્ત્વજ્ઞાન - ફિલસૂફીને - ભારતીયો "દર્શન શાસ્ત્ર" તરીકે ઓળખે છે - જે જોયું છે, અનુભવ્યું છે તેજ આખરી સત્ય છે. મર્યાદિત બુદ્ધિથી પ્રાપ્ત થયેલ નિષ્કર્ષ સત્ય હોય કે ના પણ હોય. કેમકે તે અનુભવની એરણ ઉપર મુકાએલ નથી.

મારે મન પાયથાગોરસના જીવનની અને તેણે પ્રરૂપેલ સિદ્ધાંતોની જે મહાનતા છે તે આ દષ્ટિએ છે કે તેઓએ જે કાંઈ કહ્યું તે પ્રમાણે જીવવાનો તેમણે પ્રયત્ન કર્યો અને બીજાઓને તે મુજબ જીવવાની પ્રેરણા આપી. તેમનું આ પ્રદાન તેમણે ભારત પાસેથી મેળવેલ હોય કે સ્વતંત્ર રીતે પ્રાપ્ત કરેલ હોય તે પ્રસ્તુત વાત નથી. પ્રસ્તુત વાત તો એ છે કે તેમણે જે વિચાર્યું તે અમલમાં મુકવાનો પ્રયત્ન કર્યો. માઈલેસીઅન ચિંતકોની પેઠે "To be is to be material" (જીવન એટલે ભૌતિક્તા) એમ કહીને બેસી રહ્યા નહિ પરંતુ "To be is to become" (જીવી બતાવવું તે જીવન)નો સિદ્ધાંત ગ્રહણ કર્યો.

કમનસીબે પશ્ચિમના અમુક વિદ્વાનો પાયથાગોરસના આ અભિગમને આવકારી શક્યા નથી — કદાચ સમજી શક્યા પણ નથી. અમેરિકાની યેલ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. રોબર્ટ બ્રુમબાઘ (Brumbaugh) તેમના પુસ્તક "ફિલોસોફર્સ ઑફ ગ્રીસ"માં પાના ૩૧ ઉપર ખરું જ કહે છે કે :

"Later historians, from the time of Aristotle on wards have found it difficult to see how the two sides of Pythogoreanism, the scientific and religious or ethieal, could have existed together, for by Aristotlel's time a sharp distinction between science and religion had come to the taken for granted" અર્થાત્ "એરિસટોટલ અને તેના પછીના ઈતિહાસકારો એ વસ્તુ સમજી શક્યા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નથી કે પાયથાગોરસના શિક્ષણમાં વૈજ્ઞાનિક અને ધાર્મિક તેમજ નૈતિક તત્ત્વો સાથે કેમ રહી શક્યાં ? આનું કારણ એ છે કે એરિસટોટલના સમયથી જ વિજ્ઞાન અને ધર્મ વચ્ચેનો ભેદ ઘણો જ સ્પષ્ટ છે તેવી સમજ ઘર કરી ગઈ છે."

હકીકતે વિજ્ઞાન અને ધર્મ વચ્ચેનો જે ભેદ છે તે કાર્યપદ્ધતિનો છે – અંતિમ લક્ષ્યનો નથી કેમકે અંતિમ લક્ષ્ય તો બંનેનું સત્ય શોધવાનું છે. અને તે લક્ષ્ય સિદ્ધ કરવા બંને એકબીજાના પૂરક બની શકે છે.

**આશ્રમનું ધર્મદષ્ટિએ સહજીવન :**

પાયથાગોરસ આ વાત સમજ્યા અને તેથી જ ધર્મની દષ્ટિએ જીવન જીવવા માટે વિજ્ઞાન કેવી રીતે મદદરૂપ થઈ શકે તેના પ્રયોગ માટે તેમણે આશ્રમ જીવનની શરૂઆત કરી. તેમના આશ્રમમાં તપોમય સહજીવન જીવવાની ભાવના હોવાથી સંપૂર્ણ શિસ્ત જાળવવામાં આવતી. પ્લેટો તેના "રીપબ્લીક"માં જણાવે છે તે રીતે "He lowed his reputation to establishing a certain way of life" એટલે કે "જીવન જીવવાની જે ચોક્કસ પદ્ધતિ તેણે સ્વીકારેલ તેનાથી તેને ખ્યાતિ મળી હતી." તેના આશ્રમમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પુરુષ તથા સ્ત્રીઓને દાખલ કરવામાં આવતાં. તેમની તમામની મિલકત સહમાલિકીની ગણવામાં આવતી એટલું જ નહિ પણ વૈજ્ઞાનિક અગર ગણિતશાસ્ત્રમાંની કોઈ નવી શોધ કરવામાં આવે તો તે પણ સંયુક્ત મહેનતની અને સહમાલિકીની ગણવામાં આવતી.

પાયથાગોરસના અનુયાયીઓના પરસ્પરના મૈત્રી સંબંધો, નિઃસ્વાર્થવૃત્તિ અને પ્રમાણિક્તા જાણીતાં હતાં. આ અંગેની એક વાર્તા એવી છે કે સીરેક્સ (Syrecuse) ના સરમુખત્યાર ડાયોનિસસે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(Dionysius) જ્યારે આ લોકોના મૈત્રી સંબંધોની વાત જાણી ત્યારે તેની ચકાસણી કરવા તેણે ડામોન (Damon) નામના એક અનુયાયીને કેદ પકડ્યો અને મોતની સજા ફરમાવી. આથી ડેમોને પોતાની કૌટુંબિક વ્યવસ્થા કરવાનો સમય માંગ્યો. ડાયોનિસસે તેની માંગણી એ શરતે કબૂલ રાખી કે તેના કોઈ મિત્રને બાનમાં રાખે. આથી ડેમોનનો મિત્ર પીથીઆસ (Pythias) બાન રહ્યો અને ડેમોન પાછો આવ્યો ત્યાં સુધી તેની બદલીમાં જેલમાં રહ્યો. ડાયોનિસસને ખાતરી થવાથી બંનેને ઈનામ આપી છોડી મૂક્યા અને પોતાને તેમની મિત્રતામાં ભેળવવા માંગણી કરી પરંતુ તે સ્વીકારાઈ નહિ.

પાયથાગોરસના અનુયાયીઓના સહજીવનના અનિવાર્ય ભાગ તરીકે સંગીત અને ગણિતને સ્થાન મળતું. એક વિદ્વાનના કહેવા પ્રમાણે તેના આશ્રમમાં "શરીરને સ્વચ્છ રાખવા દવા, અને આત્માને સ્વસ્થ રાખવા સંગીત"નો ઉપયોગ થતો, ખોરાક અને પાણી કેવા પ્રકારના લેવાય તે ઉપર ખાસ ધ્યાન આપવામાં આવતું અને દવા લેવા કરતાં નૈસર્ગિક બાહ્યોપચારને વિશેષ મહત્ત્વ અપાતું.

પ્લેટો જણાવે છે કે પાયથાગોરસ એક કુશળ વક્તા તથા શિક્ષક હતા અને તેમના અનુયાયીઓની અત્યંત પ્રશંસા અને પ્રેમ પામી શકતા હતા.

તેના આ કામમાં વ્યક્તિની યાદશક્તિની ખીલવણી માટે ખાસ કેળવણી આપવામાં આવતી, જેવી કે સવારમાં ઊઠીને આગલે દિવસે ક્રમબદ્ધ શું પ્રવૃત્તિ કરી તે યાદ કરી જવું. એમ કહેવાય છે કે પાયથાગોરસ પોતે પોતાના પૂર્વજન્મની વાતો યાદ કરી શકતા હતા.

તેમના આશ્રમવાસીઓને એવું શિક્ષણ આપવામાં આવતું કે જેવી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે માનવ સમાજ તેના જુદા જુદા વિભાગોમાં સામંજસ્ય જાળવીને જ પ્રગતિ કરી શકે છે તેજ રીતે આ વિશ્વ પણ તેના તમામ વિભાગોમાં સામંજસ્ય જાળવી શકે તો જ તે પ્રગતિ કરી શકે છે માટે દરેક માનવીની એ ફરજ થઈ પડે છે કે તેણે પોતાના જીવનમાં વ્યવસ્થા અને સામંજસ્ય વ્યવહાર જાળવવા.

તેઓ પોતાની વાતને "Sophos" (Wise man) તરીકે બીજા ફિલસૂફોની પેઠે ઓળખાવતા નહિ, પરંતુ "Philosophos" (lover of wisdom) (શાણપણના પ્રેમી) તરીકે ઓળખાવતા.

**કર્માનુસાર પુનર્જન્મ :**

તેઓ માનતા કે આત્મા છે અને તે અમર છે તેમ જ કર્માનુસાર નવો જન્મ લે છે. પશ્ચિમના વિદ્વાનોને આ વાત વિચિત્ર જણાતી હતી અને તેમના સમયમાં તો આવી વાત ગાંડપણવાળી લાગતી હશે તેથી તેમના જ સમયના એક બીજા ફિલસૂફ ઝેનોફેનીસે (Xenophanes) ઈ.પૂ. પાયથોગોરસના પુનર્જન્મના સિદ્ધાંતની મશ્કરી ઉડાવતા નીચેની વાત કવિતા રૂપે કહેલ છે :-

"એક સમયે પાયથાગોરસ એક સ્થળેથી પસાર થતા હતા ત્યારે તેમણે એક માણસને એક કૂતરાને મારતાં જોયો એટલે કૂતરા ઉપર દયા લાવીને પાયથાગોરસે તે માણસને કહ્યું "ભાઈ તેને તું માર મા કેમકે આ કૂતરાના અવાજ ઉપરથી હું જાણું છું કે પૂર્વજન્મમાં તે મારો મિત્ર હતો."

પ્રો. લ્યુસ તેમના ઉપરોક્ત પુસ્તકમાં જણાવે છે કે "આત્માના પુનર્જન્મના પાયથોગોરસના સિદ્ધાંતમાંથી નીચેની અગત્યની હકીકતો ફલીત થાય છે : (૧) વિશ્વના તમામ જીવો સાથેનુ સૌખ્ય (જૈન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પરિભાષામાં मित्तिमे सव्वभूएशु) (૨) આચાર શુદ્ધિ જેમાં હિંસા અને માંસાહાર નિષેધ આવી જાય છે (૩) શરીરના નાશ બાદ પણ આત્માનું અમરત્વ જે ગ્રીક "હોમર"માં આવેલ "ભૂત-પ્રેત"ના ઝાંખા ખ્યાલ કરતાં વિશિષ્ટ પ્રકારનો સ્પષ્ટ ખ્યાલ-પુનર્જન્મનો આપે છે અને છેલ્લે (૪) માણસમાંથી પશુયોનિમાં જન્મ પામનાર આત્માને તેનાં પૂર્વજન્મનાં કુકર્મો બદલ શિક્ષા મળે છે." (પા. ૩૪-૩૫)

ઝેનોફેનિસે તો પુનર્જન્મના સિદ્ધાંત ઉપર વ્યંગ કર્યો હશે પરંતુ ઉપર જણાવેલ સિદ્ધાંતોમાં પાયથાગોરસની તમામ શિક્ષાઓનો સમાવેશ થાય છે અને તે એ છે કે મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય શારીરિક અને ભૌતિક સુખોનો ત્યાગ કરી આત્માની શુદ્ધિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપર હોવું જોઈએ.

**આત્મ વિકાસનું લક્ષ્ય :**

અમેરિકન વિદ્વાન શ્રી કોર્નફોર્ડ (જેનો ઉલ્લેખ એનેકઝીમેન્ડરના વિચારોની ચર્ચા વખતે ઉપર કર્યો છે) પાયથાગોરસના સિદ્ધાંતો વિશે જણાવે છે કે "પાયથાગોરસે જે જે સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું છે તેનો હેતુ અદશ્ય ઈશ્વરી શક્તિ સાથે તમામ દુન્યવી વસ્તુઓની એકતા સાધવાનો, અને આ દશ્યમાન જગતની ક્ષણિકતા તેમજ અજ્ઞાનના અંધકારમાં દૈવી પ્રકાશના કિરણોને આડે આવતા ગંદવાડને દૂર કરવાનો હતો."

આત્માના વિકાસની અંતિમ કક્ષાને જૈનોએ "કૈવલ્ય"નું નામ આપેલ છે. કૈવલ્યને પ્રાપ્ત થયેલ આત્માની સ્થિતિ નિરપેક્ષ (જ્ઞાતા-દ્રષ્ટાની) જૈનોએ કલ્પી છે. જાણતાં કે અજાણતાં પાયથાગોરસે પણ સવોચ્ચ કક્ષાના આત્માની આવી જ કલ્પના કરી છે તે વિદ્વાન લેખક જહોન બર્નેટના નીચેના વિધાનથી સ્પષ્ટ થાય છે. "The best of all,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

however, are those who come simply "to look on." The greatest purification of all is therefore, disinterested science and it is the man who devotes himself to that, the true philosopher who has most effectally released himself from the wheel of birth" (p. 98 Early Greek Philo. 4th Ed) અર્થાત્ : સર્વોચ્ચ કક્ષાના (આત્માઓ) તો તેઓ છે કે જેણે ફક્ત દૃષ્ટાભાવ જ કેળવ્યો છે. જેની વૈજ્ઞાનિક શક્તિ તદ્દન નિરપેક્ષ બની છે તેનો આત્મા નિર્મળ બને છે અને ખરો તત્ત્વજ્ઞાની (જ્ઞાતા-દૃષ્ટાના ભાવવાળો) જન્મ-મરણના ફેરાને ટાળનારો બને છે."

પાયથાગોરસ હાલના મોટાભાગના ઘણા જૈનો કરતાં ઘણી ઊંચી કક્ષાના જૈન હતા તે તેમની નીચેની માન્યતાઓથી સ્પષ્ટ થશે.

(૧) આત્માનું પરમ લક્ષ્ય પરમાત્મ-સ્થિતિ પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ તેમ તેઓ માનતા.

(૨) તેઓ એમ માનતા કે આત્મા અમર છે અને કર્મના બળથી તે જુદા જુદા દેહે પુનર્જન્મ પામે છે.

(૩) "જ્ઞાન"ની સર્વોત્કૃષ્ટતામાં તેઓ માનતા.

(૪) ઈશ્વર નામની કોઈ બાહ્ય-શક્તિની હસ્તીમાં તેઓ માનતા નહિ.

(૫) કપીલના સાંખ્યની પેઠે તેઓને સંખ્યાના રહસ્યમાં વિશ્વાસ હતો અને માનતા કે "All things are numbers" (વિશ્વ રચના સંખ્યામય છે.)

(૬) તેઓ આંતરિક શુદ્ધિ ઉપર ભાર મૂકતા અને તેમના અનુયાયીઓને શુદ્ધ અહિંસા આચરવાનો અને કઠોળ જેવી અમુક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વનસ્પતિ પણ નહિ ખાવાનો તેમજ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનો અનુરોધ કરતા.

### વિશ્વની સંખ્યામય રચના :

માયલેશીયન ચિંતકોએ વિશ્વરચનાના મૂળમાં ભૌતિક પદાર્થની શોધ કરી. પાયથાગોરસના શિષ્યોએ વિશ્વરચનાનો ખુલાસો એ રીતે કર્યો કે સારુંય વિશ્વ સંખ્યામય છે આમ કેમ કહ્યું અને આનો અર્થ શું તે સમજવું ઘણું મુશ્કેલ છે. એક ખુલાસો એવો છે કે પાયથાગોરસના અનુયાયીઓ સંખ્યાની ગણત્રી આંકડાથી નહિ પરંતુ મૂળાક્ષરો a, b, c, d વગેરેથી અને તેના ત્રિકોણાકાર, ચોરસ આકાર કે લંબચોરસ આકારમાં ગોઠવીને કરતા. દા.ત. એક બિંદુ એટલે "a" અને બે બિંદુઓ થાય તો એક લાઈન થાય અને તે a...a તરીકે મુકાય એટલે સમજાય કે સંખ્યા બેની છે તે રીતે ત્રણની સંખ્યા કહેવા માટે ત્રિકોણ રચાય વગેરે. પરંતુ આમ કરવાનો હેતુ શું અને તેથી તત્ત્વજ્ઞાન અગર નૈતિક જીવનને શું તેમજ કેવી રીતે અસર પહોંચે તે સમજવું મુશ્કેલ છે. શ્રી બર્ટ્રાન્ડ રસેલ આ બાબતનો ખુલાસો નીચે મુજબ કરે છે :

"Pythagoras, as everybody knows, said that "all things are numbers." This statement, interpreted in a modern way, is logically non-sense, but what he meant was not exaetly non-sense. He discovered inportance of numbers in music, and the connection which he established between music and arithmetic survives in the mathematical terms "harmonie mean" and "harmonie progression." He thought of numbers as shapes, as they appear on the dice or playing cards..., He presumably thoutght the world as atomic, and of bodies as bruilt up of molecules composod of atoms arranged in various shapes. In

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

this way he hoped to make arithmetic the fundamental study in physics as in aesthetics." (p. 35 "History of World Philosophy") અર્થાત્ બધા જાણે છે કે પાયથાગોરસ કહેતા કે "તમામ વસ્તુઓ ફક્ત આંકડા જ છે." આધુનિક દૃષ્ટિએ જોઈએ તો આવું કથન અક્કલહીન જણાય પંરતુ તદ્દન તેમ નથી. સંગીતમાં સંખ્યાનું સ્થાન તેમણે જોયું અને તેથી સંગીત અને ગણિત વચ્ચેનો સંબંધ તેણે જે સ્થાપ્યો તે આજે પણ ગણિતની ભાષામાં "હારમોનિક મીન "અને " હારમોનિક પ્રોગ્રેસન " તરીકે ઓળખાય છે. તેઓ (પાયથાગોરસ) આંકડાઓને આકારના સ્વરૂપમાં જોતા હતા. જેવી રીતે આપણે ગંજીફાનાં પાના ઉપર તેમજ રમત રમવાના પાસા (દાણા) ઉપર જોઈએ છીએ.......એવું શક્ય છે કે તેઓ આ વિશ્વને અણુઓથી ભરેલ જોતા હશે અને વિશ્વની વસ્તુઓ જુદા જુદા અણુ પરમાણુઓની બનેલ જુદી જુદી આકૃતિઓ છે તેવી તેમની માન્યતા હશે. આ રીતે અંકશાસ્ત્રને પદાર્થ વિજ્ઞાન અને આધિભૌતિક વિજ્ઞાનના પાયારૂપ ગણવાનો તેમનો પ્રયાસ જણાય છે."

પાયથાગોરસના આ પ્રકારના અભિગમને પરિણામે તેમણે તથા તેમના અનુયાયીઓએ ગણિતશાસ્ત્રમાં અને ખાસ કરીને ભૂમિતિમાં ઘણી પ્રગતિ કરી. શાળાના વિદ્યાર્થીઓ જેનાથી પરિચિત છે તે પાયથાગોરસ થએરમની શોધ ભૂમિતિમાં અતિ અગત્યની ગણાય છે. તે શોધ મુજબ કોઈ ત્રિકોણ જેનો એક ખૂણો કાટ-ખૂણો (નેવુ ડિગ્રીનો) હોય તો તે કાટ-ખૂણાની બે બાજુઓના વર્ગનો સરવાળો કાટ-ખૂણા સામેની ત્રીજી બાજુ જેને હાઈપોપોટેન્યુસ (hypotenuse) કહેવાય છે તેની લંબાઈના વર્ગ જેટલો થાય. જે ત્રિકોણની ત્રણ બાજુઓના માપ ૩,૪ અને ૫ ના હોય તે ત્રિકોણનો લાઈન ૩ અને ૪ વચ્ચેનો ખૂણો

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કાટખૂણો જ હોય - આ પ્રકારની હકીકત તે સમયના ઈજિપ્તવાસીઓ તો જાણતા જ હતા પરંતુ $૩^2 + ૪^2 = ૫^2$ એટલે ૯ + ૧૬ = ૨૫ તેવી શોધ તો પાયથાગોરસે કરેલ.

બીજો પ્રશ્ન એ થાય છે કે ભૂમિતિના જ્ઞાનથી તત્ત્વજ્ઞાનના વિષયને શું ફાયદો થાય ? તેના જવાબમાં એમ કહેવાય છે કે ભૂમિતિમાં ઉપસ્થિત થતા પ્રશ્નોના ઉકેલની પદ્ધતિ એવી છે કે એક સ્વયંસિદ્ધ (Self evident) સિદ્ધાંત (axiom) થી શરૂઆત કરો અને તેમાંથી નિષ્પન્ન થતાં તાર્કિક પરિણામો નોંધતા આગળ વધો (Deductive Process) આ જ રીતે તત્ત્વજ્ઞાનના વિકાસમાં સ્વયંસિદ્ધ સિદ્ધાંત જે અનુભવમાં આવેલ હોય તેમાંથી એક પછી એક નિષ્પન્ન થતા પરિણામોની નોંધ લો અને છેવટનો નિર્ણય મેળવો.

આ રીતે અંકગણિતની ચોકસાઈ અને ભૂમિતિની તાર્કિક પદ્ધતિનો ઉપયોગ તત્ત્વજ્ઞાન અને ધાર્મિક સિદ્ધાંતોમાં થવાથી ગ્રીક ચિંતનની દિશાને વૈજ્ઞાનિક સ્વરૂપ મલ્યું, અને વિશ્વરચનામાં વ્યવસ્થા તેમજ સામંજસ્ય છે માટે માનવજીવનમાં પણ તેવા પ્રકારની વ્યવસ્થા તથા સામંજસ્ય સ્થાપિત થવું જોઈએ તેવી ભાવના જાગૃત થઈ.

ક્રોટસનો આશ્રમ કોઈપણ કારણસર ત્યાંની પ્રજામાં અળખામણો થયો તેથી પાયથાગોરસને તે છોડીને દક્ષિણ ઈટાલીમાં "મેટા પોન્ટીઅન" નામના શહેરમાં વસવાટ કરવો પડ્યો જ્યાં તેઓ બાકીના જીવન પર્યંત રહ્યા.

●

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## હેરક્લિટસ (Heracletus) ઈ. સ. ૫૩૫-૪૭૫

**એક રાજવંશી તત્ત્વજ્ઞ :**

સોક્રેટીસ પૂર્વેના ગ્રીક તત્ત્વજ્ઞોમાં એક તદ્દન મૌલિક અને નવીન ભાત પાડનાર આ ફિલસૂફના ત્રણ મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ હતા : ૧. આ વિશ્વના તમામ પદાર્થો સતત્ પરિવર્તનશીલ છે. ૨. આ સૃષ્ટિના સંચાલનનું મૂળ તત્ત્વ અગ્નિ છે. ૩. સામાન્ય નજરે વસ્તુના વિરોધાભાસી તત્ત્વો તે વસ્તુના અંતર્ગત અંગ રૂપે જ છે અને સૃષ્ટિની પ્રગતિ માટે તે તત્ત્વો વચ્ચેનું ઘર્ષણ અનિવાર્ય તેમજ જરૂરનું છે.

તેમના આ સિદ્ધાંતોની ચર્ચા કરતાં પહેલાં તેમના જીવનની પાશ્ચાત ભૂમિકા ઉપર નજર કરીએ. તેમનો જન્મ એશિયા-માઈનોરમાં આવેલ ઈફેસસ શહેરના રાજકુટુંબમાં થયેલ. આ શહેર એથેન્સના રાજવી કોડ્રુસના પુત્ર એન્ડ્રોકલુસે વસાવેલ અને તેના રાજકુટુંબમાં હેરકિલટ્સ જન્મેલ અને તે રાજગાદીના વારસ હતા. પરંતુ તેમને રાજકારણ કરતાં તત્ત્વજ્ઞાનમાં વિશેષ રસ હતો અને રાજકરણ તથા રાજકારણીઓને તેઓ તુચ્છ ગણતા તેથી રાજગાદી ઉપરનો પોતાનો હક્ક જતો કરીને તેમના ભાઈને ગાદી સોંપી પોતે તત્ત્વજ્ઞાનમાં જ રસ લીધો. આ કારણે તેમની અહમ્વૃત્તિ એટલી સતેજ હતી કે તેમના જમાનાના તેમજ તેમની પહેલાંના જે તત્ત્વજ્ઞો થયા તેમને તથા તેમના વિચારોને તેઓ તિરસ્કારવૃત્તિએ જોતા અને સામાન્ય માનવી માટે કે લોકશક્તિ માટે તેમને જરાપણ માન હતું નહિ. તેમનાં લખાણો પયગંબરી ભાષામાં સૂત્રાત્મક શૈલીમાં લખાયાં છે.

એક વખત તેઓ બાળકો સાથે સોગઠીની રમત રમતા હતા ત્યારે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ રાજપુરુષે તેમને પૂછ્યું કે તેઓ રાજપુરુષ તેમજ તત્ત્વજ્ઞ હોઈને બાળકો સાથે સોગઠીઓ રમવાનું કામ પસંદ કરે છે? જવાબમાં તેમણે કહ્યું "તમારા જેવા નકામા માણસોને આવું આશ્ચર્ય કેમ થાય છે ? તમારી સાથે રાજકારણ રમવા કરતાં આ રમત વધુ સારી છે."

તેઓ કહેતા "દસ હજાર માણસોના ટોળા કરતાં એક શ્રેષ્ઠ વ્યક્તિની સંગતિ તેઓને વધુ પસંદ છે." (સૂત્ર ૪૯) "એક યોગ્ય વ્યક્તિની શીખામણ માન્ય રાખવી તે પણ એક કાનૂન છે. "(સૂત્ર ૩૩)" બંડખોરીને દાબતાં પહેલાં ઉદ્ધતાઈ ને તુરત જ દાબી દેવી જોઈએ." (સૂત્ર ૪૩)

તેઓનાં થોડાં સૂત્રો આ બાબતમાં નીચે મુજબ છે :-

(૧) જે રીતે ઊંઘમાં સ્વપ્નાં દરમિયાન થયેલ પ્રસંગોનું ભાન માણસોને રહેતું નથી તેજ રીતે જાગૃત અવસ્થામાં પણ તેઓએ શું કર્યું છે તેનું ભાન રહેતું નથી. (સૂત્ર ૧)

(૨) સામાન્ય રીતે માણસો કેવી રીતે સાંભળવું અગર બોલવું તે જ જાણતા નથી. (સૂત્ર ૧૯)

(૩) મૂર્ખાઓ જે કાંઈ સાંભળે છે તે બધિરોની પેઠે સાંભળે છે. કહેવત છે કે તેઓ હાજર હોવા છતાં ગેરહાજર છે. (સૂત્ર ૩૪)

(૪) ગધેડાઓને સોના કરતાં કચરો વધુ પસંદ પડે છે. (સૂત્ર ૯)

(૫) અજાણ્યા માણસો સામે કૂતરા વિશેષ ભસે છે. (સૂત્ર ૯૭)

ડાયોજીનીસ લખે છે કે "તેઓ કોઈના પણ શિષ્ય થયા નથી પરંતુ તેઓ આત્મચિંતનથી જ પોતાના સિદ્ધાંતો મેળવી શક્યા હતા." તેમના પોતાના કહેવા મુજબ "મેં મારી જાતને શોધી છે."

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની પૂર્વેના ચિંતકો માટે તેમને કોઈપણ પ્રકારનું માન હતું નહિ. તેમના સમકાલીન પાયથાગોરસને તો તેઓ "ઠગોના રાજા" (Prince of Cheats) કહેતા !!

પૂર્વ ચિંતકોને ઉદ્દેશીને તેઓ કહે છે : "જો ઘણા વિષયોનો અભ્યાસ કરવાથી ખરી સમજ અને ડહાપણ આવી શકતાં હોત તો હેસિયડ, પાયથાગોરસ અને ઝેનોફેનિસ વગેરે સમજદાર અને ડાહ્યા હોત."

આ રીતે પોતાની જાતને માટે અત્યંત માન ધરાવતા આ રાજવી-તત્ત્વજ્ઞાનીનું પ્રદાન શું હતું તે જોઈએ.

**બ્રહ્માંડની પરિવર્તનશીલતા :**

આ વિશ્વની રચના તમામ વ્યક્તિઓ કે પદાર્થો માટે એક સરખી જ છે. તેને કોઈ "ઈશ્વરે" કે વ્યક્તિએ બનાવેલ નથી તે અનાદિ તેમજ અનંત છે. તેનું પ્રેરક બળ અગ્નિ છે અને તે સતત પરિવર્તનશીલ છે. (સૂત્ર ૩૫)

ભગવાન બુદ્ધ જે હેરકિલટસ પહેલાં થઈ ગયા તેમના ક્ષણિકવાદ અને સતત પરિવર્તનશીલતાને તેમણે સ્વીકારી તે બુદ્ધના તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થઈને કે સ્વતંત્ર રીતે તેનો કોઈ ખુલાસો મળતો નથી પરંતુ અગાઉ જણાવ્યું તે પ્રમાણે ભારત સાથેનો ગ્રીક સંબંધ તથા મધ્ય એશિયાના પ્રદેશો સાથેનો વ્યાપારી સંબંધ સમુદ્ર માર્ગે તેમજ જમીન માર્ગે હજારો વર્ષ જૂનો રહ્યો છે અને બુદ્ધ ધર્મનો પ્રચાર પણ મધ્ય એશિયામાં ઘણો વ્યાપક રહેલ છે તેથી હેરકિલટસ બૌદ્ધ વિચાર સરણીથી પ્રભાવિત થયા હોય તે વિશેષ બનવા યોગ્ય છે. હેરકિલટસના નદીના પાણીનાં તેમજ અગ્નિ-શીખાનાં બે દૃષ્ટાંતો, જે પરિવર્તનશીલતાના સમર્થનમાં તેમણે આપ્યાં, તે વરસો પહેલાં ભગવાન બુદ્ધે વિશ્વને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આપેલ. તે બંન્ને દષ્ટાંતો એ મુજબ છે કે તમો નદીના વહેતા પ્રવાહમાં પગ રાખો છો ત્યારે ક્ષણે ક્ષણે નૂતન જલ બિન્દુઓનો સ્પર્શ થાય છે તેથી એક નદીના એક જ પ્રવાહને તમો બીજી વખત સ્પર્શી શકતા નથી. નદીના પ્રવાહની પેઠેજ જીવનનો પ્રવાહ અને વિશ્વના તમામ પદાર્થો સતત ગતિશીલ છે અને જે આજ છે તે ક્ષણ બાદ નથી. આથી હું "છું" પણ ખરો અને "નથી" પણ ખરો કારણ કે "હું છું" તેવા ઉચ્ચારણની સાથે જ "હું" નું વર્તમાન સ્વરૂપ નદીના પ્રવાહની જેમ બદલાઈ ગયું હોય છે. જે વસ્તુઓ સ્થિર દશ્યમાન છે તેમાં પણ સતત પરિવર્તન થયા કરે છે કે જે દશ્યમાન નથી. સંસારનો અર્થ જ ગતિ છે. (સંસ્કૃત શબ્દ सृ–सर છે જેનો અર્થ ગતિશીલતા થાય છે)તેના ઉપરથી "સાંસાર" શબ્દ થયો છે.)

બીજું દષ્ટાંત અગ્નિશીખાનું છે. અગ્નિશીખા એક સરખી બળતી જણાય છે પરંતુ હરક્ષણે નવું તેલ બિન્દુ શીખાની વાટ મારફત બળે છે.

આ બંન્ને દષ્ટાંતો મૂળ તો ભગવાન બુદ્ધનાં આપેલાં છે અને તે જ દષ્ટાંતોનો ઉપયોગ હેરકિલટસે પોતાના પરિવર્તનશીલતાના સિદ્ધાંતના ટેકામાં કરેલ છે, તે જ-બુદ્ધના શિક્ષણની અસર હોવાની વાતને ટેકો આપે છે.

તેમનાં નીચેનાં વિધાનો પણ ભારતીય સંસ્કૃતિની ઊંડી છાપ ધરાવે છે.

"God is day and might winter and summer, war and peace surfeit and hunger; but He takes various shapcs, just as fire when it is mingled with spices is named according to the savour of each. (R.P.39) અર્થાત્ : "રાત્રી અને દિવસ શિયાળો અને ઉનાળો,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

યુદ્ધ અને શાંતિ, તૃપ્તિ અને ભૂખ - તે તમામ ઈશ્વરમય છે પરંતુ અગ્નિમાં જુદા જુદા પ્રકારના મસાલા નાંખવાથી તેની જુદી જુદી સુગંધ આવે છે તેમ ઈશ્વર પણ જુદાજુદા સંસર્ગથી ભિન્ન પ્રકારે દેખાય છે." "To God all things are fair and good and right but men hold some things wrong and some right" અર્થાત "ઈશ્વરને મન સારું-નરસું બધું સરખું જ છે અમુક વસ્તુ સારી છે અને અમુક ખરાબ છે તે તો માનવીની કલ્પના જ છે. "you will not find boundaries of soul by travelling in any direction , so deep is the measure of it "(R.P.41) અર્થાત :- આત્માનું ઊંડાણ એટલું ગહન છે કે કોઈ એક ચોક્કસ દિશામાં જવાથી તેને શોધી શકાશે નહિ.—સરખાવો :-જૈન માન્યતા મુજબ આત્મા સ્ફટિક રૂપે હોઈ જે કર્મના સંસર્ગમાં આવે તે કર્મના રૂપ રંગ ગ્રહણ કરે છે અને આત્મા સ્વરૂપે નિઃસંગ છે પરંતુ પર્યાયે બદલાતો ભાસે છે. તેને પામવાની કોઈ ચોક્કસ દિશા નથી. તેની ગહનતા ઘણી ઊંડી છે. વૈદિક માન્યતા મુજબ પણ एकोहम बहुस्याम । "વિવિધતામાં પણ હું એક જ છું " વેદોએ કહ્યું- पूर्णात पूर्णमवगच्छते -पूर्णमेव अवशिष्यते । અર્થાત્ પૂર્ણમાંથી પૂર્ણ લઈ લો તો પણ પૂર્ણ જ બાકી રહે છે તેવું ઈશ્વરનું સ્વરૂપ છે. હેરક્લિટસ જાણતાં કે અજાણતાં ભારતીય તત્ત્વજ્ઞાનની કેટલા નજદીક આવી ગયા ? આ બાબતમાં અમેરિકન વિદ્વાન કોર્નફોર્ડ જણાવે છે કે :-

"The secret seemed to Heraclis to lie in the notion that the continuity of life is not broken by death, but rather renewed. "Death" in fact is not "perishing", it is neither an end nor a dissolution; the one life revolves in an endless circle and its unity is such that it cannot be dissolved or broken up in parts (p 185-186 of "Religion to "Philosophy") અર્થાત :-

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

"હેરકિલટસના મત મુજબ મૃત્યુથી જીવનનો અંત નથી આવતો પણ જીવ પુનર્જન્મ પામે છે. મૃત્યુ બાદ પણ જીવ જીવન મરણના અનંત ફેરામાં પડે છે અને એક જન્મમાંથી બીજા જન્મમાં જઈને જીવનયાત્રા સળંગ રીતે ચાલ્યા કરે છે."

સોક્રેટીસ, પ્લેટો અને એરિસ્ટોટલ બાદ પશ્ચિમમાં ઈસાઈ ધર્મની અસર નીચે તત્ત્વ ચિંતનની આ દિશામાં પલટો આવ્યો અને જીવના જન્મ મરણના ચક્રના ખ્યાલને હસી કાઢવામાં આવ્યો પરંતુ મૌલિક વિચારના ચિંતકોએ પશ્ચિમના દેશોમાં પણ પુનર્જન્મના ખ્યાલને તદ્દન તાર્કિક ગણી સ્વીકાર્યો છે અને કોઈ એક અજાણ્યા "કયામત" ના દિવસે "ઈશ્વર" નામની સત્તા (કે વ્યક્તિ ?) હિસાબનીશ દુકાનદારની પેઠે ચોપડો લઈ મૃત્યુ પામેલા તમામ મનુષ્યોને જીવતા કરી તેમના કર્મની જમા ઉધારીનો હિસાબ ગણી નર્કાગારની સજા કરશે કે સ્વર્ગારોહણનું સુખ બક્ષશે તેવા બાળ-ખ્યાલોને રદિયો આપેલ છે.

**સૃષ્ટિનું મૂળ તત્ત્વ અગ્નિ :**

થેલીસના ખ્યાલ મુજબ આ સૃષ્ટિનું ચાલકબળ પાણી છે. એનેકઝીમીનીસના ખ્યાલ મુજબ આ ચાલકબળ હવા છે. એનેકઝીમેન્ડરના ખ્યાલ મુજબ તે કોઈ અસીમ તત્ત્વ છે જે સ્વરૂપે ભૌતિક છે. પાયથાગોરસ તત્ત્વજ્ઞાનમાં વધુ ઊંડા ઊતર્યા અને કર્મના સિદ્ધાંતની તદ્દન નજદીક ગયા. પરંતુ હેરકિટસના મત મુજબ સૃષ્ટિનું ચાલકબળ અગ્નિ છે. માણસ માત્ર કે જીવ માત્રની તમામ પ્રવૃત્તિઓનું બળ તેઓમાં રહેલ અગ્નિ (ગરમી) ઉપર જ આધાર રાખે છે. હકીકતે આપણામાં રહેલ અગ્નિ પાણીમાં અને પાણી પૃથ્વીમાં સતત પરિવર્તિત થયા કરે છે અને તેનાથી ઊલટી પ્રતિક્રિયા - પૃથ્વીનું પાણી અને પાણીનું અગ્નિ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

- તે રીતે ચાલ્યા કરે છે તેથી આ સતત ચાલતા ફેરફારોનું આપણને ભાન થતું નથી - તેમ હેરકિલટસ માને છે. તેમની માન્યતા મુજબ આ સતત ચાલતા ફેરફારોમાં જ્યારે અગ્નિ, પાણી અને પૃથ્વીના પ્રમાણોમાં સમતુલા જળવાય નહિ ત્યારે વિવિધ પ્રકારના ફેરફારો શરીરની પ્રક્રિયામાં થયા કરે છે. વિષય સુખ અગર ક્રોધ, કામ, માયા વગેરે કષાયોથી આત્મામાં ભિનાશ વધે છે અને અગ્નિનો પ્રભાવ કમ થાય છે. તેમના સૂત્ર પ્રમાણે "Fire, with measures of it kindling and measures going out" અર્થાત્ "અગ્નિના પ્રમાણના વધઘટ મુજબ આત્માની પ્રગતિ - અવગતિ થાય છે."

"અગ્નિ"ને આત્માની તેજસ્વીતાના રૂપમાં લઈએ તો હેરકિટસનું મંતવ્ય ભારતીય માન્યતાની નજદીક આવી શકે છે.

**ઘર્ષણની અનિવાર્યતા :**

હેરકિલટસને મતે સૃષ્ટિમાં જે વિરોધાભાસી તત્ત્વો જણાય છે તેમનું સ્વતંત્ર અસ્તિત્ત્વ નથી પરંતુ તે બન્ને તત્ત્વો એક જ સ્રોતમાંથી જન્મે છે અને તેનો આવિર્ભાવ થયા બાદ તે બન્ને વચ્ચે જે ઘર્ષણ થાય છે તે અનિવાર્ય અને જરૂરનું છે કારણ કે તેનાથી જ સંસારમાં પ્રગતિ થાય છે. આ અંગેનાં તેમનાં સૂત્રો છે : "good and ill are one" "સારું અને નરસું તે બન્ને એક જ પદાર્થ છે." "The one is made un of all things and all things issue from the one" એકમાં બધી વસ્તુઓ સમાવિષ્ટ છે અને એકમાંથી જ બધી વસ્તુઓ ઉદ્ભવે છે." આ રીતે "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ"નો ખ્યાલ આપી બે વિરોધાભાસી તત્ત્વો પણ "હરિ"માંથી ઉત્પન્ન થયા છે અને તે વચ્ચેનું ઘર્ષણ છેવટે પ્રગતિમાં પરિણમે છે તેમ કહી હેરકિલટસે ત્યારબાદના ગ્રીક તત્ત્વવેત્તા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પરમેનીડીસ તેમજ ભારતના આદિ શંકરાચાર્યના "બ્રહ્મમય" જગતના ખ્યાલનો તેમજ જર્મન તત્ત્વવેત્તા હેગલના Thesis- Anti- Thesis-synthesis (સ્થિતિ-પ્રત્યાઘાત-સમન્વય)નો પાયો નાંખ્યો.

તેમની પૂર્વેના તત્ત્વજ્ઞ એનેકઝીમેન્ડરના મત મુજબ પણ "All things are made of some common stuff" "તમામ પદાર્થો એક જ વસ્તુમાંથી ઉત્પન્ન થયા છે. અહીં સુધી હેરકિલટ્સ પણ એકમત થયા છે. પરંતુ એનેકઝીમેન્ડરના મત મુજબ બે વિરોધાભાસી તત્ત્વોના સંઘર્ષને પરિણામે જે તત્ત્વને નુકસાન થયું છે તેનો ન્યાયી (Just) બદલો પણ મળે છે (જુવો પા. ૨૭). અહીં હેરકિલટસ સહમત થતા નથી કારણ કે તેમના મત મુજબ બે વિરોધાભાસી તત્ત્વો વચ્ચેનો સંઘર્ષ ઇચ્છનીય હોવાથી "બદલા"નો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

ઘર્ષણથી સંવાદ ઉત્પન્ન થાય છે તેના દાખલામાં હેરકિલટસ વીણાના તાર સાથેના તેના ધનુષ્યના તારોના ઘર્ષણથી થતી મધુર સુરાવલીને ટાંકે છે.

હેરકિલટસના આ મંતવ્યમાં સત્યાંશ જરૂર છે પરંતુ પૂર્ણ સત્ય નથી કારણ કે તે ઘર્ષણથી ઉત્પન્ન થતી વિષમતાઓને ધ્યાનમાં લેતા નથી તેમજ પ્રગતિ માટે ઘર્ષણ અનિવાર્ય નથી - ઘર્ષણ વિના સહકારથી પણ પ્રગતિ શકય છે.

એકંદર હેરકિલટસના વિચારો તેમના જમાનામાં તદ્દન મૌલિક અને નવી ભાત પાડનારા હતા તેમાં કોઈ શક નથી.

●

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## ઝેનોફેનીસ (Xenophanes) : ઈ. પૂ. ૫૭૦-૪૭૫

તેમની જન્મ તારીખ નક્કી નથી થઈ શકતી પરંતુ તેઓ હેરકિટસ અને પર્મેનીડીસના સમકાલીન હતા. તેમનો જન્મ આયોનિયામાં થયેલ પરંતુ તેમના જીવનનો મોટો ભાગ દક્ષિણ ઈટાલીમાં ગયો હતો. તેઓ મુખ્યત્વે એક કવિ હતા અને અગ્રગણ્ય બુદ્ધિજીવી હતા.

સૃષ્ટિની તમામ વસ્તુઓ પૃથ્વી અને પાણીથી બનેલ છે તેમ કહીને તેમણે ઈશ્વરના કર્તુત્વનો ઈન્કાર કર્યો છે પરંતુ ઈશ્વરનો ઈન્કાર નથી કર્યો કેમ કે તેમના મતે ઈશ્વર એકજ છે તેમજ સર્વવ્યાપી છે. તે કોઈ રૂપધારી તત્ત્વ નથી. તેમના કહેવા મુજબ જો કોઈ ઘોડાને કે બળદને કે સિંહને માણસના જેવી બુદ્ધિ અને કલા કૌશલ્ય હોત તો તે ઈશ્વરના સ્વરૂપને પોતાના જેવુંજ કલ્પેત. તેમના કહેવા મુજબ ઈશ્વર કોઈ અરૂપી તત્ત્વ છે જે સર્વ વ્યાપી છે અને "Without toil swayeth all things by force of His mind." (તે બધી વસ્તુઓ ઉપર પોતાના માનસિક બળથી સ્વામીત્વ ધરાવે છે) તેઓ વિશેષમાં જણાવે છે કે "It is impossible to asertain the Truth and even if a man should chance to say something utterly right, still he him self knows it not-there is no where anything but guessing " અર્થાત્ : "સત્યને પામવાનું અશક્ય છે અને કોઈ વ્યક્તિ કદાચ આ બાબત કાંઈક કહે જે સાચું હોય તો પણ તે પોતે તેમાં કાંઈ સમજતો નથી - તે જે કાંઈ કહે છે તે તો ફક્ત તેનું અનુમાન જ હોય છે."

આ રીતે ઈશ્વરીતત્ત્વ એક છે તેમ માનવા છતાં તેના સ્વરૂપ વિશે તેઓ કાંઈ કહેતા નથી. પરંતુ ગ્રીક તત્વજ્ઞાનમાં સર્વવ્યાપી અને સર્વશક્તિમાન એક તત્ત્વની વાત સ્પષ્ટપણે તેમણે પ્રથમ વખત કરી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે એલિયાટિક વિચાર-સરણી જે એકેશ્વરવાદમાં માને છે તેના પ્રથમ પુરસ્કર્તા તરીકે તેમની ગણત્રી થાય છે. અને ઈટાલીના એલિયા શહેરના જાણીતા તત્ત્વવેત્તા પાર્મેનિડીસે એકશ્વરવાદની પ્રેરણા તેમની પાસેથી લીધી તેમ મનાય છે.

ઝેનોફેનીસ મુખ્યત્વે કવિ હતા અને પુનર્જન્મમાં કે કોઈપણ પ્રકારના રહસ્યવાદમાં માનતા નહિ. પાયથાગોરસના પુનર્જન્મના વિચારોની તેમણે જે મજાક ઉડાવેલ તેનો ઉલ્લેખ અગાઉ પાયથાગોરસ અંગેના લખાણમાં થઈ ગયો છે.

•

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## પાર્મેનિડીસ (Parmenides) ઈ.પૂ. ૫૪૧ :

તેમનો જન્મ ઈટાલીના "એલિયા" શહેરમાં થયો હતો અને તેમની વિચાર-સરણી અને વ્યક્તિત્વથી તે સમયનો ગ્રીક સમાજ ઘણો જ પ્રભાવિત થએલ. તેમની વિચાર-સરણીના અનુમોદક તેમના શિષ્ય ઝીનો પણ તે સમયના અગ્રગણ્ય તત્વવેત્તા હતા. "એલિયા" એક સ્વતંત્ર શહેર હતું અને તેની રાજવ્યવસ્થામાં પારમાનિડીસનો સારો ફાળો હતો. આથી તેમની આગવી વિચાર-સરણીને "એલિયાટીક વિચાર ધારા" કહેવાય છે.તેઓ તથા તેમના શિષ્ય ઝીનો એથેન્સ ગયા હતા ત્યારે પાર્મેનિડીસ વૃધ્ધ ઉમરના હતા.તે સમયે સોક્રેટીસ તેમના મિત્રો સાથે પાર્મેનિડીસની મુલાકાતે ગયેલ.પાર્મેનિડીસ પાયથાગોરસ ના વિચારોથી સારી રીતે પ્રભાવિત થયેલ.

**ગ્રીક તત્ત્વજ્ઞોની શોધ ભૂમિકા ભૌતિક :**

વિશ્વરચનાના રહસ્યની તેમજ તેના સંચાલનના પ્રેરક બળની તાત્ત્વિક શોધમાં પડેલ ગ્રીક તત્ત્વજ્ઞોની શોધ ભૂમિકા મુખ્યત્વે ભૌતિક રહી તેથી આધિભૌતિક વિચાર-સરણીની તદ્દન નજીક આવી જવા છતાં તેમનું માનસિક વલણ ભૌતિક શોધનું હોવાથી તેમના ખુલાસાઓ ભૌતિક જ રહ્યા. તત્ત્વચિંતનની દિશામાં સૃષ્ટિના રહસ્યની શોધ કરવાવાળા પ્રથમ ચિંતક એનેકઝીમેન્ડર હતા જેમણે કહ્યુ કે સૃષ્ટિની રચનાનું મૂળ તત્ત્વ "અસીમ" છે. જે સીમારહીત હોવાથી અનાદિ અંનત છે અને ગતિશીલ પણ છે. આમ છતાં આ તત્ત્વ ભૌતિક છે તેવો નિર્ણય તેમણે જાહેર કર્યો.

આ અનાદિ, અનંત અને ગતિશીલ તત્ત્વ ભૌતિક હોઈ શકે નહિ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એવા ખ્યાલથી તેમણે ચિંતનની પ્રક્રિયા આગળ ચલાવી હોત તો કદાચ તે સમયના ભારતીય તત્ત્વ-ચિંતકોની પેઠે ચૈતન્યતત્ત્વ આત્માની શોધ તેમણે કરી હોત પરંતુ તેમનો પ્રયાસ તો સૃષ્ટિના ભૌતિક અસ્તિત્વ માંથી જ તેની રચનાનું મૂળ તત્ત્વ શોધવાનો હતો તેથી આ "અસીમ"તત્ત્વ કોઈ ભૌતિક વસ્તુ છે તેમ જણાવી અટકી ગયા.

પાયથાગોરસ આધિભૌતિક ચિંતનમાં જરૂર આગળ વધ્યા અને આત્મા, કર્મ તથા પુનર્જન્મના સિદ્ધાંતોમાં માનવા લાગ્યા પરંતુ સામાન્ય ગ્રીક માનસ ભૌતિકતાની શોધ પાછળ પડેલ તેથી તેની સાથેના સહ અસ્તિત્વ ધરાવતા હેરક્લિટ્સ અને ઝેનોફેનીસ જેવા બુદ્ધિજીવીઓએ તેમના વિચારોની મજાક ઉડાવી. આમ છતાં પાયથાગોરસનું વ્યક્તિત્ત્વ અને વિચાર-પ્રભાવ ચિંતકોના માનસ ઉપરથી દૂર કરી શકાય તેમ નહોતું. પરિણામે જે ચિંતન-દ્વીધા ઉત્પન્ન થઈ તેના નમૂના તરીકે પારમેનિડીસની વિચાર-ધારાને મૂકી શકાય પરંતુ તે વિશે ચર્ચા કરતાં પહેલાં તેના પુરોગામી ચિંતકો હેરક્લિટસ તથા ઝેનોફેનીસના વિચારોની અસર ગ્રીક ચિંતકો ઉપર કેટલે અંશે થઈ હશે તે જાણવું જરૂરનું થઈ પડશે. આપણે જોયું કે હેરક્લિટસે કહ્યું કે "તમામ પદાર્થો એક જ વસ્તુમાંથી ઉત્પન્ન થાય છે" અને જે સંઘર્ષાત્મક સ્થિતિ જણાય છે તે કોઈ બે સ્વતંત્ર પદાર્થોના સંઘર્ષથી નથી થતી પરંતુ તે બંન્ને મૂળભૂત એકજ વસ્તુમાંથી ઉત્પન્ન થયેલ પ્રવાહો છે. આ રીતે હેરક્લિટસે મર્યાદિત પ્રમાણમાં પણ એકેશ્વરવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો છતાં તે મૂળભૂત વસ્તુ શું છે તેનો પ્રકાર કેવો છે, વગેરે પ્રશ્નોમાં ઊંડા ઊતર્યા નહિ અને સૃષ્ટિનું ચાલકબળ ભૌતિક વસ્તુ અગ્નિ છે તેમ કહીને સંતોષ માન્યો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારબાદ ઝેનોફેનીસે સ્પષ્ટ રીતે જણાવ્યું કે સૃષ્ટિનું ચાલકતત્ત્વ એક જ છે જે સર્વવ્યાપી અને સર્વશક્તિમાન છે. આમ છતાં આ તત્ત્વ આધિભૌતિક છે તેવી સ્પષ્ટતા કરી નહિ.

**પાર્મેનિડીસનો અદ્વૈતવાદ :**

પાર્મેનિડીસ આ વિષયમાં અતિ ઊંડા ઊતર્યા અને ભારતના આદિ શંકરાચાર્યના અદ્વૈતવાદ ઉપર જ વજન મૂક્યું પરંતુ તેમ કરતાં એવા વિધાનો કર્યા કે તેઓ પણ કોઈ ભૌતિક વિષયની શોધોમાં જ હતા તેવો અભિપ્રાય તેમના બાદના અમુક વિદ્વાનોએ લીધો.

પાર્મેનિડીસે પોતાના સિદ્ધાંતોની રજુઆત બે વિભાગોમાં કરી છે. એક વિભાગને તેઓ "The way of Trust" (સત્યનો માર્ગ) કહે છે. જ્યારે બીજા વિભાગને "The way of opinion" (અભિપ્રાયનો માર્ગ) કહે છે. પ્રથમ વિભાગમાં તેમના પોતાના તત્ત્વચિંતનની ચર્ચા છે જે તેમની પોતાની મૌલિક છે. તેમાં ચર્ચાયેલ વિષયોને "બુદ્ધિના વિષયો" કહેવાય છે; બીજા વિભાગોમાં જે વિષયો ચર્ચાયા છે તેને "ઇન્દ્રિય-ગમ્ય વિષયો" કહેવાય છે આ વિભાગમાં ઇન્દ્રિય-ગમ્ય પદાર્થો જેવા કે ઠંડી-ગરમી હલકું-ભારે, પૃથ્વી, આકાશ, અવકાશી પદાર્થો વગેરેની ચર્ચા છે. તેમાં આ તમામ ભૌતિક પદાર્થો અને તેમાં ચાલતું ઘર્ષણ વગેરેનું નિયંત્રણ કોઈ ત્રીજું દૈવી તત્ત્વ કરે છે તેવી માન્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આવા દૈવી તત્ત્વને "બુદ્ધિના વિષયો"વાળા પ્રથમ વિભાગમાં સ્થાન નથી. તેમાં જે "સત્" તત્ત્વનો ઉલ્લેખ છે તેનું સ્વરૂપ નીચે મુજબનું છે :-

બ્રહ્માંડમાં જે "સત્" વસ્તુ છે તે "એક જ" (The one) છે અને તે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શાશ્વત તેમજ અવિભાજ્ય છે. બર્ટ્રાન્ડ રસેલ જણાવે છે કે : "The ONE" is not cenceived by Parmenides as we conceive God. He seems to think of it as material and extended, for he speaks of it as a sphere, but it can not be divided, because the whole of it is present everywhere. (p.48-49 History of Western Philosophy. 16 th ed). અર્થાત્ : "જે (સત્) "એક" છે તેની પાર્મેનિડીસની કલ્પના આપણી ઈશ્વરની કલ્પના છે તેવી નથી. તેમનો મત એવો જણાય છે કે આ "એક" ભૌતિક અને વ્યાપક વસ્તુ છે કારણ કે તેઓ આ વસ્તુનું સ્વરૂપ ગોળાકાર અને અવિભાજ્ય છે અને તે સમગ્ર રીતે સર્વ વ્યાપી છે તેમ જણાવે છે."

જે "સત્ય" પાર્મેનિડીસે એક અવિભાજ્ય અને શાશ્વત છે તેમ જણાવ્યું તેને ઉપર જણાવ્યું તે રીતે તેણે "ભૌતિક" સ્વરૂપ આપ્યું. આવું કેમ બનવા પામ્યું તેનો ખુલાસો મળતો નથી. અખંડ અને અવિભાજ્ય "સત્ય" જે "સર્વવ્યાપી" છે તે ભૌતિક કેમ હોઈ શકે ? જે ભૌતિક વસ્તુ છે તે શાશ્વત ન હોય અને સર્વવ્યાપી પણ ન હોય, તેમ અપરિવર્તશીલ પણ ન હોય. જે ભૌતિક છે તે ઇન્દ્રિય - પ્રત્યક્ષ છે અને પાર્મેનિડીસના મત મુજબ આભાસાત્મક છે અને તેથી "અસત્" છે અને તેનું જ્ઞાન ઇન્દ્રિયોના અભ્યાસથી મેળવી શકાય છે. આમ હોવા છતાં તેમણે કહ્યું કે "સત્" એક ગોળાકાર નક્કર પદાર્થ છે અને તે "સ્થળ" (Space) માં રહે છે. તેમના આ પ્રકારના વિધાનોથી તેઓ ભૌતિકવાદી છે તેવી માન્યતા બંધાણી - હકીકતે આ માન્યતા તેમના બીજા સૈદ્ધાંતિક વિચારો સાથે બંધ બેસતી નથી. "સત્" એટલે "જે હસ્તિ ધરાવે છે" તેને તેઓ "Being" કહે છે અને જણાવે છે કે : Being without begining and is indestrctible. It is universal, existing alone immovable and withont end. Nor was it, nor will it be"

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ : જે ("સત") અસ્તિત્ત્વ ધરાવે છે તેને કોઈ આદિ નથી અને તે નાશવંત પણ નથી. તે એકાકી અને વિશ્વવ્યાપી છે તેમજ સ્થાયી અને અનંત પણ છે. તે ભૂતકાળમાં "હતું " અને ભવિષ્યમાં "થશે" તેમ તેના વિશે કહી શકાય તેમ નથી." આ "સત"ને તેણે કોઈ વિશિષ્ટ પ્રકારનું નામ આપ્યા સિવાય "THE ONE" કહ્યું અગર "BEING" કહ્યું એટલે કે તે "એક" છે અગર "અસ્તિત્વ" ધરાવતી વસ્તુ છે તેમ કહ્યું. તે "એક" કે "અસ્તિત્ત્વ" વાળી વસ્તુ શું છે તે કહ્યું નહિ. તેનો અર્થ એ થયો કે તેમણે જે વસ્તુને અનાદિ અને અનંત કહી તે વસ્તુનું સ્વરૂપ તે કહી શક્યા નહિ. બીજા શબ્દોમાં કહીએ તો એક "વિચાર" રજુ કર્યો જે બુદ્ધિ દ્વારા રજુ થઈ શકે ઈન્દ્રિયો દ્વારા નહિ.

પાર્મેનિડીસના આ વિચારને સમજાવતાં વિદ્વાન લેખક જે બર્નેટ જણાવે છે કે :-

"Parmenides goes on to develop all the consequences of the admission that " it is". It must be uncreated and undestructible. It can not have arisen out of nothing; for there is no such thing as "nothing". Nor can it have arisen from something, for there is no room for anything but it self.What "is" can not have beside it any empty Space in which something else might arise, for empty space is nothing."Nothing" can not be thought and therefore can not exist. What "is" never come into being nor is anything going to come into being in the future. "Is it or is it not " ? If it is then it is now, all at onec" (p.181 Early Greek Philos.4th.Ed.) અર્થાત્ : "તે અસ્તિત્ત્વ ધરાવે છે" તેમ વિધાન કર્યા બાદ પાર્મેનિડીસ આ વિધાનમાંથી નિષ્પન્ન થતા પરિણામોની ચર્ચા કરે છે કે તે "અજન્મા" અને "અવિનાશી" છે. તે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

"નથી" (અનસ્તિત્ત્વ)માંથી ઉત્પન્ન થયું ન હોય કારણ કે "નથી" જેવી કોઈ વસ્તુ જ હસ્તી ધરાવતી નથી. તે કોઈ બીજી વસ્તુમાંથી પણ ઉત્પન્ન થયું હોય તેમ નથી કારણ કે તેની હસ્તીને કારણે (તે સર્વવ્યાપિ હોવાને કારણે) તેના સિવાય બીજી કોઈ વસ્તુ હોવાનો અવકાશ જ નથી, આથી (આવી અવકાશ રહીત જગ્યામાં) "અનસ્તિત્વ (જે નથી તે) ને કોઈ સ્થાન હોઈ શકે જ નહિ કારણ કે તેમાંથી કોઈ ઉદ્ભવે નહિ. જે "છે" (હસ્તી ધરાવે છે) તેનો કોઈ આદિ નથી અને તે ભવિષ્યમાં ઉત્પન્ન થશે તેવું ધારવાનો પણ કોઈ અવકાશ નથી. જે તત્ત્વ અસ્તિત્ત્વ ધરાવે છે તે કાં તો "છે" અગર તો "નથી" પરંતુ જો તે "છે" તેમ એક વખત સ્વીકારો તો તેનો સ્વીકાર સમગ્ર રીતે જ કરવો જોઈએ."

આ પ્રકારના તત્ત્વજ્ઞાનની નિષ્પત્તિ એ છે કે વિશ્વમાં ચરાચર જે કાંઈ દશ્યમાન છે તે "એક જ" છે જે કોઈ વિરોધાભાસી દેખાય છે તે પણ તે જ છે. દા.ત. જેને આપણે "અંધકાર" કહીએ છીએ તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી તે તો ફક્ત "પ્રકાશ"નો અભાવ જ છે, જેને "અસત્ય" કહીએ છીએ તે "સત્ય"નો અભાવ જ છે, તમામ અદ્વૈત છે. જ્યાં દ્વૈત દષ્ટિગોચર થાય છે તે ફક્ત ઈન્દ્રિયગમ્ય છે અને માત્ર આભાસ છે સત્ય નથી.

**તેમના અદ્વૈતની અસ્પષ્ટતા :**

આ રીતે પાર્મેનિડીસ આદિ શંકરાચાર્યની માફક અદ્વૈતના તત્ત્વજ્ઞાનમાં આવી ગયા પરંતુ તત્ સમયના ગ્રીક તત્ત્વજ્ઞોની પેઠે વિશ્વ સંચાલનના રહસ્યની શોધ ભૌતિક લક્ષી હોવી જોઈએ તે જાતની એક સંકુચિત મનોદશામાંથી તે મુક્ત થઈ શક્યા નહિ તેથી આ "સર્વવ્યાપિ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અનાદિ અને અનંત" એવું તત્ત્વ એક "ગોળાકાર" અને "નક્કર" પદાર્થ છે અને તે સ્થળમાં રહેલ છે તેવો વિરોધાભાસી ખુલાસો કર્યો. સાથોસાથ જે વસ્તુ ઇન્દ્રિય-ગમ્ય છે અને વિરોધાભાસી છે તેના ઉદ્ભવ અને વિકાસનું નિયંત્રણ "દૈવી" તત્ત્વ કરે છે એમ પણ કહ્યું. તે બધું દર્શાવે છે તેમની વિચારસરણીમાં જોઈએ તેવી સ્પષ્ટતા હતી નહિ. અદ્વૈતવાદની જે સ્પષ્ટતા આદિ શંકરાચાર્યમાં હતી તે આ ગ્રીક ચિંતકોમાં આવી શકી નહિ કારણકે તેમણે પોતાના ચિંતનને ભૌતિકતામાં સતત બાંધી રાખ્યું.

**પાર્મેનિડીસના બે માર્ગોનો વિચાર અને જૈન તત્ત્વજ્ઞાન :**

ઉપર જણાવ્યું તેમ પાર્મેનિડીસે પોતાના સિદ્ધાંતોને બે વિભાગોમાં વહેંચ્યા. એક વિભાગને "સત્યનો માર્ગ" કહ્યો અને બીજા વિભાગને "અભિપ્રાયનો માર્ગ" કહ્યો. તેમણે આ બે વિભોગોનાં નામકરણ અચૂક કર્યાં પરંતુ તેની ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે વિભાગને તેઓ "સત્યનો માર્ગ" કહે છે તે જૈન દર્શન જેને "જીવ" (આત્મા" અગર સાંખ્યોનું "પુરુષ") કહે છે તે છે અને જે વિભાગને "અભિપ્રાયનો માર્ગ" કહે છે તે જૈન દર્શન જેને "અજીવ" કહે છે તે છે. વિશ્વની રચના અને સંચાલન અંગેના ચિંતનના મૂળમાં જઈને અન્વેષણ કરવું હોય તો સ્પષ્ટ થાય છે કે સમસ્ત બ્રહ્માંડને વિવિધ પ્રકારની ગતિ આપી અનેક પ્રકારનું વૈવિધ્ય ઉત્પન્ન કરનાર એક બળ છે અને તે બળના જોરથી ગતિ પ્રાપ્ત કરનાર એક જુદી જ વસ્તુ છે. જે બળ ગતિ આપે છે તે ચૈતન્યસ્વરૂપ છે અને તેને ભારતીય ચિંતકોએ "જીવ", "આત્મા" અગર "પુરૂષ" નામ આપ્યું અને જે વસ્તુ આ બળ પ્રાપ્ત કરી ગતિ પામે છે તેને "અજીવ" નામ આપ્યું. આ જાતની વિચાર-સરણી વિશેષ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અન્વેષણાત્મક સાબિત થઈ કારણ કે તેમાંથી કુદરતી રીતે જ બીજા પ્રશ્નો ઊભા થયા. જેવા કે "અજીવ" અને "જીવ"નો સંસર્ગ ક્યારે થયો, શા માટે થયો, તેનું પરિણામ શું આવે ? આવા સંસર્ગનો અંત કદી આવી શકે ? જો હા, તો તે ક્યારે અને શા ઉપાયો યોજવાથી ?

આ પ્રકારના પ્રશ્નોના ઉકેલમાં ભારતીય ચિંતકોએ તત્ત્વજ્ઞાનનો જે વિકાસ કર્યો તે પશ્ચિમના આ તત્ત્વજ્ઞાનીઓ કરી શકયા નથી તેનું મુખ્ય કારણ એ જણાય છે કે તેઓની દૃષ્ટિ સૃષ્ટિનું રહસ્ય ભૌતિકતામાંથી જ શોધવાની રહી હતી.

પાર્મેનિડીસના બે શિષ્યો ઝેનો તથા મેલિસસ હતા. તે બન્નેએ પોતપોતાની રીતે પાર્મેનિડીસના સિદ્ધાંતોને ટેકો આપ્યો, અને એલિયાટિક સિદ્ધાંતોને મજબૂત બનાવવા અને સૃષ્ટિનું અંતિમ સત્ તત્ત્વ એક જ છે તેમજ સંસારમાં જે પરિવર્તન જણાય છે તે અસત્ ભ્રમણા જ છે તેમ જણાવ્યું.

આ રીતે જ્યારે હેરકિલટસે સંસારમાં હરક્ષણે થતા પરિવર્તન ઉપરજ ભાર મૂક્યો ત્યારે પાર્મેનિડીસે પરિવર્તનને માત્ર આભાસ-પૂર્ણ જ જણાવી તે ફક્ત "ભ્રમણા" જ છે તેમ સાબિત કરવા પ્રયાસ કર્યો. તે સંજોગોમાં જે નવી ચિંતનધારા શરૂ થઈ તેના અગ્રેસર એમ્પીડોકલીસ હતા.

●

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# એમ્પીડોક્લીસ

## (Empedocles - ૦ ઈ.પૂ. ૪૯૨-૪૩૫ (૪૯૫-૪૩૫)

### તેમનું વ્યક્તિત્વ :

પાયથાગોરસ પછીના આ એક બીજા ગ્રીક તત્ત્વચિંતક છે જે ભારતીય અને ખાસ કરીને જૈન તત્ત્વજ્ઞાનની તદ્દન નજીક આવી ગયા. આપણે જોઈશું કે જૈન તત્ત્વજ્ઞાનીઓના જીવ-અજીવ, પાપ-પુણ્ય, પુનર્જન્મ-મોક્ષ, ઉપ-સર્પિણી અને અવ-સર્પિણીના કાલ વિભાગો, લેશ્યા દ્વૈતવાદ વગેરે ઘણા જૈન સિદ્ધાંતોમાં જાણ્યે કે અજાણ્યે તેઓ જૈન તત્ત્વજ્ઞાન તથા પાયથોગોરીઅન સિદ્ધાંતોની તદ્દન નજીક આવી ગયા.

તેઓ ભૂમધ્ય સમુદ્રમાં ઈટાલીની દક્ષિણે આવેલ સિસિલી ટાપુના દક્ષિણ કિનારે આવેલ શહેર "એક્રાગસ"ના વતની હતા. તેઓ એક સમૃદ્ધ પરિવારના સભ્ય હતા અને એક પ્રખ્યાત ડૉક્ટર, વૈજ્ઞાનિક, આદર્શ રાજકારણી, કવિ એન્જિનિયર અને તત્ત્વવેત્તા હતા. પોતે ઈશ્વરત્વ પ્રાપ્ત કરેલ છે તેવો તેમનો દાવો હતો. સામાન્ય જન-સમૂહ ઉપર તેમનો અજબનો કાબુ હતો અને એવી માન્યતા હતી કે તેઓ પવન તથા વરસાદને પણ કાબુમાં રાખી શકે છે અને એક મહિલા જે વીસ દિવસ સુધી મૃત્યુ પામેલ અવસ્થામાં હોવાનું મનાય છે તેને તેમણે જીવતી કરેલ તેવી માન્યતા છે. આથી તેઓ એક ચમત્કારી પુરુષ છે તેવી માન્યતા લોકો ધરાવતા હતા. અને આવા એક ચમત્કાર રૂપે તેઓએ સદેહે માઉન્ટ એટનાના જવાલામુખીમાં પ્રવેશ કરી દેહ વિલય કર્યો તેવી લોકમાન્યતા છે. મેથ્યુ આર્નોલ્ડ નામના વિશ્વવિખ્યાત અંગ્રેજ કવિએ આ બાબત એક કવિતા પણ લખી છે. પરંતુ બીજી માન્યતા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એવી છે કે "પેલોપોનીસ" કે જ્યાં તેઓ વિસ્થાપિત થયા હતા ત્યાં તેમનું મૃત્યુ થયું હતું. તેમના શહેર એક્રાગસનો એકચક્રી રાજા થેરોન કરીને હતો તેના દીકરાના હાથમાંથી એકચક્રી સત્તા દૂર કરીને લોકશાહીની સ્થાપના કરવામાં એમ્પીડોકલીસે સારો ભાગ ભજવેલ. તેમજ તેના શહેરની નજીકના શહેર "સીલીનસ"માં પ્લેગ આવવાથી ત્યાંના પાણીની તેમણે બાજુની બે નદીઓનું પાણી વહેવડાવીને શુદ્ધ કરેલ તે બધી હકીકતો ઉપરથી જણાય છે કે તેઓ પાયથાગોરસની માફક એક બહુવિધ પ્રતિભા ધરાવતા મહાપુરુષ હતા.

## એમ્પીડોકલીસનું દ્વૈત અને જૈન સિદ્ધાંત :

સૈદ્ધાંતિક ભૂમિકામાં એમ્પીડોકલીસ પાર્મેનિડીસ સાથે સહમત હતા કે જે "નથી" તેમાંથી કોઈપણ વસ્તુની ઉત્પત્તિ થઈ શકે નહિ, અને જે "છે" તેનો નાશ નથી તેમજ શૂન્યાવકાશ પણ નથી કેમ કે જે "સત્" છે તેજ "છે" અને તે સર્વવ્યાપી છે. પરંતુ જે "અસત્" છે - "ઇન્દ્રિય-ગમ્ય" છે અને પરિવર્તનશીલ છે તે પાર્મેનિડીસ માને છે તેમ "આભાસ માત્ર" કે "ભ્રામક" નથી, પરંતુ તે પણ ચાર મૂળ તત્ત્વો - પૃથ્વી, પાણી, હવા અને અગ્નિના જુદા જુદા પર્યાયો છે અને "સત્ તત્ત્વ"થી ભિન્ન છે. તેમના શબ્દોમાં :-

"These (Four roots) exist in themselves but running through one another they take on different appearances. To such an extent does the mingling interchange them". અર્થાત્ : "આ ચાર મૂળ તત્ત્વો તેની સ્વતંત્ર હસ્તિ ધરાવે છે પરંતુ તેઓ એક બીજામાં ભળીને વિવિધ પ્રકારના સ્વરૂપો ધારણ કરે છે." આ કેવી રીતે બને છે તેનો દાખલો આપી સમજાવે છે કે ઉપર જણાવેલ સૃષ્ટિના ચાર મૂળભૂત

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વો રંગના ચાર મૂળભૂત કલરની પેઠે કામ કરે છે. જેવી રીતે આ રંગ એક બીજામાં ભળીને વિવિધ પ્રકારના અનેક ચિત્રો બનાવે છે, તેજ રીતે સૃષ્ટિના ઉપર જણાવેલ ચાર મૂળભૂત તત્ત્વો ભૌતિક વૈવિધ્ય ઉત્પન્ન કરે છે.

એમ્પીડોકલીસનો આ સિદ્ધાંત ભારતીય તત્ત્વજ્ઞાન અને ખાસ કરીને જૈન તત્ત્વજ્ઞાન "જીવ" "અજીવ"ના સિદ્ધાંતને અતિ મળતો આવે છે. જૈન તત્ત્વજ્ઞોના મતાનુસાર આ સમસ્ત વિશ્વ જીવ—અજીવના બે ભાગમાં વહેંચાયેલ છે. સારો સંસાર "જીવ" તત્ત્વથી વ્યાપક છે કારણ કે હવા-પાણી પૃથ્વીમાં પણ જીવ તત્ત્વ છે - જૈનો એમ પણ માને છે કે જે અજીવ તત્ત્વ છે તે પણ અનાદિ છે અને જીવ તત્ત્વથી સ્વતંત્ર છે, તેમજ સંસારમાં જે વૈવિધ્ય જણાય છે તેમાં અજીવનો પણ હિસ્સો છે. પરંતુ આ બાબતમાં જૈન માન્યતા વિશેષમાં એવી છે કે આ વૈવિધ્યમાં "જીવ" તત્ત્વનો પણ હિસ્સો છે કેમકે તે અજીવની સાથે મળીને તેને ચેતનવંતુ બનાવે છે. આ છેલ્લી માન્યતા એમ્પીડોકલીસની છે તેવું સ્પષ્ટ થતું નથી છતાં એમ્પીડોકલીસ પુનર્જન્મના સિદ્ધાંતમાં પાયથાગોરસની પેઠે જ માને છે જે માન્યતામાં જીવ-અજીવનો સંયોગ ગર્ભિત રીતે નિહિત છે.

એમ્પીડોકલીસની ચાર મૂળભૂત પદાર્થોની માન્યતા "પંચમહાભૂતો" અંગેની ભારતીય માન્યતા જેવી જ છે. જેને એમ્પીડોકલીસ ચાર મૂળભૂત તત્ત્વો કહે છે અને હિંદુઓ પંચ મહાભૂત જે તત્ત્વોને ગણે છે તે પણ જૈન માન્યતા મુજબ જીવ-અજીવનો સંયોગ માત્ર છે કારણ કે જૈનો પૃથ્વી, પાણી અગ્નિ અને હવામાં પણ જીવની હસ્તી જુવે છે.

અજીવ તત્ત્વો તેના અંતરગત મૂળ સ્વરૂપે નાશવંત નહિ પરંતુ પર્યાયે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જુદા સ્વરૂપ જીવ તત્ત્વનો સાથ લઈને ધારણ કરે છે; જેવી રીતે પાણી, બરફ અને વરાળ તેના અંતર્ગત તત્ત્વ $H_2O$ને કાયમ રાખી જુદાં જુદાં સ્વરૂપો ધારણ કરે છે.

**તેમનો પુનર્જન્મનો સિદ્ધાંત :**

આ રીતે જુદાં જુદાં સ્વરૂપો ધારણ થવા પાછળનાં કારણોમાં જૈન તત્ત્વજ્ઞો તેમજ બીજા તમામ ભારતીય તત્ત્વજ્ઞો "પાપ-પુણ્ય"નો સિદ્ધાંત આગળ કરે છે. એમ્પીડોકલીસ આ "પાપ-પુણ્ય"નાં તત્ત્વોને "Strife" કલહ અને "Love" (પ્રેમ) નું નામ આપે છે અને કહે છે કે કલહનું તત્ત્વ વસ્તુને જુદા પાડવાનું કામ કરે છે જ્યારે "પ્રેમ"નું તત્ત્વ જોડવાનું કામ કરે છે આથી કલહ અને પ્રેમના જુદા જુદા તેમજ વિશિષ્ટ પ્રકારના આવિર્ભાવથી જગતમાં વૈવિધ્ય ઉત્પન્ન થાય છે તેમના મત પ્રમાણે આ "પ્રેમ" અને "કલહ"નાં તત્ત્વો પૃથ્વી, પાણી, હવા અને અગ્નિના વિવિધ સંમિશ્રણોથી વસ્તુની વ્યક્તિગતતાને અનુસરીને થાય છે અને તેથી દરેક વસ્તુનો આવો વ્યક્તિગત પર્યાય "સત્" તત્ત્વથી સ્વતંત્ર હસ્તી ધરાવે છે.

આ અંગે એમ્પીડોકલીસે બે કાવ્યો લખેલ છે તેનાં નામો "About Nature" અને "Purifications" ("કુદરત અંગે" અને "શુદ્ધતા અંગે") છે. તેમાંના "Purifications" વાળા કાવ્યમાં પુનર્જન્મના ચક્રવામાં "આત્માં" કેવી રીતે ફરે છે તે દર્શાવવા એક સૂત્ર (Fragment) માં તે નીચે મુજબ જણાવે છે.

"There is an oraele of necessity-----------that whensoever all of the damons, whose portion is length of days, has sinfully stained his hands with blood or followed strife and sworn false

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

oath, he must wander thrice ten thousand seasons away from the Blessed beeig born throughout the time in all manner of mortal forms, passnig from one to another of the painful paths of life."

"Of these now I am also one, an exile from God and a wanderer having put my trust in ranging strife" અર્થાત :

*"એક જરૂરની દેવવાણી છે.*

*જ્યારે જ્યારે રાક્ષસવૃત્તિથી વ્યકિતની દિન-ચર્યામાં તેના હાથ લોહીથી ખરડાય છે અગર તે કલહમાં કે જૂઠા સોગન લેવાના પાપમાં પડે છે ત્યારે તે સિદ્ધ-સ્થિતિથી ત્રીસ હજાર ઋતુઓ દૂર હોય છે અને તે બધો સમય જીવનના દુ:ખમય રસ્તાઓ ઉપર જુદા જુદા સ્વરૂપે ચકાવો લીધા કરે છે .*

*હું પણ આવી વ્યક્તિઓ માંહેનો એક છું કારણ કે સતત ચાલતા કલહમાં મેં પણ વિશ્વાસ મૂકેલ છે અને તેથી ઈશ્વરથી વિસ્થાપિત થઈને ભટક્યા કરું છું."*

એમ્પડોકલીસના આ તત્ત્વજ્ઞાનને વિદ્વાન લેખક શ્રી -કોર્નફોર્ડ નીચે મુજબ સમજાવે છે: "This fall (of soul) is a penalty for sin of flesh eating or oath breaking. Caught in the wheel of time, the soul ,preserving its individual identity, passes through all shapes of life. This implies that man's soul is not "human"-Human life is only one of the shades it passes through. Its substance is divine and immutable, and it is the same substance as all other soul in the world.In this sense the unity of life is maintained; but on the other hand, each soul is an atomic individual which persists through its ten thousand years' cycle of reincarnations .The soul travels the round of four elements. For I have been,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ere now, a boy and a girl a bush (earth) a bird (air) and a dumb fish in the sea (Frag-117). These four elements compose the bodies which it successively inhabits.અર્થાત : (આત્માનું) પતન - તે માંસાહાર અગર પ્રતિજ્ઞા-ભંગ જેવા પાપની સજા છે. સંસારના સમયના ચક્રાવામાં પડેલ આત્મા પોતાનું વ્યક્તિત્ત્વ જાળવતો થકો જુદી જુદી જીવ-યોનિમાં પસાર થાય છે. આનો અર્થ એ થયો કે આત્મા ફક્ત મનુષ્ય યોનીમાં જ નથી અને મનુષ્ય યોનિ તો જુદી જુદી યોનિઓનું એક સ્વરૂપ છે (જેમાંથી આત્મા-જીવ-પસાર થાય છે.) એ આત્માનું ખરું સ્વરૂપ દૈવી છે અને જગતના તમામ જીવોમાં એક સરખું બીરાજમાન છે. આ રીતે જીવોની એકાત્મતા જળવાઈ રહે છે અને તેમ છતાં દરેક આત્મા તેનું આગવું વ્યક્તિત્વ જાળવીને હજારો વર્ષો સુધી જન્મ-મરણના ચક્રાવવામાં ફર્યા કરે છે. આ જન્મ પહેલાં હું છોકરો હતો અને છોકરી પણ હતો, વનસ્પતિ રૂપે હતો તેમ જ પક્ષીરૂપે પણ હતો અગર તો સમુદ્રમાં મૂંગી માછલી સ્વરૂપે પણ હતો (સૂત્ર ૧૧૭). ઉપર જણાવેલ સૃષ્ટિના ચાર મૂળભૂત તત્ત્વોથી આ તમામ શરીરો બંધાયેલ હતાં.''

જૈન-બૌદ્ધ કે વેદકીય - કોઈ પણ પ્રકારના ભારતીય તત્ત્વજ્ઞાનનું તદ્દન પ્રાથમિક જ્ઞાન ધરાવતી વ્યક્તિને પણ પ્રતીતિ થશે કે ઉપરના વિધાનો સંપૂર્ણ રીતે ભારતીય તત્ત્વજ્ઞાનના જ છે અને એમ્પોડોકલીસ જાણતા કે અજાણતા સંપૂર્ણ રીતે જૈન દ્વૈતવાદના સમર્થક છે. તેઓએ તેમની પ્રેરણા તેમના પૂર્વગામી જૈન તત્ત્વજ્ઞો પાસેથી લીધી છે કે સ્વતંત્ર ચિંતન દ્વારા મેળવી છે તે પ્રશ્ન તદ્દન ગૌણ અને અપ્રસ્તુત છે. જાણવા યોગ્ય હકીકત તો એ છે કે મૌલિક ચિંતનની દિશામાં હજારો માઈલ દૂર રહેવાવાળા ચિંતકો પણ સત્યની ઓળખાણ અને નિરૂપણ એક રીતે જ કરે છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશ્વના કાલ વિભાગો અને લેશ્યાના સિદ્ધાંતો :**

વિશ્વના કાલ વિભાગો અને લેશ્યા બાબત જૈન તત્ત્વજ્ઞોએ જે વિચારો રજુ કર્યા છે. તેની તદ્દન નજીકના વિચારો એમ્પીડોકલીસે પણ કર્યા છે. કાલના ચાર વિભાગો તેમણે કર્યા. એક વિભાગ એમા એ છે કે જેમા " પ્રેમ " (Love). સંપૂર્ણ પ્રભુત્વ ભોગવે છે. અને "કલહ" (Strife).ને કોઈ સ્થાન નથી. આ વિભાગમાં ગતિ-હીનતા છે, બધું શાંત છે. આ પ્રથમ વિભાગ (Stage One) છે. બીજા વિભાગ (Stage Two) માં "કલહ" નો પ્રવેશ થવા લાગે છે જેથી વિરોધાભાસિતત્વો ના પરિણામે કાળમાં ગતિનો પ્રવેશ શરૂ થાય છે. ત્રીજા વિભાગમાં 'કલહ'નું પ્રભુત્ત્વ જામે છે. અને ચોથા વિભાગમાં પુનઃ "પ્રેમ"નો પ્રવેશ થવા લાગે છે -આ રીતે વૈશ્વિક ક્રમ ચાલ્યા કરે છે. "લેશ્યા"નો જૈન સિદ્ધાંત જીવંત વસ્તુના ગુણદોષ મુજબ તેની આસપાસનો કુદરતી "ઓરા" ઉત્પન્ન થાય છે તે બાબત છે . એમ્પીડોલીસની Theory of Pereeption (લાગણી પ્રવાહ નો સિદ્ધાંત ) કાંઈક આ પ્રકારે છે. તેના કહેવા મુજબ દરેક વસ્તુ તેના અંતર્ગત સ્વભાવનો પ્રવાહ તેની આસપાસ રેલાવતી હોય છે અને તેની અસર તેના સંસર્ગમાં આવતા બીજા પદાર્થ ઉપર પણ પડતી હોય છે. તેના દ્રષ્ટાંત રૂપે તે જણાવે છે કે જંગલમાં જે વનસ્પતિ પાસે થઈને પ્રાણી પ્રસાર થાય તે વનસ્પતિ ઉપર પોતાની ગંધ છોડી દે છે અને તે ગંધના આધારે શિકારી જનાવર તે પ્રાણીને પકડી પાડે છે.

**વૈજ્ઞાનિક ક્ષેત્રે તેમનું પ્રદાન :**

એમ્પીડોકલીસે વૈજ્ઞાનિક ક્ષેત્રે પણ પ્રદાન કરેલ છે. તેમણે સાબિત કર્યુ. કે હવા સ્વતંત્ર પદાર્થ છે અને તેથી કોઈ પણ ખાલી પાત્રને પાણીમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંધુ વાળો તો તેની અંદરની હવા પાણીને અંદર પ્રવેશ કરવા દેશે નહિ. તેમણે સેન્ટ્રીફયુગલ ફોર્સ ની સાબિતી કરી બાતાવી કે પાણી ભરેલ પ્યાલો એક છેડેથી જોરથી ગોળ ગોળ ફેરવો તો અંદરનું પાણી બહાર પડશે નહિ.

તેમણે આગળ વધીને સાબિત કર્યું કે વનસ્પતિના જીવોમાં પણ જાતીય આકર્ષણ હોય છે

ચંદ્રમાનો પ્રકાશ પોતાનો સ્વતઃ નથી પરંતુ પરાવર્તિત છે અને પ્રકાશને આવી પહોંચતા સમય લાગે છે તેવું પણ તેમણે બતાવ્યું. ઈટાલીઅન વૈદકશાસ્ત્રના તેઓ પુરસ્કર્તા હતા.

આ રીતે બહુવિધ પ્રતિભા ધરાવતું તેમનું વ્યક્તિત્વ હતું.

•

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# એનેક્ઝેગોરસ Anaxagora જ. ઈ.સ. પૂ. ૫૦૦-૪૨૮

**તેમનુ વ્યક્તિત્વ :**

એશિયા માઈનોરના આયોનિયા પ્રદેશોમાં આવેલ શહેર "કલેઝોમેના" (Clazomenae) માં તેમનો જન્મ થએલ પરંતુ તે સમયના એથેન્સમાં પોતાનું વર્ચસ્વ ધરાવતા પેરિકલીસના આમંત્રણથી તેઓ એથેન્સમાં રહેવા ગયા અને ત્યાંના બુદ્ધિજીરી વર્ગમાં તેમણે ત્રીસેક વર્ષ ગાળ્યાં તે સમયે તેઓની યુવાન વય હતી અને એક પ્રખ્યાત વૈજ્ઞાનિક તેમજ- દાર્શનિક તરીકે તેમની ખ્યાતિ થઈ હતી.

તેમણે પ્રથમ વખત જણાવ્યું કે આકાશી ગ્રહો પથ્થરના બનેલા છે પંરતુ આકાશમાં પથ્થર કેવી રીતે હોય ? તેવી માન્યતાથી લોકો તેમને હસી કાઢતા હતા.પરંતુ ઈ.પૂ.૪૬૭ માં સિસિલી ટાપુમાં એક મોટો ઉલ્કાપાત થયો ત્યારે તેમના મંતવ્યને સમર્થન મલ્યું અને એક વૈજ્ઞાનિક તરીકેની તેમની ખ્યાતિ વધી.

તેઓ એક મોટો વારસો છોડીને એથેન્સમાં આવેલ પરંતુ તેમને આશ્રય આપનાર પેરિકલીસની વૃદ્ધાવસ્થામાં પેરિકલીસના વિરોધીઓએ પેરિકલસના મિત્રોને હેરાન કરવાનું શરૂ કર્યું. તેનો ભોગ અનેકઝેગોરસ પણ થઈ પડયા. એનેકઝેગોરસ કહેતા કે સૂર્ય એક લાલ ધગધગતો મોટો પત્થર છે અને ચંદ્ર પૃથ્વીમાંથી બનેલો છે.આ જાતનું કથન તે સમયના એથેન્સવાસીઓની ધાર્મિક માન્યતાથી વિરૂદ્ધનું હતું કારણકે તે લોકો આકાશી પદાર્થને દૈવી માનતા હતા.આથી એનેકઝેગોરસ સામે કામ ચાલ્યું જેને પરિણામે એમને એથેન્સ છોડવું પડયું. એથેન્સ છોડીને તેઓ પોતાના મૂળવતન એશિઆ માઈનોરમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા અને ત્યાં આગળ "લેમ્પ્સેકસ" શહેરમાં સ્થાયી થયા અને અતિ સન્માનપૂર્વક મૃત્યુ સુધી રહ્યા . તેમની છેલ્લી ઈચ્છા મુજબ તેની યાદદાસ્તરૂપે શાળામાં બાળકોને એક દિવસની છૂટી આપવાનું શહેરના નાગરિકોએ ઠરાવ્યું.

તેઓ એમ્પીડોકલીસના વિચારોથી સારી રીતે પ્રભાવિત થએલ અને તેમના તત્ત્વજ્ઞાનનો પાયો ભારતના કપીલ મુનિ પ્રણિત સાંખ્યદર્શનને અત્યંત મળતો હતો .તેમનું જીવન આત્મદર્શી હતું તેમને કોઈએ પૂછ્યું "તમને તમારા દેશની કાંઈ પડી નથી ?" તેમણે આકાશ તરફ આંગળી ચીંધીને જવાબ આપ્યો "મારા આ દેશ માટે મને બહુ ખ્યાલ છે" તેઓ પોતાની જાતને સારાએ વિશ્વના નાગરિક સમજતા.

**તેમનો બહુતત્ત્વવાદ :**

તેઓની વિચાર-સરણી બહુતત્ત્વવાદી હતી. એમ્પીડોકલીસના મત મુજબ સારીએ પૃથ્વી ફકત ચાર તત્વો પૃથ્વી, પાણી, હવા અને અગ્નિની જ બનેલ છે પંરતુ એનેકઝેગોરસની માન્યતા એવી હતી કે સૃષ્ટિ અનેક તત્ત્વોની બનેલ છે અને દરેક તત્ત્વ ગમે તેટલો સૂક્ષ્મ હોય તોપણ બીજા તમામ તત્ત્વોના ગુણોને ધારણ કરે છે પરંતુ જે ગુણ તેમાં પ્રાધાન્ય ધરાવે છે તે જ બાહ્ય નજરે જણાય છે. અને તે રીતે તે તત્ત્વ ઓળખાય છે. તેમના આ સિદ્ધાંતને હોમીઓમેરીટી (homoeo-mereity)નો સિદ્ધાંત કહે છે. દુન્યવી વ્યવહારમાં આ સિદ્ધાંતની અગત્ય ઘણી છે કારણકે તે એ વાતનો સ્વીકાર કરે છે કે દરેક વ્યક્તિમાં સદ્ગુણો અને દુર્ગુણોનો વાસ હોય છે તેથી દરેકમાં સદ્ગુણોને બહાર લાવવા પ્રયત્ન કરીએ તો ઘણી સામાજિક સમસ્યાઓ હલ થઈ શકે. તેમના મંતવ્ય મુજબ સૃષ્ટિના તમામ પદાર્થો સ્વતંત્ર રૂપે મૂળભૂત છે એટલે કે કોઈ બીજા પદાર્થમાંથી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થયા નથી.તેમના આ સિદ્ધાંતને "Doctrine of Seeds" કહેવાય છે (બીજનો સિદ્ધાંત) જે સાંખ્યદર્શન ના " પ્રકૃતિ " ના સિદ્ધાંતને અનુરૂપ છે. "Doctrine of Seeds" (બીજનો સિદ્ધાંત) પોતાના તત્ત્વજ્ઞાનમાં દાખલ કરીને તેમણે એક નવા રૂપકનો ખ્યાલ આપ્યો છે.એક બીજમાંથી મોટું ઝાડ ઉત્પન્ન થાય છે.પરંતુ વસ્તુતઃ તે ઝાડના તમામ ભાગો "બીજ" માં જે તત્ત્વો રહેલ છે તે જ તત્ત્વોને ધારણ કરે છે.આજ રીતે આ સૃષ્ટિના તમામ પદાર્થો આ પૃથ્વીમાં જે કાંઈ તત્ત્વો છે તેને ઓછા વધતા પ્રમાણમાં ધારણ કરે છે.

તેમને બીજો સિદ્ધાંત "mind" અગર "Nous" "મન" અગર " બુદ્ધિ" અંગેનો છે. તે કહે છે કે જુદા જુદા પદાર્થના "બીજો" જે ગતિ કરે છે તે ગતિ આપનાર વસ્તુ "મન" અગર "બુદ્ધિ" છે જે ચૈતન્યમય અને પ્રેરક છે અને તેની પ્રેરણાથી જે ગતિ પદાર્થ-બીજમાં આવે છે તેથી સૃષ્ટિમાં સમતુલા ઉત્પન્ન થાય છે.આ "મન"ની સત્તા દરેક પદાર્થ ઉપર ચાલે છે,તે શાશ્વત છે અને પદાર્થને ગતિ આપવા છતાં પદાર્થથી લેપાતું નથી.અને શુધ્ધ ચૈતન્યમય સ્થિતિમાં જ રહે છે.આ રીતે એનેકઝેગોરસ "mind" અગર "Nous" ને સાંખ્યોના "પુરુષ" ને સ્થાને મૂકે છે અને તે પ્રકૃતિનો ગુણોમાં થતા ફેરફારોથી અલિપ્ત રહીને "કુટસ્થ" સ્થિતિમાં રહે છે તેવું પ્રતિપાદન કરે છે.

એનેકઝેગોરસે "Nature of This world"નામનું પુસ્તક લખેલ છે તેમાં તેમના સિદ્ધાંતોને નીચે મુજબ સમજાવે છે:- Other things share in a portion of all things ,but Mind is boundless and rules itselt and is mingled with no other thing , but remains apart by itself. For if it were not apart but had been mixed with any other thing, it would have shared in everything if it had been mixed

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

with everything. For ,as I have said above, there is a portion of everything in everything. And if other things had been mixed with Mind they would have prevented it from exercising the rule whieh it does when apart by it self. For Mind is the slenderest and purest of all things. Mind is the ruling forec in all thing that have life whether greater or smaller.(Quoted at p.67 in Luce's Book on Introduction to Greek Philosophy) અર્થાત:- જગતના બીજા પદાર્થો એક બીજાનાં તત્ત્વો ધારણ કરે છે પરંતુ "મન" તેમનાથી અલિપ્ત રહે છે કેમ કે તે અસીમ અને સ્વતંત્ર છે. જો તેમ ન હોત અને બીજા પદાર્થો સાથે ભળતું હોત તો જે તે પદાર્થના ગુણો ધરાવતું હોત, અને તે સંજોગોમાં મન બીજા પદાર્થો ઉપર પ્રાધાન્ય ધરાવે છે તેને બીજા પદાર્થો અટકાવી શકત. પરંતુ મન દરેક વસ્તુઓમાં વધુમાં વધુ સુક્ષ્મ અને શુદ્ધ છે અને જે કાંઈ જીવંત વસ્તુ છે તેને ચેતનવંતુ બનાવવાનું કામ "મન" જ કરે છે."

જે બર્નેટ આ સિદ્ધાંતોને નીચે મુજબ સમજાવે છે.

"પહેલી વાત તો એ છે કે "Nous"-"મન" કોઈ સાથે ભળતું નથી અને બીજી વસ્તુઓની પેઠે એક બીજાનાં તત્ત્વો ધરાવતું નથી. "મન" કોઈ સ્થૂળ વસ્તુ નથી તેથી બીજી વસ્તુઓની પેઠે તે ઠંડું કે ગરમ થશે-તેમ કોઈ માનશે નહીં. તે કોઈની સાથે ભળતું નથી તેનું પરિણામ એ છે કે તે બધી વસ્તુઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે અને એનેકઝેગોરસના શબ્દોમાં કહીએ તો તે તમામ વસ્તુઓને ગતિશીલતા અર્પે છે" આ રીતે એનેકઝેગોરસ "મન" એટલે બુદ્ધિ તત્ત્વની સર્વોપરિતા સ્થાપિત કરીને "આધિભૌતિક " તો નહીં પરંતુ "અભૌતિક" તત્ત્વનો સ્વીકાર કરે છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે એનેકઝેગોરસના મંતવ્ય મુજબ વિશ્વમાં જે કાંઈ ગતિશીલતા છે તે ગતિશીલતાનું પ્રદાન "મન" કરે છે

એનેકઝેગોરસ સ્પષ્ટતાથી કહે છે કે આ સૃષ્ટિના સર્જન અને વિનાશ બાબત ગ્રીક લોકોની માન્યતા બરાબર નથી કેમકે સૃષ્ટિમાં કોઈએ કશું બનાવ્યું નથી કે કોઈ કશાનો નાશ કરતું નથી. વસ્તુઓનું સર્જન અને નાશ જુદા જુદા તત્વોમા સંયોજન તથા વિસર્જનથી આપોઆપ થાય છે.

મુનિ શ્રી કપીલના સાંખ્ય દર્શન અને એનેકઝેગોરસના મંતવ્યો વચ્ચે શું ફરક છે?

●

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## લ્યુસીપસ (Leucippus) ઇ.પૂ.૪૪૦ અને ડિમોક્રીટસ (Democritus) ઈ.પૂ.૪૬૦-૩૭૦.

**પરમાણુવાદ :**

સૃષ્ટિના મૂળતત્ત્વની ભૌતિક શોધની પ્રક્રિયા જે માયલેશિયન વિચાર-ધારાથી શરૂ થઈ તેની પારાકાષ્ટા ઈ. પૂર્વેની પાંચમી સદીમાં પરમાણુવાદમાં થઈ. તેમણે કહ્યું કે સમસ્ત વિશ્વની રચના તથા સંચાલન વિવિધ પ્રકારના પરમાણુઓથી અને તેમની ગતિશીલતાથી થાય છે. આ વિચાર-ધારાના આદ્ય-સ્થાપક લ્યુસીપસ હતા અને તેના પ્રખર પ્રણેતા તેમના શિષ્ય ડિમોક્રીટસ હતા. લ્યુસીપસ મીલીટસના રહીશ હતા જ્યાંથી માયલેશિયન વિચાર-ધારા શરૂ થઈ. તેમના ઉપર પાર્મેનિડીસ અને ઝેનોના વિચારોની અસર હતી પરંતુ તેમના વિશેની માહિતીનો એટલો બધો અભાવ છે કે તેઓની હસ્તી બાબત પણ એપીક્યુરસ નામના તત્ત્વજ્ઞ એ શંકા ઉઠાવેલ - જોકે એપીકયુરસ ડિમોક્રીટસના જ શિષ્ય હતા. પરંતુ આ શંકાને વિદ્વાનોએ કંઈ મહત્તા આપેલ નથી. લ્યુસીપસના ઘણા લખાણો તેમના શિષ્ય ડિમોક્રીટ્સને ફાળે ગયા છે. આથી પરમાણુવાદની ચર્ચા કરતી વખતે વિદ્વાનો લ્યુસીપસ અને ડિમોક્રીટસને સાથે જ રાખે છે.

ડિમોક્રીટસ થ્રેસમાં આવેલ અબ્ડેરા શહેરના વતની હતા. તેમના જમાનાના એક અતિપ્રભાવશાળી વ્યક્તિ હતા અને પરમાણુવાદી વિચારધારાના અગ્રણી ગણાય છે. તેમની જ્ઞાન પિયાસા એટલી ઉત્કટ હતી કે તેમના એક સૂત્ર (ફ્રેગમેન્ટ)માં તેઓ જણાવે છે કે "ઈરાનના સામ્રાજ્ય ઉપર રાજ કરવા કરતાં કોઈ નવા તત્ત્વચિંતનને શોધવાનું હું વધુ પસંદ કરું." વધુ જાણવાની તેમની ઉત્કટતાને પરિણામે તેમણે બીજા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દેશોની મુલાકાતો લીધી અને ભારત, ઈજિપ્ત, ઈરાન, ઈથોપીઆ બાબિલોન વગેરે પ્રદેશોનો પ્રવાસ ખેડી ત્યાંના જ્ઞાનના વિષયોની માહિતગારી મેળવેલ હતી.

તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે વિશ્વની તમામ વસ્તુઓ જુદા જુદા પ્રકારના પરમાણુઓથી જ ભરેલ છે. આ પરમાણુઓનું વિભાજન શકય નથી અને તેમની "વચ્ચે" શૂન્યાવકાશ હોવાથી તેમને ગતિ લેવાની સુવિધા થાય છે. આ અણુઓ પ્રથમથી જ ગતિશીલ હોય છે અને તેમની સતત ગતિશીલતાને પરિણામે અનેક પ્રકારનું વૈવિધ્ય વિશ્વમાં રચાય છે. આ અણુઓ સંખ્યામાં તેમજ આકારમાં અગણિત પ્રકારના હોય છે.

આ અણુઓના "અંદર" કોઈ શૂન્યાવકાશ હોતો નથી અને આથી તેનું વિભાજન શકય નથી. આપણે જુદા જુદા પદાર્થોનું વિભાજન કરી શકીએ છીએ તેનું કારણ એ છે કે તે પદાર્થોના અણુઓની "વચ્ચે" અવકાશ (જગ્યા) હોય છે પરંતુ આવી કોઈ જગ્યા અણુની "અંદર" હોતી નથી તેથી તેનું વિભાજન શકય નથી.

અણુઓની આસપાસ ખાલી જગ્યાનો ઉપયોગ તેની ગતિશીલતાને સરળ બનાવવા માટે છે. આ ગતિને પરિણામે જુદાજુદા અણુઓ એકબીજાના સંઘર્ષમાં આવે છે કોઈ વખત તેમનું સંયોજન પણ થાય છે જ્યારે તે નવું સ્વરૂપ પકડે છે અને જ્યારે સંઘર્ષમાં આવે છે ત્યારે પણ નવું સ્વરૂપ પકડે છે અને આ પ્રમાણે વિશ્વમાં ભૌતિક વૈવિધ્ય નજરે પડે છે. પરિણામે ઘણી સૃષ્ટિઓ ઉત્પન્ન થાય છે, કોઈનું વિસર્જન થાય છે જ્યારે કોઈ વિસર્જનની પ્રક્રિયામાં પડે છે.

ડિમોક્રીટીસના મત મુજબ આત્મા, મન, વિચારો તે તમામ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અણુઓના જ બનેલ છે અને અણુઓની ગતિશીલતા તેમજ પ્રક્રિયા મુજબ તેઓ કામ કરે છે. આ બધી પ્રક્રિયા કોઈ "હેતુ" પૂર્વક થતી નથી કેમકે તે તદ્દન યાંત્રિક (mechanical) છે. આથી ચાલુ ધાર્મિક માન્યતાઓનો તેઓ સ્વીકાર કરતા નથી તેમજ એનેકઝેગોરસના "નોઓસ" (Nous) "મન"ના સિદ્ધાંતમાં પણ માનતા નથી. આ રીતે અણુવાદીઓ અણુ વિજ્ઞાનમાં તત્વાર્થ (nuceta physics) ની દૃષ્ટિએ ભારતીય તત્ત્વજ્ઞાનની નજીક આવ્યા પરંતુ અબુઓની ગતિશીલતાનું પ્રેરકબળ શું હતું તેની શોધ કરી નહિ અને "યાંત્રિક" છે તેમ માનીને સંતોષ પામ્યા, તેનું કારણ એ જણાય છે કે તેમના મન મુજબ "આત્મા" પણ અણુઓથી બનેલ છે.

ડિમોક્રીટ્સ કહે છે કે આનંદિત જીવન જીવવું તેજ જીવનનો હેતુ છે અને તે હેતુ સિદ્ધ કરવા સાદી અને સાંસ્કૃતિક જીવન પદ્ધતિનો સ્વીકાર કરવો જોઈએ. હિંસા અને ઊર્મિશીલતા તથા જાતીય ભોગ વિલાસનો તેઓ વિરોધ કરતા. તેમના મતે ઈન્દ્રિય સુખ ક્ષણિક અને અસત્ય છે અને માણસની માનસિક શાંતિમાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે તેઓ એક સૂત્ર (ફ્રેગમેન્ટ)માં જણાવે છે કે સાદો રોટલો અને ઘાસની પથારીનું સાદું જીવન ભૂખ સંતોષવા અને થાક ઉતારવા માટેનું સારું સાધન છે. તેઓ કહેતા કે સરમુખત્યારશાહીની ગુલામી અવસ્થામાં ભૌતિક સમૃદ્ધિ મળે તે કરતાં લોકશાહી વ્યવસ્થામાં દારિદ્રય મેળવવું બહેતર છે.

આ રીતે અણુવાદી વિચાર-સરણી તદ્દન ભૌતિક અને વૈજ્ઞાનિક હતી પરંતુ તેના મૂળમાં તો વિવિધ પ્રકારના અણુઓની ગતિશીલતા હતી. આ ગતિશીલતા કેવી રીતે અને શા માટે અણુઓને પ્રાપ્ત થાય છે તેના ખુલાસામાં થતી યાંત્રિક ક્રિયા છે. "ગતિ"નો સિદ્ધાંત આ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલાંના અમુક ગ્રીક તત્ત્વજ્ઞોએ સ્વીકારેલ છે તે આપણે જોઈ ગયા. એમ્પીડોકલીસે પ્રેમ (Love) અને કલહ (Strife) ને ગતિશીલતાનું પ્રેરકબળ કહ્યું. એનેકઝેગોરસે "બીજ"ની ગતિના પ્રેરકબળ માટે "મન" અગર બુદ્ધિને જવાબદાર ગણ્યું પરંતુ અણુવાદીઓએ અણુની ગતિ સ્વયંભૂ છે તેમ માન્યું. આવી માન્યતાને પરિણામે તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે અણુઓની યાંત્રિક ગતિ ઉપર આપણો કોઈ કાબુ ન હોવાથી વિશ્વના તમામ બનાવો "અનિવાર્ય" છે. આ એક "નિયતિ"નો સિદ્ધાંત (Determinism) થયો જે મહાવીરના સમકાલીન ગોશાલકનો સિદ્ધાંત હતો. આ પ્રકારનો સિદ્ધાંત માનવ જીવન ઉપર શું અસર કરે છે અને સુખ તથા સમભાવની પ્રાપ્તિ માટે કેટલો અસર-કારક છે તેની ખોજનો તેમનો વિષય રહ્યો નહિ કારણ કે તેમનું તત્ત્વચિંતન ફક્ત ભૌતિક ભૂમિકા ઉપર જ ઊભું હતું.

મૃત્યુ અંગે અણુવાદીઓનો ખુલાસો ઘણો સાદો હતો કે આત્માના પરમાણુઓ જ્યારે શરીરથી તેમની ગતિશીલતાને લઈને અલગ પડી જાય છે ત્યારે માણસનું મૃત્યુ થાય છે. "અલગ" પડવાની આવી ગતિ શા માટે અને ક્યારે થાય છે તેવા પ્રશ્નો ઉઠાવવાનો કોઈ અવકાશ જ રહેતો નથી કારણ કે બધું તેમના કહેવા મુજબ ફક્ત યાંત્રિક જ છે તેથી આત્માના પુનર્જન્મનો પણ કોઈ પ્રશ્ન રહેતો નથી. તેમના મંતવ્ય મુજબ શરીરના અને આત્માના પરમાણુઓ જુદા જુદા પ્રકારના હોઈ શકે છે અને તેમની યાંત્રિક ગતિથી કોઈ પણ સમયે સંયોજિત થઈ શકે છે. પરંતુ અમુક પશુના આત્મામાં, અમુક પક્ષીઓના આત્મામાં અને અમુક વનસ્પતિ કે પત્થર, પાણી, અગ્નિ વગેરેમાં સંયોજિત થાય તેનું કારણ શું હશે? તે તમામ યાંત્રિક જ હોય તો વિશ્વમાં જે અન્યાય, અનાચાર, દ્વેષ, હિંસા વગેરે જે ચાલે છે અને જેનો વિરોધ અણુવાદીઓ પણ કરે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેનો કોઈ ઉપાય જ નથી, તેમ માનવું રહ્યું.

અણુવાદીઓના મત પ્રમાણે જ્ઞાનના બે પ્રકારો છે એક છે "True-born" (શુદ્ધજ્ઞાન) અને બીજું છે "Bastard" (અશુદ્ધ જ્ઞાન) પ્રથમ પ્રકારનું જ્ઞાન "બુદ્ધિ" કે "વિચાર"થી ઉત્પન્ન થાય છે જ્યારે બીજા પ્રકારનું જ્ઞાન ઇન્દ્રિયો મારફત મેળવાય છે, તેમ તેઓ કહે છે. અહીં જ્ઞાન અંગેની જૈન માન્યતાની નજીક અણુવાદીઓ આવી ગયા. જૈન માન્યતા મુજબ ચાર પ્રકારનાં જ્ઞાન હોઈ શકે છે તે – મતિ, શ્રુતિ, અવધી અને કૈવલ્ય. તેમાંના પ્રથમના બે પ્રકારના જ્ઞાન "પરોક્ષ" છે કેમ કે તે ઇન્દ્રિય મારફત મેળવાય છે જ્યારે છેલ્લા બે પ્રકારના જ્ઞાન "પ્રત્યક્ષ" છે કારણ કે ઇન્દ્રિયોની મદદ વિના આત્મા તેને પ્રાપ્ત કરે છે. "આત્મા" વિષેનો ખ્યાલ ભારતીય તત્ત્વજ્ઞોને જે રીતનો હતો તેવો ખ્યાલ ગ્રીક કે ત્યારબાદના પશ્ચિમના તત્ત્વજ્ઞોને નથી અને આત્મા, બુદ્ધિ અને મન - તે ત્રણેને ઘણે અંશે પ્રર્યાયવાચક ગણીને તેઓ વિસંવાદિતા ઉત્પન્ન કરે છે. ભારતીય તત્ત્વજ્ઞો બુદ્ધિ અને મનને પણ શરીરનો અતિ સૂક્ષ્મ પરંતુ ભૌતિક અંશ ગણે છે તેથી મન અને બુદ્ધિથી પર તેમજ સ્વતંત્ર એવી આત્મસિદ્ધિનો સ્પષ્ટ ખ્યાલ તેઓને આવી શકેલ નથી.

અણુવાદીઓ એમ પણ માનતા કે દરેક અણુને તેની આસપાસ રહેતો "પ્રભાવ ક્ષેત્ર" હોય છે (જેને જૈનો "લેશ્યા" કહે છે) તેઓ એમ માને છે આ "પ્રભાવ ક્ષેત્ર"ના કિરણો વ્યક્તિની સ્પર્શેન્દ્રિય સુધી પહોંચતાં ખંડિત કે કુંઠિત થવા પામે તે તેટલા અંશે વ્યક્તિને જે જ્ઞાન પ્રાપ્ત થાય તે અધૂરું રહે અને તેથી દરેક વ્યક્તિની જ્ઞાન દશામાં ફેરફાર જણાય છે. તેમની આ માન્યતા જૈનો અનેકાન્તવાદના સિદ્ધાંતને સારો ટેકો આપે છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉપસંહાર

વિશ્વના સર્જનમાં તથા તેના વિકાસના ક્રમમાં ગૂઢવાદ કે રહસ્યવાદને કોઈ સ્થાન જ નથી અને અધ્યાત્મને સ્પર્શવાથી વૈજ્ઞાનિક અન્વેષણને નુકસાન પહોંચશે તેવા કોઈ પૂર્વગ્રહથી પીડાતા ચિંતકો જીવનમાં ઉત્પન્ન થતી વિષમતાઓનો ઉપાય શોધવામાં બહુધા નિષ્ફળ નીવડે છે. તેવી નિષ્ફળતા ગ્રીક ચિંતકોને મળી. દરેક ચિંતનનો છેવટનો હેતુ જીવનમાં "આનંદ"ની પ્રાપ્તિ- કરવાનો હોય તો અધ્યાત્મ અને વિજ્ઞાનનું યોગ્ય સંયોજન કરવાનો પ્રયત્ન અનિવાર્ય છે. આવો પ્રયત્ન નહિ થવાને પરિણામે ભૌતિક દૃષ્ટિએ સમૃદ્ધ થતી જતી ગ્રીસની પ્રજાને જીવનમાં સંતોષ અને શાંતિ મેળવવા કોઈ નૂતન પ્રકારની વિચારસરણીની જરૂર હતી. આ જરૂર પૂરી પાડવા સોફીસ્ટોનો વર્ગ ઊભો થયો. સોફીસ્ટો કોઈ તત્ત્વજ્ઞાનીઓ હતા નહિ તેમજ તેમનો વર્ગ કોઈ એક ચોક્કસ વિચાર-સરણીનો સિદ્ધાંત લઈને આગળ આવ્યો નથી – તેઓનું કાર્ય વ્યક્તિલક્ષી હતું. આધુનિક સમાજના વકીલોના ધંધા સાથે સરખાવી શકાય તેવો તેમનો વ્યવસાય હતો. તેઓ જુદી જગ્યાઓએ ફરતા રહેતા અને ખાસ કરીને યુવાન વર્ગને ફી લઈને દલીલબાજી શીખવતા. એક જ પ્રશ્ન અંગે બન્ને બાજુ દલીલો કેવી રીતે થાય તેનું શિક્ષણ પણ આપતા. તેમાંના બે સોફીસ્ટો પ્રોટેગોરસ અને ગોર્જિયાસ મુખ્ય છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે તેમનું કોઈ પ્રદાન હતું નહિ. વ્યક્તિગત વ્યવહારના પ્રશ્નોના ઉકેલમાં તેઓ વ્યક્તિગત રસ જરૂર લેતા પરંતુ તે હાલના લખાણના સંદર્ભમાં પ્રસ્તુત નથી. સોફીસ્ટોના જમાનામાં જ સોક્રેટીસ થયા. સોક્રેટીસ, પ્લેટો અને એરીસટોટલના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વજ્ઞાનની અસર મધ્યપૂર્વના ઈસ્લામી વિચારકો ઉપર સારી રીતે થઈ પરંતુ તે સમયે આ ત્રણ મહાનુભાવો ભારતીય વિચાર સરણીથી સારી રીતે રંગાએલ હતા જ.

●

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય - અમદાવાદ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org